કિં. ₹૨૦/-
પાના નં.૧

ફેબ્રુઆરી - માર્ચ
૨૦૨૩

સળંગ અંકઃ ૯૯
વર્ષ : ૧૮

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું પારિવારીક સામાયિક

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

gnyatisetu.com

તંત્રી મંડળ : હંસરાજ કંસારા (મુખ્ય તંત્રી) • અતુલ સોની

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની
જ્ઞાતિ મંડળ અમદાવાદ

અમદાવાદ જ્ઞાતિ દ્વારા સ્કોલરશીપ પ્રોગ્રામ
વિદ્યાસેતુ
श्रेष्ठानि विद्या दानानि सर्वदा

જ્ઞાતિજનો દ્વારા • જ્ઞાતિજનો માટે
MED AID
સ્વ. કાન્તીલાલ નાગજીભાઈ બારમેડા
મેડિકલ સહાયતા ફંડ




## ગુજરાત ગૌરવ - જ્ઞાતિ ગૌરવ

### પ્રવિણાબેન મહિચા

‘ગુજરાત ગૌરવ પુરસ્કાર’ સન્માનિત

વરિષ્ઠ વડિલોત્સવ...૧૪ | જ્ઞાતિઓનાં સમાચાર...૧૫-૨૦ | કચ્છનો ઘુઘવતો દરિયો...૨૫ | ટુંકી વાર્તા...૩૧

## अनमोल ज्वेलर्स एवं रत्न केन्द्र

कौशिक के. कट्टा
जितेश (राजु) के. कट्टा

सभी राशियों के रत्नों व उपरत्न के थोक एवं चिल्हर विक्रेता



श्याम टाकिज़ रोड,
संगीत विद्यालय के सामने,
बुढ़ापारा, रायपुर-492001 छ.ग.
दूरभाष : 0771 223 5657
मो. : 94790 35657, 9827176512
Email : anmolkk9@gmail.com • www.anmolratna.net

---

દરેક જાતનાં કાંસાના મંજીરા, ઝાંઝ, જાલર તથા ઘંટ કળશ, ધ્વજદંડ, નાગ, જળાધરી બનાવનાર તથા વેચનાર



જગદીશ હરિલાલ : ૯૯૭૯૯ ૨૧૨૫૧
સંદીપ હરિલાલ : ૯૪૨૬૪ ૩૦૩૬૮

## એમ.પી. કંસારા

મચ્છી પીઠ, અંજાર - કચ્છ ૩૭૦ ૧૧૦
ફોન: ૨૪૩૪૫૯

---

## PrabhuKrupa Jewellers

BIS Approved Hallmark Gold Jewellery
Dealers & Makers of Gold and Silver Ornaments

Symbol of Trust & Beauty

5, Srimadshikhar Complex, M.P. Road, Anjar-Kutch.
02836-242347
asoni2910@gmail.com
prabhukrupajewellers
prabhukrupajewellers

Atul Soni : 97250 38140
Anil S. Soni : 98242 85210
Kirtan A. Soni : 90336 28998

---



Hitesh S. Pomal : 98791 22298
Nandish S. Pomal : 99242 19117

## M/s. Soni Ramniklal Nanalal

*Retailer of Gold and Silver Ornaments*

Foram S. Pomal : 94280 33100
Showroom : 02836 246108

## M/s. Mahalaxmi Jewellers

*Wholesale of Gold Ornaments*

Lalbahadur Shashtri Road, Anjar-Kutch-370110
Email: foramsoni2@gmail.com

---

## Ketan Enterprise

TYRE | BATTERY | ALLOY WHEEL



MRF apollo BRIDGESTONE CEAT Continental GOODYEAR JK TYRE

કેતન સી. પરમાર | ૯૮૨૫૨ ૩૪૬૫૭
ઈમેલ: ketanparmar69@gmail.com
લક્ષ્મી ચેમ્બર્સ, રવિ સિનેમા પાસે, ભુજ-કચ્છ
ફોન: ૦૨૮૩૨ ૨૨૧૪૧૬, ૨૫૩૪૧૬ | ઘર: ૦૨૮૩૨ ૨૫૦૦૫૩

---

Prdeep Kansara
939 9999 330
Sanjay Kansara
94265 21974

Bharat Petroleum — Pure for Sure

## PRADEEP AGENCIES

BHARAT PETROLEUM DEALER

Email: pradeep_kansara25@gmai.com
Petrol Site: 126, M. G. Road, Secundarabad
Diesel & LPG: 1-54/2, Madinaguda Village, Myapur
Bitumen Depot: 8-2-98 Isanpur, Opp. Raasi Ceramics, Medak

---



## કંસારા નવનીતલાલ જગજીવનદાસ

સોના ચાંદીના વહેપારી

૪૫૦/૧-૩, સાંકડી શેરીના નાકે,
માણેક ચોક, અમદાવાદ - ૦૧.
ફોન : (દુ) ૨૨૧૪૨૮૮૦, ૨૨૧૪૪૯૭૪
(ઘ) ૨૨૧૪૬૯૪૧
મો.: ૯૮૭૯૫૩૯૩૧૧

---

## V P Jewellers

## વી.પી.જ્વેલર્સ

ચાંદી - સોનાના દાગીનાના હોલસેલ વિક્રેતા

વસંતભાઈ પોમલ 98254 45364
મુકેશ સોની 98257 69258

ધોબી શેરી,
છઠીબારી રીંગ રોડ,
ભુજ-કચ્છ.૩૭૦ ૦૦૧

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૧૮ સળંગ અંક : ૯૯
ફેબ્રુઆરી - ૨૦૨૩ / માર્ચ - ૨૦૨૩

**ચેરમેન**
મનુભાઇ કોટડિયા ૯૬૦૧૨ ૭૫૦૭૮
**મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૯૫૫૮૩ ૭૬૩૬૬
**તંત્રી મંડળ**
અતુલસોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯
**સંપાદક મંડળ**
**મહિલા અને બાળ વિભાગ :**
શ્રીમતી લતાબેન સોલંકી ૯૭૨૫૩ ૨૦૪૪૪
**શિક્ષણ અને વ્યવસાય વિભાગ :**
પ્રો. રસીક મહીચ્છા ૯૪૨૮૭ ૪૮૨૪૮
**કલા અને સાહિત્ય વિભાગ :**
પો. જીનલ પરમાર ૯૯૧૩૩ ૩૯૯૦૧
**ડિઝાઇન / મુદ્રણ આયોજન**
જયેશ ઘડિયાળી ૯૦૩૩૨ ૨૭૧૭૨
**વેબસાઇટ**
ચિરાગ બુધ્ધભટ્ટી ૯૯૭૯૬ ૩૬૨૬૬
**જ્ઞાતિ પ્રમુખ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
**માનદ્ સહયોગી**
**અમદાવાદ** નીલેશભાઇ પોમલ
**ભુજ** સુરેશ બીજલાણી
સુધાબેન બુધ્ધભટ્ટી
**જુનાગઢ** ડૉ. શૈલેષ બારમેડા
**અંજાર** અનિલ એસ. સોની
**માધાપર** હિતેશ સોની
**સાબરકાંઠા** દિનેશભાઈ સોની
**નખત્રાણા** પ્રફુલભાઇ કંસારા
**આદિપુર** સુનીલ સોલંકી
**ગાંધીધામ** કિશોર સોલંકી
**માંડવી** વિનોદભાઈ હેડાઉ

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**
અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઇબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઇટ, અમદાવાદ-૧૫.
**કાર્યાલય :** ૧૫, સુપર મોલ, સી.જી. રોડ, અમદાવાદ.
ફોન : ૦૭૯-૪૮૯૭૧૩૨૨
**વેબ સાઈટ :** www.gnyatisetu.com
**ઈ-મેલ :** gnyatisetu@gmail.com

છુટક કિંમત રૂા. ૨૦/-
ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-
આજીવન (૧૫ વર્ષ) રૂા. ૧૫૦૦/-

'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત માહિતી અને રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.

## તંત્રી સ્થાનેથી

## શતાબ્દી અંક પ્રતિ પ્રયાણ

અમદાવાદ જ્ઞાતિમંડળ દ્વારા પ્રકાશિત પારિવારિક સામાયિક જ્ઞાતિસેતુ એના શતાબ્દી અંક તરફ પ્રયાણ કરી રહેલ છે. હવે પછીનો જ્ઞાતિ સેતુનો આગામી અંક ૧૦૦મો શતાબ્દી અંક હશે, અને તે યુવા શક્તિ શતાબ્દી વિશેષાંક તરીકે પ્રગટ થશે. જ્ઞાતિ સેતુની ઓગણીસ વર્ષની આ લાંબી સફરમાં જ્ઞાતિના અનેક નામી અનામી સાથીઓ અને શ્રેષ્ઠીઓનો સહયોગ મળ્યો છે એટલે જ સફર સુહાની બની રહી છે.

જ્ઞાતિસેતુ હમેશા વર્તમાન યુવા પ્રતિભાઓ સાથે સાથે સમાજની પ્રાચીન પરંપરા અને પ્રભાવી પૂર્વજોના યોગદાનને ઉજાગર કરતું રહ્યું છે. દરેક અંકમાં શ્રી તુલસીદાસ કંસારા આપણા પરિવારો કોલમમાં વિવિધ પરિવારોની વિગતો રજૂ કરતા હોય છે. મારૂ કંસારા સોની પરિવારોના રાજસ્થાનથી કચ્છમાં સ્થળાંતર અને વસવાટનો ઈતિહાસ, પરંપરાઓ અને વિશેષ વ્યક્તિઓની માહિતી સાથે એક ઐતિહાસિક પુસ્તક શ્રી તુલસીદાસ કંસારા દ્વારા તૈયાર કરવામાં આવેલ છે જે આગામી ટૂંક સમયમાં અમદાવાદ જ્ઞાતિ મંડળ દ્વારા પ્રકાશિત કરવામાં આવશે.

સેતુને સમાજની યુવા શક્તિ પર ગૌરવ છે. હાલમાં આપણા સમાજના ખ્યાતનામ ચિત્રકાર શ્રીમતી પ્રવિણાબેન મહિચાને ગુજરાત રાજ્ય સરકાર તરફથી ગુજરાત ગૌરવ પુરસ્કાર અર્પણ થયેલ છે જે સમસ્ત જ્ઞાતિ સમાજ માટે ગૌરવરૂપ છે. કંસારા સમાજના તળાજાના શ્રી ચિંતન દુધેલા ભારત સરકારની UPSC પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ IAS જેવી ગૌરવ રૂપ કારકિર્દીના માર્ગે પ્રયાણ કરેલ છે.

સેતુ પરિવાર તરફથી પ્રવિણાબેન તથા ચિંતન દુધેલાને હાર્દિક શુભકામના.

- અતુલ સોની

# સત્સંગ



# ગીતા શ્લોકો સાથે સાર

પ્રેષક : તુલસીદાસ કંસારા

**અધ્યાય-૭**
**જ્ઞાન - વિજ્ઞાન - યોગ**

હિન્દુઈઝમ એક વૈજ્ઞાનિક ધર્મ છેઃ

સ્વામિ ચિન્મયાનંદજી એક જાણીતા સંત હતા. એક વખત એક ધર્મનિરપેક્ષ મનાતા પત્રકારે સ્વામિજીને પ્રશ્ન પૂછ્યો.

સઃ ''ઈસ્લામના સ્થાપક કોણ?'' જઃ પ્રોફેટ મોહમ્મદ
સઃ ''ક્રિશ્ચીયાનિટીના સ્થાપક કોણ?'' જઃ જીસસ ક્રાઈસ્ટ
સઃ ''હિન્દુઈઝમના સ્થાપક કોણ? ''

(લેડી જર્નાલિસ્ટ એવું વિચારીને આગળ વધ્યા કે સ્વામિજી પાસે જવાબ નથી અને પછી બોલ્યા. આ ધર્મનો કોઇ પણ સ્થાપક નથી તેથી હિન્દુઈઝમ કોઇ પણ પ્રકારનો ધર્મ નથી.) ત્યાંજ સ્વામિજીએ જવાબ આપ્યો.

તમે સાચા છો, હિન્દુઈઝમ કોઇ ધર્મ નથી. એ તો એક વિજ્ઞાન છે.

તેણીને તે સમજાયું નહિ.

સ્વામિજીએ તેમને કેટલાક વધારે સવાલ પૂછ્યા,

સઃ ફિઝીક્સના સ્થાપક કોણ? જઃ કોઇ પણ એક વ્યક્તિ નથી.
સઃ કેમિસ્ટ્રીના સ્થાપક કોણ? જઃ કોઇ પણ એક વ્યક્તિ નથી.
સઃ બાયોલોજીના સ્થાપક કોણ? જઃ કોઇ પણ એક વ્યક્તિ નથી.

અનેક લોકોએ સમયાંત્તરે કોઇ પણ વૈજ્ઞાનિક જ્ઞાનના ભંડારમાં પોતાનો ફાળો આપેલ છે.

સ્વામિજીએ ચાલુ રાખ્યું:

હિન્દુ ધર્મ એક વિજ્ઞાન છે જે સદીયોથી વિકસીત થયેલ છે, જેમાં સંતો અને ઋષિઓએ સમાજને સાચી દિશા ચિંધવામાં મોટો ફાળો આપેલ છે. ઈસલામ માત્ર એકજ બુક છે - કુરાન, ક્રિશ્ચીયાનિટીની પણ એકજ બુક છે - બાઈબલ, પરંતુ હિનદુઇઝમ માટે હું તમને એક પુષ્તકાલયમાં લઇ જઇ અને દેખાડી શકું કે ત્યાં હજારો બુક છે. તેથી હિન્દુઇઝમ એક વૈજ્ઞાનિક ધર્મ છે જેને સનાતન ધર્મ કહેવામાં આવે છે.

જ્ઞાન-વિજ્ઞાન વિશે સ્વામીજીના જવાબોથી આપણે ઘણું જાણવા મળેલ છે, તેથી હવે આપણે 'જ્ઞાન-વિજ્ઞાન-યોગ' નામના ગીતાના ૭મા અધ્યાયનો ભગવાનશ્રી કૃષ્ણ અને અર્જુન વચ્ચેના સંવાદનો સાર જોઈશું.

શ્રી ભગવાન ઉવાચ-

*મય્યાસક્તમનાઃ પાર્થ યોગં યુઞ્જન્મદાશ્રયઃ,*
*અસંશયં સમગ્રં માં યથા જ્ઞાસ્યસિ તચ્છૃણુ.(૧)*
*જ્ઞાનં તેહં સવિ જ્ઞાનમિ દં વક્ષ્યામ્યશેષતઃ,*
*યજ્જ્ઞાત્વા નેહ ભૂયોન્યજ્જ્ઞાતવ્યમવશિ ષ્યતે.(૨)*
*મનુષ્યાણાં સહસ્રેષુ કશ્ચિ દ્યતતિ સિ દ્ધયે,*
*યતતામપિ સિ દ્ધાનાં કશ્ચિ ન્માં વેત્તિ તત્ત્વતઃ.(૩)*
*ભૂમિ રાપોનલો વાયુઃ ખં મનો બુદ્ધિ રેવ ચ,*
*અહઙ્કાર ઇતીયં મે ભિ ન્ના પ્રકૃતિ રષ્ટધા.(૪)*
*અપરેયમિ તસ્ત્વન્યાં પ્રકૃતિં વિ દ્ધિ મે પરામ્,*
*જીવભૂતાં મહાબાહો યયેદં ધાર્યતે જગત્.(૫)*
*એતદ્યોનીનિ ભૂતાનિ સર્વાણીત્યુપધારય,*
*અહં કૃત્સ્નસ્ય જગતઃ પ્રભવઃ પ્રલયસ્તથા.(૬)*

ભગવાન કહે હે પાર્થ! મારામાં ચિત્ત પરોવીને, કેવળ મારો જ આશ્રય કરી યોગાભ્યાસ દ્વારા મારા પૂર્ણ સ્વરૂપને તું જાણી લેશે, એમાં જરાય શંકા નથી, તો તે વિશે સાંભળ. હું તને વિજ્ઞાન સહીત તે જ્ઞાન કહીશ. તે જાણ્યા પછી આ લોકમાં બીજું કંઇ જાણવાનું બાકી રહેતું નથી. હજારો મનુષ્યોમાંથી કોઈક જ મને પામવાનો યત્ન કરે છે. મારા માટે યત્ન કરવાવાળા સિદ્ધોમાંથી માંડ એકાદ મને સત્ય સ્વરૂપમાં ઓળખી શકે છે. મારી પ્રકૃતિ ભૂમિ, જળ, વાયુ, તેજ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર એમ આઠ ભાગમાં વિભાજીત થયેલી છે. હે મહાબાહો! એતો મારી અપરા એટલે કે ગૌણ પ્રકૃતિ છે. એનાથી અલગ જે મારી જીવ ભૂત પ્રકૃતિ છે તે પરા પ્રકૃતિ છે. તેનાથી જ આ જગત ધારણ કરવામાં આવ્યું છે. આ બંને પ્રકૃતિઓથી જ સર્વ ભૂતોની ઉત્પતિ થયેલી છે. એ પ્રકૃતિ દ્વારા હું સમગ્ર વિશ્વની ઉત્પતિ અને લય કરું છું.

*મત્તઃ પરતરં નાન્યત્કિ ઞ્ચિ દસ્તિ ધનઞ્જય,*
*મયિ સર્વમિ દં પ્રોતં સૂત્રે મણિ ગણા ઇવ. (૭)*
*રસોહમપ્સુ કૌન્તેય પ્રભાસ્મિ શશિ સૂર્યયોઃ,*
*પ્રણવઃ સર્વવેદેષુ શબ્દઃ ખે પૌરુષં નૃષુ. (૮)*
*પુણ્યો ગન્ધઃ પૃથિ વ્યાં ચ તેજશ્ચાસ્મિ વિ ભાવસૌ,*
*જીવનં સર્વભૂતેષુ તપશ્ચાસ્મિ તપસ્વિ ષુ. (૯)*
*બીજં માં સર્વભૂતાનાં વિ દ્ધિ પાર્થ સનાતનમ્,*
*બુદ્ધિ ર્બુદ્ધિ મતામસ્મિ તેજસ્તેજસ્વિ નામહમ્. (૧૦)*
*બલં બલવતામસ્મિ કામરાગવિ વર્જિતમ્,*
*ધર્માવિ રુદ્ધો ભૂતેષુ કામોસ્મિ ભરતર્ષભ. (૧૧)*
*યે ચૈવ સાત્ત્વિ કા ભાવા રાજસાસ્તામસાશ્ચ યે,*
*મત્ત એવેતિ તાન્વિ દ્ધિ નત્વહં તેષુ તે મયિ (૧૨)*

હૈ ધનંજય! મારાથી પર અને શ્રેષ્ઠ બીજું કંઈ જ નથી. દોરામાં જેમ મણકા પરોવાયેલા હોય છે, તેમ આ સર્વ જગત મારામાં

ઓતપોત થતું પરોવાયેલું છે. છે કાંન્તય! જળમાં રસ હું છું, સુર્ય-ચંદ્રમાં તેજ હું છું, સર્વ વેદોમાં ઓમકાર પ્રણવ હું છું. આકાશમાં શબ્દ અને પુરુષનું પરાક્રમ હું છું. તે જ રીતે પૃથ્વીમાં ઉત્તમ ગંધ હું છું, અગ્નિમાં તેજ હું છું, સર્વ ભૂતોમાં જીવન હું છું અને તપસ્વીઓનું તપ પણ હું જ છું. હે પાર્થ! સર્વ ભૂતોનું સનાતન બીજ હું છું, બુદ્ધિશાળીઓની બુદ્ધિ અને તેજસ્વીઓનું તેજ હું છું. બળવાનોમાં વાસના અને દ્વેષ વિનાનું બળ હું છું, છે ભરતશ્રેષ્ઠ! ધર્મ વિરુદ્ધ જાય નહિ તેવો સર્વ પ્રાણીઓમાં ''કામ'' પણ હું છું. જે સાત્વિક, રાજસ અને તામસ વિકારો છે તે પણ મારાથી ઉત્પન થયેલા છે, પરંતુ હું તેમાં સમાયેલો નથી, તેઓ મારામાં સમાયેલા છે.

*ત્રિ ભિ ર્ગુણમયૈર્ભા વૈરેભિઃ સર્વમિ દં જગત્,*
*મોહિ તં નાભિ નાતિ મામેભ્યઃ પરમવ્યયમ્.(૧૩)*
*દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા,*
*મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે.(૧૪)*
*ન માં દુષ્કૃતિ નો મૂઢાઃ પ્રપદ્યન્તે નરાધમાઃ,*
*માયયાપહ્રતજ્ઞાના આસુરં ભાવમાશ્રિ તાઃ.(૧૫)*
*ચતુર્વિધા ભજન્તે માં જનાઃ સુકૃતિ નોર્જુન,*
*આર્તો જિ જ્ઞાસુરર્થા ર્થી જ્ઞાની ચ ભરતર્ષભ.(૧૬)*
*તેષાં જ્ઞાની નિ ત્યયુક્ત ઙભક્તિ ર્વિશિ ષ્યતે,*
*પ્રિ યો હિ જ્ઞાનિ નોત્યર્થમહં સ ચ મમ પ્રિ યઃ.(૧૭)*
*ઉદારાઃ સર્વ એવૈતે જ્ઞાની ત્વાત્મૈવ મે મતમ્,*
*આસ્થિ તઃ સ હિ યુક્તાત્મા મામેવાનુત્તમાં ગતિ મ્.(૧૮)*

આ ત્રિગુણાત્મક વિકારોથી સમસ્ત જગત મોહિત થઇ ગયું છે, તેથી ગુણાતીત અને અવિનાશી એવા મને એ જગત જાણતું નથી. કેમકે અતિ દિવ્ય અને ત્રિગુણાત્મક એવી મારી માયા દુસ્તર છે. જે મનુષ્ય મારા શરણે આવે છે તે જ એ માયા રૂપી નદીને તરી જાય છે. આ દુસ્તર માયાથી જેમનું જ્ઞાન નષ્ટ થયું છે તથા જેમણે આસુરી પ્રકૃતિનો આશ્રય કર્યો છે તેવા પાપી, મૂઢ અને નરાધમ મનુષ્યો મારે શરણે આવતા નથી. હૈ ભરતશ્રેષ્ઠ! આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી અને જ્ઞાની, એમ ચાર પ્રકારના મનુષ્યો મને ભજે છે. તેમાં જ્ઞાની જનો, નિરંતર મારામાં લીન રહી એકનિષ્ઠાથી મારી ભક્તિ કરે છે, તેથી તેઓ શ્રેષ્ઠ છે, આવા જ્ઞાની જનોને હું અત્યંત પ્રિય છું અને તેઓ મને અત્યંત પ્રિય છે. એ સર્વશ્રેષ્ઠ છે, પરંતુ જ્ઞાની તો મારો આત્મા છે. એમ હું માનું છું કારણકે તે મારામાં ચિત પરોવી મને જ સર્વોતમ માની મારો આશ્રય કરે છે.

*બહૂનાં જન્મનામન્તે જ્ઞાનવાન્માં પ્રપદ્યતે,*
*વાસુદેવઃ સર્વમિ તિ સ મહાત્મા સુદુર્લભઃ.(૧૯)*
*કામૈસ્તૈસ્તૈર્હતજ્ઞાનાઃ પ્રપદ્યન્તેન્યદેવતાઃ,*
*તં તં નિ યમમાસ્થાય પ્રકૃત્યા નિ યતાઃ સ્વયા.(૨૦)*
*યો યો યાં યાં તનું ભક્તઃ શ્રદ્ધયાર્ચિતુમિ ચ્છતિ,*
*તસ્ય તસ્યાચલાં શ્રદ્ધાં તામેવ વિ દધામ્યહમ્.(૨૧)*
*સ તયા શ્રદ્ધયા યુક્તસ્તસ્યારાધનમીહતે,*
*લભતે ચ તતઃ કામાન્મયૈવ વિ હિ તાન્ હિ તાન્.(૨૨)*

*અન્તવત્તુ ફલં તેષાં તદ્ભવત્યલ્પમેધસામ્,*
*દેવાન્દેવયે યાન્તિ મદ્ભક્તા યાન્તિ મામપિ .(૨૩)*
*અવ્યક્તં વ્યક્તિ માપન્નં મન્યન્તે મામબુદ્ધયઃ,*
*પરં ભાવમનન્તો મમાવ્યયમનુત્તમમ્.(૨૪)*
*નાહં પ્રકાશઃ સર્વસ્ય યોગમાયાસમાવૃતઃ,*
*મૂઢોયં નાભિ નાતિ લોકો મામજમવ્યયમ્.(૨૫)*


''અનેક જન્મો પછી સર્વ કંઇ વાસુદેવ રૂપ છે'' જેને એવું જ્ઞાન પરિપક્વ થયું છે, એવા જ્ઞાનીને મારી પ્રાપ્તિ થાય છે એવા મહાત્મા અતિ દુર્લભ છે. જે અજ્ઞાનીઓનું પોતાના સ્વભાવને વશ થવાથી અને વિવિધ કામનાઓથી જ્ઞાન નષ્ટ થયું છે તે મારા-આત્મરૂપ વાસુદેવથી ભિન્ન ઇતર દેવતાઓની ઉપાસના કરે છે. જે ભક્ત, જે દેવતામાં ભક્તિભાવથી તેની આરાધના કરે છે, તેની તે શ્રદ્ધાને તે દેવતામાં હું જ સ્થિર કરું છું. એ તે પ્રકારની શ્રદ્ધા રાખી તે દેવની આરાધના કરે છે અને પછી મેં નિર્માણ કરેલી તેની તે કામનાઓ પૂર્ણ થાય છે. અન્ય દેવતાઓને ભજવાથી અજ્ઞાની મનુષ્યોને પ્રાપ્ત થયેલું તે ફળ નાશવંત હોય છે. દેવતાઓના ભક્ત દેવતાઓને પામે છે અને મારા ભક્તો મને પામે છે. મારા ઉત્કૃષ્ટ, અવિનાશી અને અતિ ઉત્તમ ભાવને ન જાણનારા અજ્ઞાની લોકો, હું અવ્યક્ત હોવા છતાં મને સાકાર માને છે. હું યોગમાયાથી આવ્રાયેલો છું, આથી સર્વને સ્પષ્ટ પણે દેખાતો નથી. આથી મૂઢ મનુષ્યો અજન્મા અને અવિનાશી એવા મને જાણતા નથી.

*વેદાહં સમતીતાનિ વર્તમાનાનિ ચાર્જુન,*
*ભવિ ષ્યાણિ ચ ભૂતાનિ માં તુ વેદ ન કશ્ચન.(૨૬)*
*ઇચ્છાદ્વેષસમુત્થેન દ્વન્દ્વમોહેન ભારત,*
*સર્વભૂતાનિ સંમોહં સર્ગે યાન્તિ પરન્તપ.(૨૭)*
*યેષાં ત્વન્તગતં પાપં જનાનાં પુણ્યકર્મણામ્,*
*તે દ્વન્દ્વમોહનિ ર્મુક્તા ભજન્તે માં દૃઢવ્રતાઃ(૨૮)*
*જરામરણમોક્ષાય મામાશ્રિ ત્ય યતન્તિ યે,*
*તે બ્રહ્મ તદ્વિ દુઃ કૃત્સ્નમધ્યાત્મં કર્મ ચાખિ લમ્.(૨૯)*
*સાધિ ભૂતાધિ દૈવં માં સાધિ યજ્ઞં ચ યે વિ દુઃ,*
*પ્રયાણકાલેપિ ચ માં તે વિ દુર્યુક્તચેતસઃ.(૩૦)*

હે અર્જુન! પહેલાં થઇ ગયેલા, અત્યારે થઇ રહેલા અને હવે પછી થનારા સઘળા ભૂતોને (પ્રાણીઓને) હું જાણું છું, પરંતુ મને કોઇ જાણતું નથી. હે પરંતપ! ઈચ્છા અને ઈર્ષાથી ઉત્પન થયેલા સુખદુઃખ રૂપી મોહથી સર્વ ભૂતો (પ્રાણીઓ) પ્રમાદી બનીને ઉત્પતિ સમયે ઘણી દ્વિધામાં પડી જાય છે. (૨૭) પરંતુ સતકર્મોના પુણ્ય ભાવે જેનાં પાપો નાશ પામ્યાં છે, તે દઢ નિશ્ચયી મનુષ્યો સુખ દુઃખની મોહજાળથી મુક્ત થઇને મને ભજે છે. (૨૮) જેઓ મારો આશ્રય કરી જરા-મૃત્યુથી મુક્ત થવાનો યત્ન કરે છે, તેઓજ બ્રહ્મને જાણી શકે છે. યત્નથી તેઓ અધ્યાત્મ તથા સર્વ કર્મને પણ જાણે છે. જે યોગી અધિભૂત, અધિદૈવ અને અધિયજ્ઞ સહીત મને જાણે છે, તે સ્વસ્થચિત્ત પુરુષો મરણ સમયે પણ મને જ જાણે છે.

**અધ્યાય-૭-જ્ઞાન-વિજ્ઞાન-યોગ-સમાપ્ત.**

# સત્સંગ



## કૃપાનિધાન શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણ શ્રીગુસાંઈજી

પ્રેષક : મનુભાઈ કોટડિયા

### ૧૮. પ્રીતમ પ્રીત હી તે પૈયે

ગોપાલપુર (જતિપુરા) ગામની ભાગોળે રુદ્રકુંડ પર વૈષ્ણવોના એક સંઘનો મુકામ પડ્યો. શ્રીગિરિરાજજી ઉપર બિરાજતા શ્રીનાથજીના દર્શન કર્યા પછી સૌ બીજે દિવસે ગોકુલ શ્રીગુસાંઈજીના દર્શને જવાના હતા. પોતપોતાની શક્તિ પ્રમાણે સૌએ શ્રીગુરુદેવની ભેટ કાઢીને અલગ બાંધી દીધી અને રાત્રે સુખની નિંદરમાં પોઢી ગયાં.

સૌ તો સુખની નિંદરમાં પોઢી ગયા પણ એમાંથી એક વૈષ્ણવને સુખે'ય નહોતું અને નિંદરે'ય નહોતી. એ નિર્ધન વૈષ્ણવના મનમાં વિચારોના વાદળો ઉમટ્યા હતાં : 'સૌએ કંઈ ને કંઈક ભેટ કાઢી છે પણ મારી પાસે તો કંઈ નથી. શું હું ગુરુના દર્શન ખાલી હાથે કરીશ ? કોઈની પાસેથી ઉછીના લઈને ભેટ કરું તો પાછા ક્યાંથી આપીશ ? ના, ના, આવું કરજ તો ન જ કરાય. કંઈ નહી, શ્રીગુસાંઈજી તો અંતર્યામી છે. એ તો મારી સ્થિતિ જાણતા જ હશે.' આમ વિચારમાં ને વિચારમાં આખી રાત એ વૈષ્ણવને ઉંઘ ન આવી.

વહેલી સવારે હલકારાએ સૌને ઊઠાડી દીધાં. નિત્યકર્મથી પરવારી, શ્રીજીબાવાના મંગળાના દર્શન કરી, સૌ આનંદભેર ગોકુલ તરફ ચાલ્યા. આનંદ નહોતો એકમાત્ર પેલા વૈષ્ણવને. એને બહુ સંતાપ થયો.

એટલામાં રસ્તામાં એક બગીચો આવ્યો. એમાંથી જૂઈના ફૂલોની સુગંધ આવી રહી હતી. પેલા વૈષ્ણવના મગજમાં એક વિચાર સ્ફૂર્યો. તરત એ બગીચાના દરવાને અટકી ગયો. સંઘે એની પરવા ન કરી અને આગળ વધી ગયો.

''આ બગીચાના તમે માળી છો ને, ભાઈ? મને એક મદદ નહી કરો ? મારી પાસે ધન તો કંઈ નથી, પણ વસ્તુમાં આ અંગૂછો છે. ઓઢવામાં, પાથરવામાં, માથે ફાળિયું બાંધવામાં કે કેડે ખેસ બાંધવામાં... અને જરૂર પડે લોકોની વસ્તુઓ ભરીને ઊંચકવામાં હું આ અંગૂછાનો ઉપયોગ કરું છું. મારી એકમાત્ર મૂડી આ છે. એ તમે લઈને એના બદલામાં મને થોડાં જૂઈના ફૂલો ન આપો કે જેમાંથી હું એક માળા બનાવીને મારા ગુરુને ભેટ કરું ?''

નિર્ધન પટેલના દીનતાયુક્ત વચનો સાંભળીને માળીને હૈયે હરિ વર્યાં: ''મારે તારા અંગૂછાનું કંઈ કામ નથી. તને જોઈએ એટલા ફૂલો વીણીને માળા બનાવી લે.''

પટેલને જાણે ધનભંડાર હાથ લાગી ગયો. હરખાતા હરખાતા એણે એક માળા થાય એટલાં ફૂલો વીણી લીધાં અને બગીચામાં જ બેસીને એક સુંદર માળા તૈયાર કરી. મનમાં બોલતો ગયો : 'બીજા જ્યારે કંઈ ને કંઈ ભેટ ધરતા હશે ત્યારે હું આ માળા શ્રીગુસાંઈજીના કંઠમાં પહેરાવીશ. આ માળા જોઈને તેઓ કેવા પ્રસન્ન થશે ! લાવ હવે ઝટ દઈને હું સંઘની સાથે થઈ જાઉં. મોડો પડીશ તો બધાં ભેટ ધરી ચૂક્યા હશે અને તડકામાં મારી માળા પણ સૂકાતી જશે.'' પણ બિચારો પટેલ. સંઘ તો ક્યાંય આગળ નીકળી ચૂક્યો હતો. તડકો વધવા લાગ્યો. પટેલે અંગૂછો ભીનો કરીને એમાં જતનથી માળા રાખીને પોટલી માથા પર મૂકી અને માળીને ધન્યવાદ આપી દોડવા માંડ્યો.

આ બાજુ શ્રીગુસાંઈજીને આ નિર્ધન પટેલના તાપની જાણ જઈ. ભક્તવત્સલ કૃપાનિધાન શ્રીગુસાંઈજીએ તરત થોડો પલાણ્યો. ધૂળની ડમરી ઊડાડતા પવનવેગી ઘોડા પર સવાર થઈ આપશ્રી સામે રસ્તે પધાર્યાં. પાછળ બીજા ચાર વૈષ્ણવો પણ કૂતુહલવશ ઘોડાં ભગાવતાં આવ્યાં. અર્ધે રસ્તે પેલો સંઘ મળ્યો.

સંઘના વૈષ્ણવો તો આશ્ચર્યચકિત થઈ ગયા. સૌએ ઘોડો થોભાવવા વિનંતી કરી : ''કૃપાનાથ, બે ઘડી થોભો તો ચરણસ્પર્શ કરી ભેટ ધરીએ.'' પાછળ ઘોડા પર આવી રહેલા ચાર વૈષ્ણવો આવી પહોંચ્યા. તેઓએ શ્રીગુસાંઈજીની આગળ- પાછળ થોડાં રાખીને ઊભા રહી ગયા. શ્રીગુસાંઈજીએ સેવકોને આજ્ઞા કરી : ''અહી કોઈએ રોકાવાનું નથી. સંઘમાં પેલો પટેલ વૈષ્ણવ હતો તે ક્યાં છે ?'' ''અમને ખબર નથી જેજે. રસ્તામાં ક્યાંક બેસી ગયો હશે.'' કોઈએ ખબર આપી.

ફરી પાછી ઘોડાને એડી લાગી અને ઘોડો ઊડ્યો. ઘણું અંતર કાપ્યા પછી શ્રીગુસાંઈજીએ જોયું કે, પેલો પટેલ વૈષ્ણવ માથે પોટલી સાચવીને હાંફતો હાંફતો દોડ્યો આવે છે. શ્રીગુસાંઈજીએ ઘોડો થોભાવ્યો અને બૂમ મારી : ''પટેલ, ઓ પટેલ...'' પટેલે સામું જોયું અને નાચી ઊઠ્યો. બાણ વેગે એ ઘોડા તરફ દોડ્યો.

''ત્યાં જ ઊભો રહે. હવે દોડવાની જરૂર નથી. અમે તારી પાસે આવીએ છીએ. જલ્દીથી તું પોટલી ખોલીને માળા બહાર કાઢ.''

ઘોડાને ફરીથી એડી લાગી. બીજી ક્ષણે ઘોડો પટેલ પાસે પહોંચી ગયો. શ્રીગુસાંઈજી ઝડપથી નીચે ઊતરીને વાંકા વળ્યા અને પટેલે આપશ્રીના કંઠમાં માળા પધરાવી દીધી. પાછળના ઘોડેસ્વાર

વૈષ્ણવોની આંખે આ દશ્ય જોઈને આંસું છલકાઈ આવ્યા. પટેલ દેહભાન ખોઈ બેઠો અને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી ઊઠ્યો જ નહી.

શ્રીગુસાંઈજીએ એને હાથ પકડીને ઊઠાડ્યો અને માથે શ્રીહસ્ત ધરી કાનમાં અષ્ટાક્ષર મંત્રનો ઉપદેશ કર્યો. ''પટેલ, તારી માળા કરમાઈ ન જાય એટલા માટે તો અમે ગોકુળથી અહીં સુધી સામા આવ્યા અને તું આમ ચરણમાં લીન થવા ચાહે છે? તારો સંઘ અમારા માટે શું કહેશે ? અમારે તારી પાસે હજુ ઘણી સેવા કરાવવી છે. વાહ, માળા કેવ સુંદર બનાવી છે !'' આમ કહી પટેલને સાથેના વૈષ્ણવોને સોંપ્યો અને પોતે ગોપાલપુર (જતિપુરા) પધાર્યાં. સંઘ પાછો ફર્યો અને આપની પાછળ-પાછળ આવ પહોંચ્યો. શ્રીગુસાંઈજીએ સૌને રાજભોગના દર્શને કરાવ્યા અને પેલા પટેલને સેવામાં જ કાયમ માટે રાખીને એને શ્રીનાથજીના ફૂલઘરની સેવા સોંપી.

## ૧૯. સંન્યસ્ત ગૃહસ્થ

''અરે, એય ! આ અહી મારી જગ્યાએ બેસીને કોણ સંધ્યાવંદન કરી રહ્યું છે ? આખી કાશીના લોકોને ખબર છે કે મણિકર્ણિકા ઘાટ પરનો આ ખૂણો મારો છે. તારા એ સ્વામીને જાણ ન હોય તો જાણ કરી દે અને ઊઠવા કહે.'' લંગોટધારી એક સંન્યાસી ગંગાજીના તીરે ઘાટ પર ઊભા રહીને કોઈકને ધમકાવી રહ્યો હતો.

''સંન્યાસીજી, આકળા ન થાવ. આ તો શ્રીવિઠ્ઠલનાથજી _ શ્રીગુસાંઈજી છે. ગોકુળવાળા - અડેલવાળા.'' સેવકે નમ્રતાથી સંન્યાસીને શાંત પાડવા પ્રયત્ન કર્યો.

''ગુસાંઈઈઈઈ!?

આ કેવા પ્રકારના ગુસાંઈ ? ગુસાંઈ તો નિસ્પૃહી અને વિરક્ત હોય. આમને તો સંધ્યાવંદન કરતી વખતે'ય રાવટી, તંબુ, પાલખી, ઘોડા, દાસ-દાસીઓ અને બીજી વૈભવી વસ્તુઓની જરૂર પડે છે. આવો સંગ્રહ ગુસાંઈજીને ન શોભે. એમને કહી દે કે, આ સર્વનો ત્યાગ કરીને આવે અને પછી મારી જગ્યાએ બેસે. હું સંન્યાસી છું, હા.''

સંધ્યાવંદન કૈરી રહેલા શ્રીગુસાંઈજીએ આ આ વાત સાંભળી. એમણે સંન્યાસીને પોતાની પાસે બોલાવ્યો સાથે સાથે ઘાટ પર જેટલાં બ્રાહ્મણો હાજર હતા એમને પણ બોલાવ્યા. સંકલ્પ કરીને પોતાની સાથેની સર્વ વસ્તુઓ બ્રાહ્મણોને દાનમાં આપી દીધી. રહી - સહી થોડી ચીજો ગંગાજી માં નાંખી દીધી. પછી સૂચક દષ્ટિથી સંન્યાસીની સામે જોઈને કહ્યું : ''ઉતાર - તારી લંગોટી અને તારા તૂંબડા સાથે ફેંક એને ગંગાજીમાં..''

''પણ સ્વામી, હું તો સંન્યાસી છું. હું... હું... આ ચીજો ગંગાજીમાં નાંખી દઈશ તો મને બીજીવાર ક્યાંથી મળશે આ વસ્તુઓ ?'' '''કેમ ? અમે તો ગૃહસ્થ છીએ. સંસારની દરેક પ્રકારની આધિ, વ્યાધિ અને ઉપાધિઓથી સંકળાએલા છીએ. છતાંય અમારી પાસે અહીં જે કંઈ હતું તે બધું બ્રાહ્મણોને દાનમાં આપી દીધું. જ્યારે તું તો એક સંન્યાસી થઈને ફરે છે તો આટલી અમસ્તી કપડાંની એક ચીંદરડી અને તૂટેલ-ફૂટેલ આ તૂંબડી પણ છોડી નથી શકતો ? એમાંય આટલી બધી મમતા ? તને ઈશ્વરનો પણ ભરોસો નથી ? તો પછી તું સંન્યાસી કેવા પ્રકારનો ?''

સંન્યાસી શરમાઈ ગયો. એટલામાં જ ગોડ દેશના દીવાન નારાયણદાસે મોકલાવેલ પાલખી, ઘોડા, હાથી, સોનામહોરો, દાસ-દાસીઓ વગેરે સાથે માણસો ઘાટ પર આવી પહોંચ્યા અને શ્રીગુસાંઈજીને દંડવત્ પ્રણામ કરીને બધી વસ્તુઓ ભેટ ધરી, ગૌડ દેશ પધારવાની વિનંતી કરી.

શ્રીગુસાંઈજીએ કટાક્ષ નેત્રોથી સંન્યાસી સામે જોયું. દાનમાં આપી દીધેલો સર્વ વૈભવ ફરી પાછો એ જ સમયે આવી મળેલો જોતાં સંન્યાસી છોભીલો પડી ગયો. એણે ક્ષોભ પામતાં કહ્યું : ''સ્વામિજી, તમે તો ઈશ્વર સ્વરૂપ લાગો છો, લક્ષ્મી તમારા ચરણમાં લાગેલી છે. ખરેખર, તમે સમર્થ ગુસાંઈ છો. મારા પર કૃપા કરી મને આપનો સેવક કરો.''

તારી આ જટા અને દાઢી મૂંડાવી સંન્યાસીનો વેશ ઊતારીને ગંગાજીમાં હાઈ આવી જા. પછી તને અમારો સેવક કરીશું.

સંન્યાસી તો દોડતો જઈને જટા અને દાઢી મૂંડાવી આવ્યો અને માર્યો ભૂસકો ગંગાજીમાં, શ્રીગુસાંઈજીના દેખતા એણે તૂંબડું અને લંગોટી ગંગાજીમાં વહાવી દીધા. શ્રીગુસાંઈજીએ પ્રસન્ન થઈને એને પોતાની પાસેનું નવું વસ્ત્ર પહેરવા આપ્યું અને નામ સંભળાવી વૈષ્ણવ કર્યો.

## ૨૦. સાગર

''કોઠારીજી, આ કિશોર કોણ છે? ઘણો તેજસ્વી લાગે છે, શું નામ છે તેનું ?'' ''જે કૃપાનાથ, મારી દિકરી ગોમતીનો એ વર છે. ગોપાલ એનું નામ છે.''

એ જમાનો બાળલગ્નનો હતો. પાંચ વર્ષની ગોમતી અને નવ વર્ષનો ગોપાલ. અમદાવાદના અસારવામાં ભાઈલા કોઠારી રહેતા. એ શ્રીગુસાંઈ- જીના પરમ સેવક. એમના ઘેર શ્રીગુસાંઈજીનો મુકામ હતો. ભાઈલા કોઠારીએ તેમની ગોમતી નામની પુત્રીનો નજીકના રૂપપુર ગામે વિવાહ કર્યો હતો. જમાઈ ગોપાલને શ્રીગુસાંઈજી સન્મુખ કરવા કોઠારીએ ખાસ તેડાવ્યા હતાં.

નવ વર્ષના કિશોર ગોપાલે શ્રીગુસાંઈજીને મૂંગા મોંએ અને પ્રેમભીની આંખે દંડવત્ પ્રણામ કર્યાં. શ્રીગુસાંઈજીએ એના માથે હસ્ત ધરી આશીર્વાદ દીધા અને પાસે બેસાડી પૂછ્યું : ''તમે ક્યાં રહો છો, ગોપાલદાસ ?''

''....''

''બહુ શરમાળ લાગે છે તમારા જમાઈ. જે, કેમ કંઈ બોલતા નથી ?''

''જે, કૃપાનાથ. એને વાચા નથી...''

''અરે, એમ તે કંઈ હોય !? ગોમતીનો વર મેં તો સાગર હોવો જોઈએ અને આ તો સીધો, સાદો, ભોળો, મૂઢ છે. આ જોડું કેમ બનશે ?' ''જે, મહારાજ, આપની કૃપા હશે તો એ ૧ જરૂરથી સાગર બનશે.''

શ્રીગુસાંઈજીએ ગોપાલદાસને દેવીજીવ જાણી પ્રસાદી બીડી (તાંબુલ), એના મોંમાં મૂકી. તરત ચમત્કાર સર્જાયો. ગોપાલદાસનો દેહ ઉજ્વલ ૧. થતો ગયો. ગોપાલદાસે ઊભા થઈ શ્રીગુસાંઈજીને દંડવત્ પ્રણામ કરી વલ્લભાખ્યાન ગાવાનું શરૂ કર્યું.

વાણીનો પ્રવાહ ફૂટી નીકળ્યો. ''વંદું શ્રીવિઠ્ઠલવર સુંદર, નવઘનશ્યામ તમાલ, જગતી તલ ઉદ્ધાર કરવા, પ્રગટ્યા પરમ દયાલ.''

આ આખું કડવું પૂરું કરીને ગાઈ સંભળાવ્યું. શ્રીગુસાંઈજી બહુ પ્રસન્ન થયાં. ભાઈલા કોઠારી કૃપાસિંધુ શ્રીગુસાંઈજીને વંદી રહ્યા. ઘરવાળા સૌ આશ્ચર્યચકિત થઈ ગયા. સૌને કૌતુક થયું. મૂંગા જમાઈને બોલતા સાંભળવા ભીડ જામી ગઈ.

'ગોપાલદાસ, આગળ ગાઓ. સાગરનો ઘૂઘવાટ તો અવિરતપણે ગાજ્યા કરે.'' શ્રીગુસાંઈ- જીએ જાણે કે ગોપાલદાસને નહી પણ સરસ્વતિને જાગૃત કરવા માંડી. આજ્ઞા થતાં જ ગોપાલદાસે બીજું કડવું ગાયું. બીજું પૂરું થતાં ત્રીજું ગાયું. વાત ઘરમાંથી વહેતી બાજુના ઘરમાં ગઈ. બાજુના ઘરમાંથી સામેના ઘરમાં ગઈ. સામેના ઘરમાંથી શેરીમાં ગઈ અને શેરીમાંથી મહોલ્લામાં ગઈ. કોઠારીના ડેલામાં માનવ મહેરામણ છલકાયો. લોકહૈયા હિલોળે ચઢ્યા. જેમ-જેમ વલ્લભાખ્યાન ગવાતું ગયું તેમ તેમ સાંભળનારાના હૃદયમાં ભક્તિ સાગર ઉપડવા લાગ્યો. ઘરના શ્રીગુસાંઈજી અમી દૃષ્ટિ દ્વારા ગોપાલ દાસના કંઠમાં જાણે કે સરસ્વતિનો પ્રવાહ ઠાલવી રહ્યા અને એ જ પ્રવાહ શબ્દ ધારણ કરીને પોતાના સ્વામી શ્રીવાધીશ શ્રીવલ્લભાચાર્યજીના ગુણગાન ગાઈને મુખરીત થઈ રહ્યો હતો. ગોપાલદાસે કુલ નવ કડવા ગાઈને વલ્લભાખ્યાન સંપૂર્ણ કર્યું. શ્રીગુસાંઈજી નાચી ઊઠ્યા : ''વાહ, હવે ગોમતીનો વર સાગર થયો.' ગોપાલદાસ બેઠાં બેઠાં જ શ્રીગુસાંઈજીના ચરણોમાં લેટી પડ્યા. શ્રીગુસાંઈજીએ પ્રેમથી ગોપાલદાસને ઊઠાડ્યા અને આશીર્વાદ આપ્યાં.


## બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (ભારતીય માનક બ્યુરો)




ગત મે માસની ૨૩મી તારીખે, ન્યુ દિલ્હી મધ્યે આંતારાષ્ટ્રિય માનકીકરણ સંસ્થા (ISO) Consumer Policy કમીટી (COPILCO) ની ૪૪મી આંતરરાષ્ટ્રિય ગોષ્ઠિનું ભારતીય માનક બ્યુરો (Bureau of Indian Standards) BIS દ્વારા આયોજન થયું. ઉપભોક્તા હિતો જાળવવા અને વસ્તુઓની ગુણવતાના આંતારાષ્ટ્રિય આધાર નિર્ધારીત ISO ની આ ગોષ્ઠિમાં ૨૯ દેશોના ૭૬ પ્રતિનિધીઓ તેમજ ભારત સ્થિત વિવિધ ગ્રાહક સુરક્ષા સંસ્થાઓના પ્રતિનિધીઓ, વિવિધ વિષયના તજજ્ઞો અને ભારતિય માનક બ્યૂરોના ઉચ્ચ અધિકારીઓએ ભાગ લીધો. આ સંસ્થાના વૈજ્ઞાનિકજી અને ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ (નિવૃત) શ્રી નિકિતકુમાર કંસારા જેઓ હાલે ઉત્પાદોની ગુણવતાના ધોરણો અંગે જન-ચેતના જાગૃતિ આયામોના આયોજન સલાહકાર તરીકે કાર્યરત છે, તેઓશ્રી એ ગોષ્ઠિના પ્રારંભે આમંત્રીત ડેસી ગેટસનું સ્વાગત કર્યું. શ્રી કંસારાએ ગોષ્ઠિની પ્રથમ સત્ર "Challenges and good practices for consumer engagement" વાર્તાલાપ સેસનને સંબોધન કર્યું. તેઓશ્રી એ ભારતીય માનક બ્યૂરોની માનકીકરણ પ્રક્રિયા અને સ્થાપિત ધોરણોના અનુપાલન વિષે કેસ-સ્ટડી પ્રસ્તુત કરી. એ ઉપરાંત બ્યૂરો દ્વારા કેન્દ્ર તેમજ રાજ્ય સરકારી સંસ્થાઓ અને પ્રબંધો, ઔદ્યોગિક ઉપક્રમો, ગ્રાહક સુરક્ષા સંસ્થાઓ તેમજ શિક્ષણ સંસ્થાઓ સાથે સક્રિય સંપર્ક સ્થાપિત કરવા તાજેતરમાં પ્રાયોજીત આયામો ઉજાગર કર્યા. વસ્તુઓની ગુણવતાના મહત્વ અંગે યુવા-ચેતના જાગૃત કરવા તાજેતરમાં સ્થાપિત માનક ક્લબોમાં એક લાખથી વધુ સભ્યો થઇ ચુક્યા છે અને નિરંતર વધે છે જે આમ જન-સમુહમાં ગુણવતા જાગ્રૃતી હેતુ કડીરૂપ તરીકે મહત્વનું યોગદાન પ્રદાન કરશે.




**COPOLCO પ્રતિનિધિઓને સંબોધતા શ્રી નિકિતકુમાર કંસારા**



# શ્રીમદ્ ભાગવત કથા - નખત્રાણા

સતીસભાઈ મહેન્દ્રભાઈ બગ્ગા - નખત્રાણા

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ (ધાર્મિક ગ્રુપ) આયોજીત શ્રીમદ્ ભાગવત કથાનું નખત્રાણા મુકામે આયોજીત કરવામાં આવેલ

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ (ધાર્મિક ગ્રુપ) નખત્રાણા દ્વારા તાઃ ૩૦/૧૧/૨૦૨૨થી તાઃ ૦૬/૧૧/૨૦૨૨ સુધી શ્રીમદ્ ભાગવત કથા પારાયણનું એક ભવ્ય આયોજન નખત્રાણા મુકામે યોજવામાં આવેલ હતું. પ્રારંભમાં નખત્રાણામાં પ્રાચીન લક્ષ્મીનારાયણ (ઠાકરમંદિર)થી પોથી પ્રારંભ કરવામાં આવેલ. જેમાં એક ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી. જેમાં નાની બાળિકાઓ વિવિધ વેશભુષા સાથે (નવદુર્ગા)નાં સ્વરૂપમાં, તેમજ ૧૦૧ કળશધારી બહેનો, પોથીયજમાનો તેમજ નખત્રાણાની આજુ-બાજુનાં તેમજ નખત્રાણાની જ્ઞાતિનાં મોટી સંખ્યામાં ભાઈઓ, બહેનો, યુવાનો આ શોભાયાત્રામાં જોડાયા હતા.

જે શોભાયાત્રા નખત્રાણાનાં મુખ્ય માર્ગો ઉપર પસાર થઈ ભવ્ય બેન્ડ-વાજા, ઢોલ શરણાઈ સાથે ભવ્ય દાંડિયારાસ રમતાં કથા મંડપ સ્થળે પહોંચી હતી. જ્યાં સમાજનાં આગેવાનો તેમજ કથા સમિતિનાં આયોજકો દ્વારા મુખ્ય યજમાન ભરતભાઈ ડુંગરશી કટ્ટા (કાદિયાવાળા) તેમજ તેમનાં ધર્મપત્ની દમયંતીબેન મુખ્ય પોથી સાથે આવેલ. જે પોથીનું સન્માન કરવામાં આવેલ. ત્યારબાદ વાજતે-ગાજતે મુખ્ય યજમાન દંપતિ દ્વારા વ્યાસપીઠ ઉપર પોથી પધરાવવામાં આવેલ. પ્રારંભમાં કથાનું દિપ પ્રાગટય સૌ પ્રથમવાર નાની બાળિકાઓ કે જેમણે નવદુર્ગાનાં રૂપમાં આવેલી હતી. જેમનાં વરદ હસ્તે દિપ પ્રગટાવી કથાનો પ્રારંભ કરવામાં આવેલ.

તેવીજ રીતે કથાનાં વક્તા દેવેન્દ્રભાઈ જોષી (પંડિત)નું વ્યાસપીઠ ઉપર ધાર્મિક સમિતિનાં કન્વીનર સતીષ મહેન્દ્રભાઈ સોની (બગ્ગા) તેમજ મહિલા સમિતિનાં કન્વીનર કલ્પનાબેન જયેશભાઈ કટ્ટા દ્વારા સન્માન કરવામાં આવેલ, તેમજ કથા સમિતિનાં અન્ય હોદ્દેદારો એ પણ કથાનાં મુખ્ય આચાર્ય હરેશ મહારાજનું સન્માન કરેલ.

કથાનાં પ્રારંભમાં સૌને આવકારતાં ભાગવતકથાનાં પ્રણેતા શ્રીઓ હિરાલાલભાઈ સોની તેમજ હેમેન્દ્રભાઈ કંસારા એ ભાગવત કથાનાં આયોજનનું હેતું સમજાવતાં જણાવ્યું કે, તાજેતરમાં કોરોના જેવી મહામારીમાં આપણી સમાજનાં ઘણાં ભાઈ-બહેનો એ પોતાનો દેહ ગુમાવ્યો હતો અને પોતાની જીવનલીલા સંકેલી પરધામ સીધાવ્યા હતા. પરંતુ આ એક દર્દનાક વિદાય હતી. જેમાં પરિવારનાં



કોઈપણ સભ્ય તેમને અંતિમ સમયે સ્પર્શ પણ કરી શક્તા ન હતા. કે તેમની બાજુમાં ઉભી શક્તા પણ ન હતા.

ત્યારે આવી કરૂણ ઘટનાનાં ભોગ બનેલ ભાઈ-બહેનોની સદ્દગતિ થાય તે માટે એક પોથી રાખવામાં આવેલ છે. અને તેમનું પરમોક્ષધામ થાય અને સદ્દગતિ થાય તે માટે આ આયોજન છે. તદ્દઉપરાંત હાલનાં સમયમાં ઘણા પરિવારો પોતાનાં પિતૃઓનાં મોક્ષાર્થે ભાગવતકથા પોતાનાં ઘરે કરવા વિચારતા હોય છે. પરંતુ મોટા આયોજન, મોટા ખર્ચ અને સમયની અનુકુળતા ન હોઈ આ કાર્ય થઈ શકતું નથી. અને પિતૃઓનાં મોક્ષ ન થવાથી પરિવારને પણ ઘણી બધી તકલીફો સહન કરવી પડતી હોય છે. ત્યારે આયોજનમાં કુલ્લ ૮૧ જેટલા, પિતૃઓની પોથીઓ રાખવામાં આવેલ છે. જેમાં સામાન્ય રૂા. ૫૧૦૦/- જેટલો શુલ્ક લઈ બાકીની તમામ જવાબદારીઓ સમિતિએ લીધેલ છે. અને જેનાં કારણે પિતૃઓનાં મોક્ષધામનું કાર્ય આ કથા દ્વારા થઈ રહ્યું છે.

સાત દિવસની સપ્તાહમાં દેવેન્દ્ર મહારાજે ભાગવતનાં વિવિધ પ્રસંગો, ભાગવતનો હેતુ, કૃષ્ણલીલા, રામજન્મ, સુદામા ચરિત્ર, રૂક્ષ્મણી વિવાહ ગોવર્ધન પર્વત અને કૃષ્ણ જન્મ વિગેરેનાં પ્રસંગો, સંગીતનાં સહારે ભાવસાથે પ્રસંગો વર્ણવ્યા હતા અને જેનાં કારણે શ્રોતાઓ પણ ભાવવિભોર બની ગયા હતા.

પ્રત્યેક પ્રસંગો પ્રાગટ્ય સ્વરૂપે ઉજવવામાં આવેલ હતાં. જેમાં સમાજનાં યુવાનો, અગ્રણી વેપારીઓ અને બહેનો પ્રસંગરૂપ વેશભુષામાં હોશભેર ભાગ લીધો હતો. કૃષ્ણ જન્મમાં સોના-ચાંદીનાં અગ્રણી વેપારી ઘન્શ્યામભાઈ ગાંગજી પરિવાર તેમજ ગંગારામભાઈ મનજી બુધ્ધભટ્ટી પરિવારે લાભ લીધો હતો. તેવીજ રીતે રામ જન્મ પ્રસંગમાં નખત્રાણાનાં સોના-ચાંદીનાં યુવા અગ્રણી વેપારીઓ શ્રી દિપક ગંગારામભાઈ કટ્ટા (રામ), મેહ્રીન રમેશભાઈ બગ્ગા (લક્ષ્મણ), અંકિત છગનભાઈ પોમલ (ભરત), રાજ ઘનશ્યામભાઈ

સાકરીયા (શત્રુઘ્ન) તેમજ સાગર ભરતભાઈ કટ્ટા એ ભાગ લીધેલ હતો. અને ઉમંગભેર રામ જન્મ પ્રસંગ ઉજવવામાં આવેલ.

તેવીજ રીતે રૂક્ષ્મણી વિવાહનો પ્રસંગ પણ, લગ્નોત્સવની જેમ ભવ્યાતિભવ્ય રીતે ઉજવવામાં આવેલ. જેમાં વરપક્ષે (કૃષ્ણ) શ્રીમતી વર્ષાબેન પ્રવિણભાઈ બગ્ગા, તેમજ કન્યાપક્ષે (રૂક્ષ્મણી) દિપાબેન જીજ્ઞેશભાઈ સાકરીયા જોડાયા હતા. તેમજ સુદામા ચરિત્રમાં ભરતભાઈ ડુંગરશી કટ્ટા રહ્યા હતા. તેમજ ગોવર્ધન પર્વતનાં પ્રસંગે કથા આયોજન સમિતિનાં મહિલા મંડળ દ્વારા છપ્પનભોગ અન્નકુટ રાખવામાં આવેલ હતો. જેમાં પણ મોટી સંખ્યામાં બહેનોએ ભોગ માટે અન્નકુટનો પ્રસાદ ઘરેથી તૈયાર કરી આવેલ. આ કથામાં મુખ્ય યજમાન શ્રી ભરતભાઈ ડુંગરશી કટ્ટા (કાદિયાવાળા) હસ્તે સાગરભાઈ ભરતભાઈ કટ્ટા પરિવારે ભાગ લીધેલ હતો. આ કથા જેમાં તેમનું રૂા. ૫૧૦૦૦/- નું યોગદાન રહ્યું હતું.

તેવીજ રીતે કથાની પૂર્ણાહુતી પછી નારાયણયજ્ઞના મહાપ્રસાદમાં દાતાઓ પૈકી રૂા. ૫૧૦૦૦/- મહેન્દ્રભાઈ મુળજી બગ્ગા પરિવાર (સતીષભાઈ, નવિનભાઈ, મનોજભાઈ), રૂા. ૫૧૦૦૦/- સોની ગંગારામ કરશનદાસ કટ્ટા પરિવાર(મધુસુદન જવેલર્સ - નખત્રાણા), રૂા. ૨૫૦૦૦/- સોની રવજીભાઈ કેશવજી સાકરીયા પરિવાર, રૂા. ૨૫૦૦૦/- સોની મનજીભાઈ કાનજી બુધ્ધભટ્ટી (હ. ગંગારામભાઈ), રૂા. ૨૫૦૦૦/- યોગેશકુમાર કેશવલાલ બારમેડા તથા રૂા. ૨૫૦૦૦/- સ્વ. રમેશભાઈ મોહનલાલ બગ્ગા (હ. હિરાલાલભાઈ મોહનલાલ બગ્ગા, બ્રેગીનભાઈ રમેશભાઈ બગ્ગા, મેબ્રીનભાઈ રમેશભાઈ બગ્ગા) પરિવારનું મુખ્ય આર્થિક યોગદાન રહ્યું હતું. રૂા. ૨૫૦૦૦/- મહેન્દ્રભાઈ ડુંગરભાઈ પરિવાર તરફથી (દયાપર). તેવીજ રીતે રૂા. ૧૧૦૦૦/- અને તેથી ઉપરની રકમનાં દાતાઓનો પણ મોટો સહયોગ પ્રાપ્ત થયેલ હતો.

કથા દરમ્યાન દરરોજ સાંજે સુકી પ્રસાદી તેમજ ઉજવણીનાં પ્રસંગોએ પણ પ્રસાદીના વિવિધ દાતાઓ તરફથી પ્રસાદીનું વિતરણ કરવામાં આવતું હતું. કથા દરમ્યાન દરરોજ સાંજે તેમજ ઉત્સવોનાં દિવસે બન્ને સમયે ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં પોથીયજમાન, બહારથી પધારતા આમંત્રિત મહેમાનો, તેમજ બ્રહ્મદેવો માટે દાતાઓનાં સહયોગથી ભોજન પ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવેલ હતી. જેમાં દરરોજ ૫૦૦થી ૭૦૦ લોકો લાભ લેતા હતા. કથાનાં પૂર્ણાહુતી પછી નારાયણ મહાયજ્ઞનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં યજ્ઞની પૂર્ણાહુતી પછી મહાપ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવેલ હતી. કથા દરમ્યાન દરરોજ રાત્રે વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવતું હતું. જેમાં બી.એ.પી.એસ. સ્વામીનારાયણ સંસ્થા દ્વારા સત્સંગ, સમાજની બહેનો દ્વારા ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ જ્ઞાતિનાં ભાઈઓ, બહેનો અને યુવાનોનો



રાસોત્સવ મુખ્ય આકર્ષણ રહ્યા હતા. કથા દરમ્યાન દરરોજ સવારે અને કથાની વિરામબાદ પિતૃઓની પોથી પૂજન કરવામાં આવતું હતું. જેમાં ઘણા પિતૃઓ પણ પ્રત્યક્ષ રીતે આવી આશિર્વાદ આપતા હતા.

આ કથામાં શ્રી હિરાલાલ મોહનલાલ બગ્ગા તથા પ્રવિણભાઈ મોહનલાલ બગ્ગા, ગંગા સ્વરૂપ જયાબેન રમેશભાઈ બગ્ગા, ગંગા સ્વરૂપ નર્મદાબેન કેશવજીભાઈ બગ્ગા જીવતે જગતીયું કરી કથા શ્રવણ કરી હતી. જેમાં ગંગા સ્વરૂપ નર્મદાબેન કેવલલાલ બગ્ગા હસ્તે હરેશકુમાર કેશવલાલ તરફથી રૂા. ૨૨૦૦૦/- કથા સમિતિને અર્પણ કરેલ હતા. આ કથા દરમ્યાન અબડાસા વિસ્તારનાં ધારાસભ્ય શ્રી પ્રધ્યુમનસિંહ જાડેજા, કચ્છ અને કચ્છ બહારથી જ્ઞાતિનાં આગેવાનો, હોદેદારો, મહિલા મંડળ, યુવક મંડળનાં હોદેદારો, મહામંડળનાં પ્રમુખશ્રી તેમજ પશ્ચિમ કચ્છમાંથી તમામ ગામોમાંથી મોટી સંખ્યામાં કથા શ્રવણનો લાભ લીધેલ હતો. જેમાં હોદેદારો આગેવાનોનું કથા સમિતિ દ્વારા સન્માન કરવામાં આવેલ હતું.

કથા દરમ્યાન મુખ્ય યજમાન દંપતિ, સહયોગી દાતાઓનું વિશિષ્ટ સન્માન તેમજ વક્તાશ્રીનું અને આચાર્યશ્રીનું વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ હતું. તેવીજ રીતે કંકોત્રીનાં સહયોગી દાતા સોની જયંતિલાલ મગનલાલ મૈચા તથા દરરોજ ફિલ્ટર પાણી સપ્લાય કરતા અતુલ ધનજીભાઈ સોની, પ્રિન્ટીગ કામ માટે દ્રષ્ટિ કોમ્પ્યુટર (નેત્રા) નીતિનભાઈ સોની તેમજ કથા દરમ્યાન સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા હંસરાજભાઈ ડુંગરશી પરમાર તેમજ કથા દરમ્યાનનું યુટ્યુબ ઉપર લાવઇ પ્રસારણ કરવા બદલ જોગમૈયા સ્ટુડીયો - નેત્રા તથા મંડપ લાઈટ ડેકોરેશન માટે સોમૈયા મંડપ તેમજ માઈક વ્યવસ્થા માટે આવળ ઈલેક્ટ્રોનીકસ જેવા મુખ્ય વ્યક્તિઓનું સન્માન કરવામાં આવેલ હતું. તેવીજ રીતે નખત્રાણાનાં વહીવટી તંત્ર શ્રી .....વાલા સાહેબ, નાયબ ઈજનેર પંચાતય તરફથી તેમજ શ્રી જાડેજા સાહેબ, નાયબ ઇજનેર વિદ્યુતબોર્ડ-નખત્રાણા તથા ગ્રામ પંચાતય-નખત્રાણા અને પત્રકારોનો પણ આભાર માનવામાં આવેલ હતો.

આ ભાગવત કથાને સફળ બનાવવા શ્રી સતીષભાઈ મહેન્દ્રભાઈ બગ્ગા (કથા કન્વીનર), શ્રી રાયણભાઈ મોહનલાલ પરમાર (ખોંભડી)(સહકન્વીનર), શ્રી ગોવિંદભાઈ ધનજી બુધ્ધભટ્ટી

તેમજ શ્રી દિપકભાઈ ગંગારામ કટ્ટા (સહકન્વીનર), જયેશ રતિલાલ કટ્ટા (ખજાનચી), બ્રેગીનભાઈ રમેશભાઈ બગ્ગા તથા પ્રફુલભાઈ મોહનલાલ કંસારા (મીડીયા)ની સાથે ભોજન વ્યવસ્થામાં રમણિકલાલ ગોકલદાસ સોની, તુલસીદાસ વિસનજી સોની, ધીરજલાલ મનસુખલાલ સોની, બટુલ વિશનજી કટ્ટા, જયેશ મંગલદાસ સોની, ઉત્તમ રાજુભાઈ બગ્ગા તથા બટુક જેઠાલાલ સોની એ વ્યવસ્થા સંભાળી હતી.

તેમજ અન્ય સમિતિનાં સભ્યો મનસુખભાઈ ગાંગજી સાકરીયા, ઘનશ્યામભાઈ ગાંગજી સાકરીયા, છગલલાલ વેલજી પોમલ, મેબ્રીન રમેશભાઈ બગ્ગા, રસીકભાઈ ડુંગરશીભાઈ પોમલ, અનીલ હરિલાલ સોલંકી, સેફીન જયેશભાઈ કટ્ટા, કિશોરભાઈ લાલજી પરમાર રાજુભાઈ મુળજીભાઈ બગ્ગા, હાર્દિક જેઠાલાલ સોલંકી, ભાવિક હરિલાલ કટ્ટા, હર્ષિલભાઈ જેઠાલાલ સોલંકી, અતુલભાઈ ધનજી સોની, ઘનશ્યામ મોહનલાલ પરમાર, લીલાધર જીવરામ પોમલ, જેઠાલાલ હરિલાલ સોલંકી, અંકિત છગનલાલ પોમલ, જીજ્ઞેશ રમણિકલાલ સાકરીયા, સુરેશ નારણજી કટ્ટા, હરેશ જવેરીલાલ બીજલાણી એ વ્યવસ્થા સંભાળી હતી.

શ્રી શાન્તિલાલ ડુંગરશી કટ્ટા તથા ધનસુખ વિશ્રામ બગ્ગા એ ફંડ કાઉન્ટરની સુંદર વ્યવસ્થા નીભાવી હતી. મહિલા મંડળની કથા સમિતિનાં કન્વીનર કલ્પનાબેન જયેશભાઈ કટ્ટા, સહકન્વીનર રાધિલાબેન દિપકભાઈ કટ્ટા, સંયોજક હેતલબેન ભાવેશભાઈ પોમલ, જયાબેન કીરીટભાઈ બારમેડા, નિર્મળાબેન જેઠાલાલ સોની, વર્ષાબેન પ્રવિનભાઈ બગ્ગા, ક્રિષ્નાબેન અતુલભાઈ સોની, રંજનબેન રાજુભાઈ સાકરીયા, રસીલાબેન ગંગારામ બુધ્ધભટ્ટી, ભાવનાબેન અનીલભાઈ કટ્ટા, જયાબેન રમેશભાઈ બગ્ગા, ખુશાલીબેનઅંકિતકુમાર પોમલ, દમયંતીબેન ભરતભાઈ કટ્ટા, પ્રભાબેન મહેન્દ્રભાઈ બગ્ગા, રીટાબેન ઘનશ્યામ સાકરીયા, પ્રજ્ઞાબેન પ્રફુલભાઈ કંસારા, દક્ષાબેન હિરાલાલ સોની, રસીલાબેન ધીરજલાલ કટ્ટા, જ્યોત્સનાબેન અનીલભાઈ સોલંકી, મીતલબેન પ્રતિકભાઈ સાકરીયા, કૃપાબેન સતીષભાઈ બગ્ગા, સોનાલીબેન નવિનભાઈ બગ્ગા, જ્યોતીબેન મનોજભાઈ બગ્ગા, ભારતીબેન રાજુભાઈ બગ્ગા, કુસુમબેન નારાણભાઈ પરમાર, દિપાબેન જીજ્ઞેશભાઈ સાકરીયા, પુજાબેન ભરતભાઈ કટ્ટા, રીનાબેન બ્રેગીનભાઈ બગ્ગા, ક્રિમાલીબેન મેબ્રીનભાઈ બગ્ગા, જ્યોતીબેન યોગેશભાઈ બારમેડા, દિપાબેન દિનેશભાઈ કટ્ટા, હેમાબેન કલ્પેશભાઈ કોટડીયા, હર્ષિદાબેન દિપકભાઈ સાકરીયા, સંગીતાબેન નિલેશભાઈ કટ્ટા, કૌશલ્યાબેન બટુકભાઈ બીજલાણી, નેન્સીબેન હેમેન્દ્રભાઈ કંસારા, લતાબેન આનંદભાઈ પરમાર સહિતની બહેનોએ સુંદર વ્યવસ્થા સંભાળી હતી.

કથા દરમ્યાન સગપણ ગ્રુપનાં આયોજકો શ્રી બ્રેગીનભાઈ બગ્ગા, નારાણભાઈ પરમાર, પ્રફુલભાઈ કંસારાએ સગપણ ગ્રુપની વિસ્તૃત માહિતી આપી હતી. સમગ્ર કથા દરમ્યાન કાર્યક્રમનું સંચાલન હિરાલાલભાઈ સોની, હેમેન્દ્રભાઈ કંસારા, નારાણભાઈ પરમાર, પુજાબેન કટ્ટા, ભાવેશ સુરેશભાઈ બગ્ગા એ કરેલ હતું.

## રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ (સેન્ટ્રલ રૂલ્સ) ૧૯૫૬ અન્વયે 'જ્ઞાતિસેતુ' અંગેની માહિતી ફોર્મ-૪, રૂલ-૮


| | |
|---|---|
| ૧. પ્રકાશનનું સ્થળ | : અમદાવાદ |
| ૨. પ્રકાશનનો ગાળો | : દ્વિ-માસિક |
| ૩. મુદ્રકનું નામ | : મનુભાઈ વી. કોટડીયા - ચેરમેન - જ્ઞાતિસેતુ સમિતિ, શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ |
| મુદ્રકની રાષ્ટ્રીયતા | : ભારતીય |
| મુદ્રક સ્થાન | : માધવી પ્રિન્ટીગ પ્રેસ, અનુપમ સિનેમાની પાસે, ખોખરા, અમદાવાદ. |
| ૪. પ્રકાશકનું નામ | : મનુભાઈ વી. કોટડીયા - ચેરમેન - જ્ઞાતિસેતુ સમિતિ, શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ |
| પ્રકાશકની રાષ્ટ્રીયતા | : ભારતીય |
| પ્રકાશકનું સરનામું | : શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ, C/o ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેક ચોક, અમદાવાદ |
| ૫. સંપાદકનું નામ | : હંસરાજ ઠાકરશી કંસારા |
| સંપાદકની રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સંપાદકનું સરનામુ | : ૧/૧/૪, સમૃદ્ધિ ફ્લેટ, રામેશ્વરમ એપાર્ટમેન્ટ, દેવ આશિષ સંકુલ પાસે, રામદેવનગર, અમદાવાદ-૮૦ ૦૧૫. |
| ૬. અખબારની માલિકી | : શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ |
| સરનામું | : C/o. ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેક ચોક, અમદાવાદ. |

**હું મનુભાઈ વી. કોટડીયા, શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ વતી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી જાણ અને માન્યતા પ્રમાણે સાચી છે.**

**અમદાવાદ, તા. ૨૦-૦૬-૨૦૨૩** **મનુભાઈ વી. કોટડિયા, પ્રકાશક અને મુદ્રક - 'જ્ઞાતિસેતુ'**

## જ્ઞાતિ ગૌરવ

# ગુજરાત ગૌરવ - પ્રવિણા મહિચા


જયેશ ઘડિયાળી

## ફૂલોનું ભાગ્ય બદલનાર કલાકાર પ્રવિણા મહિચા

ફૂલ ખરીને સૂકાઈને વિસરાઈ જાય છે. લગભગ આ પૃથ્વીના તમામ ફૂલોનું તકદીર મહેકીને સૂકાઈ જવું અને એ પછી વિસરાઈ જવાનું હોય છે. પણ પ્રવિણા મહિચાને ત્યાં ફૂલ ખીલે છે એ પછી મહેકે છે એ પછી સુકાય છે પણ તેના રંગો રેલાય છે ને એક ચિત્ર સાથે એ અમર થઈ જાય છે.

આમ ફૂલોની નિયતિ બદનારા કલાકાર પ્રવિણા મહિચાની કલાકાર તરીકેની ખમીરી એ છે કે તેમણે પ્રકૃતિ સાથે ક્યારેય સમાધાન નથી કર્યું. તેમના ઉન્નત મનમાં હંમેશા કુદરતના રંગો રેલાયા છે અને તેમણે તેમના પિતાના વારસામાંથી મળેલા આ રંગોને હૂબહુ સુતરાવ કાપડ અથવા રેશમી કાપડ પર રેલ્યા છે.

પ્રવિણા મહિચા એટલે એક કલાકાર, એક કલાશિક્ષક અને એક ઉત્તમ ગૃહિણી. ઘરની જવાબદારીઓ સાથે કલાના દરેક આયામોમાં સંતુલન રાખીને રેલાતું વ્યક્તિત્વ. ફૂલોની ક્યારીઓ તેમનું રસોડું છે. ફૂલોની સખી એવા પ્રવિણા મહિચાની અંતરયાત્રા અનોખી છે. તેમનું કામ આકાશે અડીને પોકાર કરે એવું છે. દરેક રંગ કુદરતી પ્રક્રિયાની ધીરજ સાથે અસ્તિત્વમાં આવે છે. રંગોની દેવી પ્રવિણા મહિચાને મળેલા આ બહુમાન અગાઉ રાજ્ય કક્ષાનો એવોર્ડ, કેન્દ્રીય વિદ્યાલય તરફથી મળેલો ઈન્સેટિવ એવોર્ડ અને લલિત કલા એવોર્ડ અને હવે ગુજરાત ગૌરવ પુરસ્કાર ખરેખર ગુજરાતનું જ ગૌરવ વધારી રહ્યો છે.



ગુજરાતના આગવા કલાકાર તનસુખ મહિચાના કુદરતી રંગોનું સ્મરણ એટલે પુત્રી પ્રવિણા મહિચા. પિતાનો સ્થાવર વારસો તો આ વિશ્વમાં સૌ કોઈ સાચવે છે પરંતુ પિતાની સંવેદનાઓ સાચવવાનું અમૂલ્ય કામ પ્રવિણા મહિચાએ કર્યું છે. દેવોની પૂજા ફૂલો થકી થાય છે પણ ફૂલોની પૂજા પ્રવિણા મહિચા થકી થાય છે.

માત્ર આટલું જ નહી પરંતુ પ્રવિણા મહિચા પણ પોતાની એક નવી કલાપેઢીનું સર્જન કરી રહ્યા છે જે ભારતીય રંગોની અસ્સલ પ્રાચીન રીત-રસમને બખૂબી સાચવી શકે. આમ પ્રવિણા મહિચાએ પોતે કુદરતી રંગો રેલાવ્યા અને સાથે એક એવી ઉન્નત પેઢીનું સંવર્ધન કર્યું છે જે ભારતીય ઈતિહાસમાં રંગોના વારસના સદીઓ પર્યંત ચિરસ્થાયી રાખશે.

કિંતુ ગઢવી (કલા ગ્રામ)

સૂર્યાસ્ત અને સાંજ પડવાની વચ્ચે, જો તમે ઝાડ નીચે ઊભા રહો છો; મૌનથી, પાંદડાઓનો ખડખડાટ, પંખીની પાંખોનો ફફડાટ સાંભળીને, ફૂલોની સુગંધમાં ઊંડા શ્વાસ લેતા, તમે પ્રવીણા મહિચાના ચિત્રો સમજી શકશો.

એસ્થર ડેવિડ

નાનપણથી મારા પિતા શ્રી તનસુખ મહિચાને કુદરતી રંગોથી ચિત્રો બનાવતા જોતી અને એમને મદદરૂપ થતી, આમ આ રંગો એમના જીવનમાં વણાઈ ગયા. હથેળીઓ પર 'મહેંદી'ની ડિઝાઈનથી કલાની શરૂઆત થઈ અને આગળ વધતા કલાકાર અને કલા શિક્ષક બની ગઈ.

પ્રવીણા મહિચા, પ્રકૃતિના સંસ્કરણને સંવેદનશીલ આંખ સાથે અર્થઘટન કરે છે, અને તેને તેઓ અન્ય સ્તરે લઈ જાય છે, 'જીવનનું વૃક્ષ' અથવા 'કલ્પવૃક્ષ' ભારતીય ફિલસૂફીમાં જાણીતું છે; 'દૈવી વૃક્ષ' તરીકે જે પૃથ્વી પરના તમામ જીવનને ટકાવી રાખે છે; એ પ્રવીણાના સર્જનાત્મક જીવનના કેન્દ્રમાં રહે છે. કુદરતી રહેવું અને કુદરતના બનીને રહેવું અને એના રંગમાં રંગાઈને રહેવું એ એનું મુખ્ય વિષય વસ્તુ છે. જીવન વૃક્ષ અથવા કલ્પવૃક્ષ દેવી વૃક્ષ મુખ્ય ચિત્રનો વિષય રહયો છે જે પૃથ્વી પરના તમામ જીવોને ટકાવી રાખે છે પ્રવિણા સર્જનાત્મક જીવનને કેન્દ્રમાં રાખે છે સાથે પરંપરાગત શૈલીનો ઉપયોગ પણ કરે છે એમણે ગુજરાતની ટાઈએડડાઈનો ઉપયોગ કરી અને ઈન્ડીગોમાં એબ્સ્ટ્રેક્ટ પેઈન્ટિંગ પણ બનાવ્યા છે. ફૂલો, પાંદડા, ફળોના છોતરા, ઝાડના મૂળ જેવા કે હરડા, બહેડા, નાગ કેસર, હળદર, ગલગોટાના ફૂલ, દાડમની છાલ, ડુંગળીના છોતરા, મજીઠ, કાથો રતનજ્યોત, ઈન્ડિગો જેવી વિવિધ વનસ્પતિઓમાંથી રંગ બનાવે છે, જેમ કે લાલ, પીળો, નારંગી, કથ્થઈ, ગુલાબી, જાંબલી, લીલો, વાદળી ભૂખરા રંગની સાથે કાળા રંગના શેડ્સ છે, જે તેના મોટા ભાગના ચિત્રોમાં વૈવિધ્યસભર

સ્વરમાં પરિવર્તિત થાય છે.

પ્રવીણા મહિચા દ્વારા બનાવેલા સુંદર લેન્ડસ્કેપ્સમાં તેમના વૃક્ષો ઉંચા ઉભા છે અને હંમેશા સંપૂર્ણ ખીલેલા છે, ફૂલો, વૈભવી પાંદડા અને સંપૂર્ણ પાકેલા ફળોથી ઢંકાયેલ છે, જે પક્ષીઓ, પતંગિયાઓ, જંતુઓ, ખિસકોલીઓ, મોર, પોપટ, હરણ, ગાય, હાથી, જિરાફ, વાઘ અને સિંહોને આમંત્રણ આપે છે, ઘણીવાર દેખાય છે. અને અદૃશ્ય થઈ જાય છે અને પર્ણસમૂહમાં ફરીથી દેખાય છે, કારણ કે તેઓ એકસાથે અસ્તિત્વ ધરાવે છે જે ઘણીવાર અનંત ક્ષિતિજો અને થીમ્સ તરફ ફેલાય છે, જ્યાં નદી જંગલમાંથી પસાર થાય છે, બહુવિધ પરિપ્રેક્ષ્યો બનાવે છે, તેઓ તેના સ્વરૂપોને ઊભી જગ્યાઓમાં કંપોઝ કરે છે, જે ઘણીવાર અનંત ક્ષિતિજો તરફ ફેલાય છે, જ્યાં નદી જંગલમાંથી પસાર થાય છે, જ્યાં ભગવાન કૃષ્ણ મધ્યમાં દેખાય છે; 'કદંબ' વૃક્ષના પર્ણસમૂહની વચ્ચે તેની હાજરી પ્રગટ કરે છે, જે તેની આસપાસ છે. તે બ્રહ્માંડના નાના કણમાં રૂપાંતરિત થાય છે અને તેની વાંસળી વગાડતા તેના ફૂલમાં સંતાઈ જાય છે, પરંતુ મોર દૈવી ધૂન સાંભળીને તેને પોતાને પ્રગટ કરવા કહે છે અને જ્યારે 'બ્લુ ગોડ' દેખાય છે, ત્યારે સ્મિત કરે છે, અને કહે છે, 'હું છું...'

કેટલીકવાર, પ્રવીણાની શૈક્ષણિક પૃષ્ઠભૂમિ સામે આવે છે, કારણ કે તે ભારતીય લઘુચિત્ર ચિત્રો અને આધુનિક કલા વલણોથી પ્રેરિત છે. આ તેમના ચિત્રોમાં એક મજબૂત ગ્રાફિક તત્વ આપે છે, જે કેક્ટસ જેવા સ્વરૂપમાં શ્રેષ્ઠ રીતે જોવા મળે છે, લગભગ ત્રિ-પરિમાણીય સ્વરૂપમાં અને ઝાડની વચ્ચે તેની તીક્ષ્ણ કરોડરજ્જુ પર ઉભા છે, જે થાંભલાઓ જેવા હોય છે. કલાકાર રંગોની રચના બનાવે છે, જે વિભાજિત થાય છે. વિવિધ પ્રધાનતત્ત્વ અને રંગો સાથે આમાં રંગીન કાચની બારી જેવી પારદર્શક ગુણવત્તા હોય છે, જ્યાં પ્રવીણા જ્વલંત પીળા વર્તુળમાં પડતા પ્રકાશના એક કિરણને રંગ કરે છે; અને કહે છે, '...મારા માટે, સૂર્ય ઊર્જાનો સ્ત્રોત છે, કારણ કે તે સમગ્ર બ્રહ્માંડને તેજ આપતી વખતે જુદી જુદી દિશામાં ફેલાય છે.'

કળાના પ્રખર પ્રેમી છે અને પરંપરાગત કલા પ્રત્યે ખૂબ જ લગાવ ધરાવે છે. તે કલાને અન્ય વિષયો સાથે જોડવા માટે આંતરશાખાકીય અભિગમનો ઉપયોગ કરે છે. રોજિંદા જીવન અને આમ વિદ્યાર્થીઓને તેમના પોતાના દ્રષ્ટિકોણથી સમજવામાં મદદ કરે છે. તે વિદ્યાર્થીઓને તેમની વ્યક્તિગત વર્તણૂકો અને વિચારસરણી પર ધ્યાન કેન્દ્રિત કરીને સર્જનાત્મક તેમજ જ્ઞાનાત્મક વિચારક તરીકે તેમની ક્ષિતિજને વિસ્તૃત કરવા પ્રોત્સાહિત કરે છે. તે વિદ્યાર્થીઓને તેમની પોતાની કલ્પનાને પાત્રોના રૂપમાં આકાર આપવામાં મદદ કરે છે જેની સાથે તેઓ ઓળખે છે. વિદ્યાર્થીઓને આર્ટ અને ક્રાફ્ટ વર્ક કરવા માટે સામેલ કરીને, તેમણે તેમનામાં કલા પ્રત્યેનો પ્રેમ અને કલાને જાળવવા માટેના તેના મહત્વને આત્મસાત કરવાનો પ્રયાસ કરે છે. તેઓને તેમના પિતા પાસેથી કલા પ્રત્યેનો અદમ્ય પ્રેમ વારસામાં મળ્યો છે અને તેઓ તેમના વિદ્યાર્થીઓ અને સાથીદારોમાં  ફેલાવવાનો પ્રયાસ કરે છે. તેમને લલિતકલા એકેડેમી એવોર્ડ, ૨૦૦૭ અને નેશનલ હેન્ડલૂમ હેન્ડીક્રાફ્ટ એવોર્ડ, ૨૦૦૫ એનાયત કરવામાં આવ્યો છે. એમની પેઇન્ટિંગ્સ સમગ્ર દેશમાં વિવિધ સ્પર્ધાઓમાં પસંદ કરવામાં આવી છે અને પ્રતિષ્ઠિત સંગ્રહાલયોમાં પ્રદર્શિત કરવામાં આવી છે. એમની પરંપરાગત કલમકારી પેઇન્ટિંગ KVS પ્રાદેશિક સ્તરની કલા શિક્ષકોની સ્પર્ધામાં પસંદ કરવામાં આવી હતી. કમ એક્ઝિબિશન ૨૦૧૮માં યોજાયું અને પછી તેમણેએ નેશનલ લેવલે ભાગ લીધો. એમના ઉત્કૃષ્ટ કાર્યને કારણે તેમને પ્રખ્યાત KVS પ્રાદેશિક પ્રોત્સાહન પુરસ્કાર ૨૦૧૭ મળ્યો.



**અમદાવાદ જ્ઞાતિ તરફથી પ્રવિણાબેનનું સન્માન કરતા પ્રમુખશ્રી અતુલ સોની તથા મંત્રીશ્રી જયેશભાઇ ઘડિયાળી**

વિષયો વિશે સ્પષ્ટતા આપવા માટે તે અસરકારક રીતે ICTનો ઉપયોગ કરે છે. આમ તેઓ પરંપરાગત પેઇન્ટ બ્રશ તેમજ માઉસ/કર્સરનો ઉપયોગ કરે છે. આ વિદ્યાર્થીઓને લોગો અથવા વેબ પેજ ડિઝાઇનર તરીકે કલાને આગળ ધપાવવા માટે સક્ષમ બનાવે છે. આનાથી તેઓને ખૂબ જ નાની ઉંમરથી જ લાગણીઓનો સામનો કરવા અને તેમના વ્યક્તિગત વ્યક્તિત્વને વ્યક્ત કરવાનો નવો આત્મવિશ્વાસ મળે છે. વિશિષ્ટ રીતે સક્ષમ વિદ્યાર્થીઓ અને શિક્ષકો એકબીજા સાથે ક્રિયાપ્રતિક્રિયા કરી શકે અને ઉત્પાદક રીતે કાર્ય કરી શકે તેવા વાતાવરણની સુવિધા એ એક એવી વસ્તુ છે જેમાં શ્રીમતી પ્રવીણા મહિચા ઉત્કૃષ્ટ છે. તેમ છતાં તેમની પ્રથમ રુચિ પરંપરાગત કલા હતી, તેમણે સમકાલીન કલાને પણ તે જ ખુલ્લા મનથી સમાવી લીધી છે.

# વરિષ્ઠ વડીલોત્સવ


(ડી. કે. શાહ) અધ્યક્ષ - વડીલ પરિવાર સમિતિ

## શ્રી દિલ્હી ગુજરાતી સમાજે ઉજવ્યો અનોખો ''વરિષ્ઠ વડીલોત્સવ''

ગત રવિવાર (૩૦.૦૪.૨૦૨૩)ને રોજ દિલ્હીમાં વસતા ૮૨ વર્ષથી વધુ વયના ગુજરાતી વરિષ્ઠ વડીલોના ગૌરવપ્રદ સન્માનનો અનોખો ઉત્સવ ઉજવ્યો હતો. આ ઉત્સવ વડીલો, તેમના પરિવારના સભ્યો તેમજ અન્ય ગુજરાતી પરિવારોએ મનભરીને માણ્યો હતો.

૧૨૫ વર્ષની ઉજ્જ્વળ કારકિર્દી ધરાવતા દિલ્હીના શ્રી દિલ્હી ગુજરાતી સમાજની, ખાસ કરીને એના અતિથિગૃહને લીધે, સમસ્ત ભારતમાં વિશેષ ઓળખ છે. શ્રી સમાજે વર્ષ ૨૦૦૩-૦૪માં વડીલ પરિવારની સ્થાપના કરી ત્યારથી લઈને, છેલ્લા વીસ વર્ષ દરમયાન ૧૫૬ વરિષ્ઠ વડીલોનું સન્માન કરેલ છે. આ કડીમાં, આ વર્ષે ૮૨ થી ૯૨ વર્ષના કુલ ૪૫ વડીલોનું સન્માન કર્યું.

મુખ્ય અતિથિ મોરેપેન લેબોરેટરીઝના ચેરમેન તથા મેનેજીંગ ડાયરેક્ટર શ્રી સુશીલ સુરી અને એમના ધર્મપત્નીએ કાર્યક્રમના આરંભથી અંત સુધી વરીષ્ઠોનો સત્સંગ કર્યો અને એમની સાથે ભોજન કર્યું. પ્રત્યેક વડીલનું જાતે પાયવંદન કરી, શાલ ઓઢાળી, સ્મૃતિચિન્હ અર્પણ કરી ગૌરવપ્રદ સન્માન કર્યું.



શ્રી સુરીએ એમના સંબોધનમાં જણાવ્યું કે છેલ્લા ૪૦ વર્ષથી એમના પરિવારના ગુજરાત સાથે ઘનિષ્ઠ સંબંધ છે. એમના ભાઈ સુરતથી પરણ્યા છે. એમના એક બહેન ગુજરાતમાં પરણાવેલ છે. તેઓ દરરોજ કોઈને કોઈ ગુજરાતી વાનગીનો આસ્વાદ અવશ્ય માણે છે.




શ્રી સમાજના માનવંતા ટ્રસ્ટીઓ અને પદાધિકારીઓ સર્વશ્રી નિતિનભાઈ આચાર્ય (પ્રમુખ), શ્રીમતી મીનાબેન શાહ (ઉપ-પ્રમુખ), શ્રી કેતનભાઈ પોપટ (માનદ મુખ્ય મંત્રી) તથા વડીલ પરિવારના અધ્યક્ષ શ્રી દશરથભાઈ શાહ, ઉપાધ્યક્ષ શ્રી નંદલાલભાઈ ગઢિયા, શ્રી રમેશભાઈ મેહતા, સંયોજક શ્રી કિશનભાઈ શાહ, શ્રી શાંતિલાલભાઈ દેવીપૂજક, શ્રી મનોહરલાલ ગોહિલ, સહ-સંયોજક શ્રી બિપિનભાઈ કોબાવાલા, શ્રી સુભાષભાઈ શાહ તથા શ્રી પરેશકુમાર કંસારા ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી સમાજના આગેવાનોએ એમના સહયોગીઓનું, કાર્યક્રમના નિષ્ઠાપૂર્વક આયોજન બદલ ખાસ અભિવાદન કર્યું હતું.

આ કાર્યક્રમની વિશેષતા એ હતી કે સન્માનીત વરિષ્ઠ વડીલોએ, આ પ્રસંગે ''સમૂહ નૃત્યગાન'' પ્રસ્તુત કર્યું હતું. અત્રે પધારેલ સર્વે ગુજરાતી પરિવારોએ આ નૃત્યગાનમાં સોત્સાહ ભાગ લીધો હતો. શ્રીમતી અને શ્રી સુરી પણ આ નૃત્યમાં આરંભથી અંત સુધી સામેલ રહ્યા હતા,

કચ્છના વતની શ્રી હંસરાજભાઈ કંસારા એમના પરિવાર સહિત છેલ્લા ૬૦ વર્ષથી દિલ્હીમાં વસવાટ કરે છે. શ્રી સમાજે શ્રી હંસરાજભાઈ કંસારાનું ૮૯ વર્ષના વડીલ તરીકે સન્માન કર્યું હતું. શ્રી હંસરાજભાઈના પુત્ર શ્રી પરેશ કુમાર કંસારા, જેઓ ઘણા વર્ષથી શ્રીસમાજના સાનિષ્ઠ કાર્યકર્તા છે, તેઓએ વડીલ પરિવાર સન્માન આયોજન સમિતિના સહ- સંયોજક તરીકે સેવા આપી હતી. શ્રી હંસરાજભાઈના જયેષ્ઠ સુપુત્ર શ્રી શૈલેષભાઈ કંસારા, કચ્છના લોકપ્રિય દૈનિક, ''કચ્છ મિત્ર''માં મેનેજર છે.

# જ્ઞાતિ સમાચાર

## શ્રી મારૂ કંસારા સોની યુવક મંડળ - ભુજ

રાજ જે. બારમેડા - સહમંત્રી

### નૂતન કારોબારીની રચના

શ્રી મારૂ કંસારા સોની યુવક મંડળ ભુજના વર્ષ ૨૦૨૩ થી ૨૦૨૬ સુધી યુવક મંડળ કારોબારીની રચના કરવામાં આવેલ છે. જેમા પ્રમુખ પદે શ્રી સમીર અરવિંદભાઈ છત્રાળા, મંત્રી પદે સિચનભાઈ મોહનલાલ બુધ્ધભટ્ટી, ઉપપ્રમુખ પદે રાહુલ અમૃતલાલ સોલંકી અને કિવતાબેન બી. બારમેડા, સહમંત્રી પદે રાજ જયંતીલાલ બારમેડા તથા આશના ધિરજભાઈ બારમેડા, ખજાનચી પદે જીત જયેશભાઈ હેડાઉ અને સહ ખજાનચી પદે પાર્થ એન. ચત્રાળા અને રૂપબેન એન. ચનાણીની સર્વ સંમતીથી નિમણુક કરવામાં આવેલ છે.



શ્રી સમિરભાઇ
અરવિંદભાઇ છત્રાળા
પ્રમુખ



શ્રી રાહુલભાઈ
અમૃતલાલ સોલંકી
ઉપપ્રમુખ



શ્રી કવિતાબેન
બી. બારમેડા
ઉપપ્રમુખ



શ્રી સચિનભાઈ
મોહન બુધ્ધભટ્ટી
મંત્રી



શ્રી રાજભાઈ
જયંતિલાલ બારમેડા
સહમંત્રી



શ્રી આશનાબેન
ધિરજભાઈ બારમેડા
સહમંત્રી



શ્રી જીતભાઈ
જયેશભાઈ હેડાઉ
ખજાનચી



શ્રી રૂપબેન
એન. ચનાણી
સહ-ખજાનચી



શ્રી પાર્થ
એન. છત્રાળા
સહ-ખજાનચી

### ભુજના યુવાને બે કિલો ૬૫૬ ગ્રામનો વડાપાંઉ બનાવી વર્લ્ડ રેકોર્ડ રચ્યા

ભુજના યુવાને વિશ્વનો સૌથી મોટો વડાપાંઉ બનાવવાનો રેકોર્ડ રચ્યો. રસોઇ કલાક્ષેત્રે કંઇક અલગ નવું કરવાની અદમ્ય ઇચ્છા ધરાવતા ફુડ પાર્લર ચલાવતા દેવ બુદ્ધભટ્ટીએ બે કિલો અને ૬૫૬ ગ્રામનો જાયન્ટ વિશ્વનો સૌથી મોટો વડાપાંઉ માત્ર ૩૦ મિનિટના સમયમાં બનાવી વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે સ્થાપિત કર્યો છે. તેમની આ સિદ્ધિ બદલ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું તથા સર્ટિફીકેટ પણ એનાયત કરવામાં આવ્યું છે. સાથે સાથે નેશનલ પ્રાઇડ એવોર્ડથી સન્માનિત થયા છે. તેઓ જ્ઞાતિ સાથે ભુજનું ગૌરવ વધારતા ઠેરઠેરથી અભિનંદન મળી રહ્યા છે.






## જ્ઞાતિ સમાચાર

# શ્રી મારુ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ, ભુજ

લતાબેન સોલંકી

## ભુજ મહિલા મંડળ દ્વારા સમર કેમ્પનું આયોજન

બાળકો માટે વેકેશન એટલે મોજ મજા અને સાથે સાથે નવું નવું જાણવાનો અવસર નવું નવું શીખવાની વેળા અને બહેનો માટે બાળકો સાથે જ્ઞાનસભર સમય આનંદ સાથે પસાર કરવો. શ્રી મારુ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ ભુજ દ્વારા દર વર્ષે બાળકો માટે સમર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે બાળકો અને બહેનોને સાથે લઈને આનંદ સાથે કંઈક નવું જાણવાનું મળી રહે એ ઉદ્દેશ્ય લઈને સાયન્સ રિજનલ સેન્ટરની મુલાકાતના એક સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

મંડળના પ્રમુખ શ્રી સુધાબેન બુધભટ્ટીએ જણાવ્યું હતું કે ૧૨૫થી વધારે બાળકો તેમજ બહેનોએ આ સેન્ટરની મુલાકાત લઇ ક્યારેય પણ ન જોયા હોય તેવા દ્રશ્ય અને પ્રતિકો દ્વારા માહિતી મેળવી અને આ પ્રોજેક્ટને સફળ બનાવ્યો. તેઓએ રીજનલ સાયન્સ સેન્ટરના સ્ટાફ ગણનો વિશેષ આભાર માન્યો હતો. રાજેશ્રી બુધભટ્ટી, ખુશાલીબેન બુધભટ્ટી અને ભાવનાબેન બારમેડા આ કાર્યક્રમના પ્રોજેક્ટ ચેર પર્સનની ભૂમિકા ખૂબ જ સારી પેઠે નિભાવી. ૧૨૫થી વધુ સંખ્યામાં બાળકો અને બહેનો આ કાર્યક્રમમાં ઉત્સાહ પૂર્વક જોડાયા.

રિજનલ સાયન્સ સેન્ટરના અલગ અલગ છ વિભાગોની મુલાકાત દરમિયાન જયદીપભાઈ જોષી, હિરેનભાઈ રાઠોડ અને નંદનભાઈ સોનીએ વિશેષ રુચિ લઈને ગ્રુપ વાઇસ ગાઈડની વ્યવસ્થા કરી જેથી બાળકો અને બહેનો જીણામાં ઝીણી વિગત જાણી શકે. બહેનો અને બાળકોએ સેન્ટરની મુલાકાત વખતે ગાઈડને અનેક નાના-મોટા પ્રશ્નો પણ પૂછ્યા હતા અને પોતાની જીજ્ઞાશાનો જવાબ મેળવ્યો હતો.

નેનો સેન્ટર, બોનસાઈ, ફિઝિક્સ, મેથ્સ, કેમેસ્ટ્રી, મેરાઈન, સ્પેસ વિભાગ જોયા પછી ટેલિસ્કોપ દ્વારા આકાશ દર્શનનો કાર્યક્રમ પણ યોજવામાં આવેલ બાળકોને ગમતી એક ગેમ પણ રમાડવામાં આવી. મહિલા મંડળ દ્વારા ગરમ અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. અને બાળકોને ભેટ આપવામાં આવી હતી. લતાબેન સોલંકી તરફથી બાળકોને સુકો નાસ્તો આપવામાં આવ્યો હતો. અરુણાબેન બુધભટ્ટી, ભાવનાબેન બુધભટ્ટી, રીટાબેન બુધભટ્ટી, નીલાબેન પોમલ, ભાવનાબેન ચનાણી, કીમબેન છત્રાળા, શીતલબેન બુધભટ્ટીએ વ્યવસ્થા સંભાળી હતી.









રીજનલ સાયન્સ સેન્ટરના અધિકારીઓએ જણાવ્યું હતું કે કોઈ સંસ્થા દ્વારા આવા કાર્યક્રમનું આયોજન સૌથી પ્રથમ વાર મારુ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ ભુજ દ્વારા કરવામાં આવ્યું છે અને તેઓએ મહિલા મંડળને અભિનંદન પાઠવતા કહ્યું હતું કે હવે બીજી સંસ્થાઓ પણ આ રીતે મુલાકાત જરૂર લેશે.

બાળકો અને બહેનો માટે આ મુલાકાત અવિસ્મરણીય બની રહી જ્ઞાતિજનોએ પ્રતિભાવમાં જણાવ્યું કે મહિલા મંડળે આવો સુંદર કાર્યક્રમ કરી બાળકોને એક નવી દુનિયામાં પ્રવેશ કરાવ્યો છે તે બદલ મહિલા મંડળને અભિનંદન આપી આભાર માન્યો હતો.

# શ્રી મારુ કંસારા સોની જ્ઞાતિ સોલંકી પરિવાર


લતાબેન સોલંકી

## શ્રી વેરાઈ માતાજીનો પાટોત્સવ



શ્રી વેરાઈ માતાએ નમઃ શ્રી મારુ કંસારા સોની જ્ઞાતિ સોલંકી (અંજારીયા) પરિવાર દ્વારા ચૈત્રવદ ચૌદશના રોજ શ્રી વેરાઈ માતાજીનો પાટોત્સવ ભક્તિભાવ સાથે ધામધૂમથી ઉજવવામાં આવ્યો. મંદિરને શણગારવામાં આવ્યુંહતું.

પાટોત્સવ નિમિત્તે સવારે હવનનું આયોજન કરવામાં આવ્યું હતું તેમાં હવન કરવાનો લહાવો ૧. આશાબેન દીપકભાઈ સોલંકી ૨. પીનાલીબેન રાજનભાઈ સોલંકી ૩. માનસીબેન મયુરભાઈ સોલંકી યુગલોને લહાવો લેવાનો અવસર પ્રાપ્ત થયો હતો.



ધાર્મિક વિધિ મૈત્રેયભાઈ વ્યાસે કરાવી હતી. દેવભાઈ વ્યાસ ધાર્મિક વિધિમાં એમના પિતાશ્રી સાથે જોડાયા હતા. હવનની પૂર્ણાહુતિ બાદ માતાજીના નૈવેદ્ય કરવામાં આવ્યા હતા. સમુહ પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. મંદિરમાં નિયમિત સફાઈ દિવાબત્તી અમને અન્ય કામકાજ સંભાળતા શ્રી શાંતિલાલભાઈ સોલંકીનુ સાલ ઓઢાળીને વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. વડીલોના માર્ગદર્શન હેઠળ યુવક મંડળે સમસ્ત વ્યવસ્થા સંભાળી હતી. સાંજે સત્સંગ પાંચથી સાત દેવસ્થાને મંદિરમાં સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હતું. બહેનોએ ભાવપૂર્વક ભજનો ગાઈને ભક્તિમય વાતાવરણ સર્જ્યું હતુ. સત્સંગ મંડળમાં લતાબેન રાજેશભાઈ સોલંકી જુલીબેન, આશાબેન, જીજ્ઞાબેન, મમતાબેન પ્રીતિબેને વ્યવસ્થા સંભાળી હતી. આરતી અને થાળ બાદ સત્સંગી બહેનો માટે અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવેલી હતી.

## ધારા બારમેડાની NET પરીક્ષામાં સફળતા

ધારા રવજીભાઈ બારમેડા



રાષ્ટ્રીય કક્ષાની મદદનીશ પ્રાધ્યાપક બનવા સાથે સંશોધન ક્ષેત્રમાં (પી.એચ.ડી.) આગળ વધવા માટે અતિ મહત્વની એવી NET પરીક્ષામાં રવાપર ગામના દીકરી ધારા રવજીભાઈ બારમેડા (માતા-જશોદાબેન) સફળ થયા છે. તેઓએ તાજેતરમાં લેવાયેલ આ પરીક્ષામાં શિક્ષણ ક્ષેત્રના વિષયમાં પરીક્ષા આપી સફળ થયા છે.

## સોની દીશા



| | |
|---|---|
| ગામ | : રાયપુર |
| પિતાનું નામ | : દિપકભાઈ |
| માતાનું નામ | : કિરણબેન |
| ધોરણ | : ૧૦ |
| ટકા | : ૮૮ % |
| શાળાનું નામ | : St. Xaviers Higher Secondary School (ICSC Board) |

જ્ઞાતિસેતુ પરિવાર તરફથી હાર્દિક અભિનંદન

## જ્ઞાતિ સમાચાર

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - માંડવી

આનંદ જેઠાલાલ બુદ્ધભટ્ટી - માંડવી

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ માંડવી કચ્છની વાર્ષિક સામાન્ય સભાનું આયોજન તા. ૦૭/૦૩/૨૦૨૩ ના રોજ કરવામાં આવ્યું હતું જેમાં જ્ઞાતિ ટ્રસ્ટનાં આવતા ત્રણના વર્ષ માટે વહીવટ માટે નવી કારોબારીની રચના કરવામાં આવી તથા જ્ઞાતિના સર્વાંગી વિકાસ માટે યુવક મંડળ અને મહિલા મંડળની નવી કારોબારીની પણ રચના કરવામાં આવી.

### મુખ્ય કારોબારીના હોદેદારો તથા સભ્યો


શ્રી આનંદ જેઠાલાલ બુદ્ધભટ્ટી પ્રમુખ


શ્રી હાર્દિક સુરેશભાઈ સોંલકી ઉપપ્રમુખ


શ્રી વિજય મુળજીભાઈ બારમેડા ઉપપ્રમુખ


શ્રી શીતલ ચંદ્રકાન્ત બુદ્ધભટ્ટી મંત્રી

| સભ્યનું નામ | હોદ્દો |
|---|---|
| જીજ્ઞેશ ચંદુલાલ બિજલાણી | સહમંત્રીશ્રી |
| પરેશ વેલજીભાઈ પોમલ | ખજાનચીશ્રી |
| પિયુષ કિશોરભાઈ હેડાઉ | સહખજાનચીશ્રી |
| પરેશ શિવલાલ બિજલાણી | કારોબારી સભ્યશ્રી |
| ઉમેશ જેઠાલાલ બુદ્ધભટ્ટી | કારોબારી સભ્યશ્રી |
| ભાવેશ પ્રેમજીભાઈ બુદ્ધભટ્ટી | કારોબારી સભ્યશ્રી |
| મનોજ મનસુખલાલ હેડાઉ | કારોબારી સભ્યશ્રી |
| મેહુલ સુનીલભાઈ હેડાઉ | કારોબારી સભ્યશ્રી |
| પ્રિતેશ અરવિંદભાઈ સાકરિયા | કારોબારી સભ્યશ્રી |
| વિશાલ હરેશભાઈ બારમેડા | કારોબારી સભ્યશ્રી |
| ભાવેશ વસંતલાલ ખાસી | કારોબારી સભ્યશ્રી |
| જીજ્ઞેશ વિઠ્ઠલદાસ હેડાઉ | કારોબારી સભ્યશ્રી |

### યુવક મંડળના હોદેદારો તથા સભ્યો


શ્રી મનોજ રવિલાલ કટ્ટા પ્રમુખ


શ્રી મનોજ મનસુખલાલ હેડાઉ ઉપપ્રમુખ


શ્રી ભાવેશ પ્રેમજીભાઈ બુદ્ધભટ્ટી ઉપપ્રમુખ


શ્રી પ્રકાશ હરેશભાઈ બારમેડા મંત્રી

| સભ્યનું નામ | હોદ્દો |
|---|---|
| કિશન સુરેશભાઈ સોલંકી | સહમંત્રીશ્રી |
| પ્રિતેશ અરવિંદભાઈ સાકરિયા | ખજાનચીશ્રી |
| અતુલ સુનીલભાઈ હેડાઉ | સહખજાનચીશ્રી |
| પરેશ વેલજીભાઈ પોમલ | કારોબારી સભ્યશ્રી |
| પૂર્વેશ પ્રવિણભાઈ સોલંકી | કારોબારી સભ્યશ્રી |
| હિરેન મનોજભાઈ હેડાઉ | કારોબારી સભ્યશ્રી |
| રાજ અનીલભાઈ હેડાઉ | કારોબારી સભ્યશ્રી |
| દિવ્ય રાજેશભાઈ બુદ્ધભટ્ટી | કારોબારી સભ્યશ્રી |
| સચિન સુરેશભાઈ હેડાઉ | કારોબારી સભ્યશ્રી |
| ભાવિક મહેશભાઈ હેડાઉ | કારોબારી સભ્યશ્રી |
| વિરલ જયેશભાઈ સોલંકી | કારોબારી સભ્યશ્રી |
| આદિત્ય આનંદભાઈ બુદ્ધભટ્ટી | કારોબારી સભ્યશ્રી |
| રાજવીર શીતલભાઈ બુદ્ધભટ્ટી | કારોબારી સભ્યશ્રી |
| યશ યશવંતભાઈ કોટડીયા | કારોબારી સભ્યશ્રી |

### મહિલા મંડળના હોદેદારો તથા સભ્યો


શ્રી સંગીતાબેન ભરતભાઈ બિજલાણી પ્રમુખ


શ્રી નીરાબેન શીતલભાઈ બુદ્ધભટ્ટી ઉપપ્રમુખ


શ્રી ભાવનાબેન મનોજભાઈ હેડાઉ મંત્રી

## મહિલા મંડળના હોદેદારો તથા સભ્યો

| સભ્યનું નામ | હોદ્દો |
|---|---|
| દયાબેન રમેશભાઈ બિજલાણી | સહમંત્રીશ્રી |
| કલ્પનાબેન અનીલભાઈ હેડાઉ | ખજાનચીશ્રી |
| દમયંતીબેન ચંદુલાલ બિજલાણી | સહખજાનચીશ્રી |
| રંજનબેન અરવિંદભાઈ સાકરિયા | કારોબારી સભ્યશ્રી |
| હિરલબેન મનોજભાઈ હેડાઉ | કારોબારી સભ્યશ્રી |
| સંગીતાબેન પરેશભાઈ બિજલાણી | કારોબારી સભ્યશ્રી |
| સંગીતાબેન સુનીલભાઈ હેડાઉ | કારોબારી સભ્યશ્રી |
| પુજાબેન પરેશભાઈ પોમલ | કારોબારી સભ્યશ્રી |
| મીનાબેન દીપકભાઈ બિજલાણી | કારોબારી સભ્યશ્રી |
| નયનાબેન હરેશભાઈ બારમેડા | કારોબારી સભ્યશ્રી |
| પુજાબેન મેહુલભાઈ હેડાઉ | કારોબારી સભ્યશ્રી |
| કપીલાબેન વિનોદભાઈ સાકરિયા | કારોબારી સભ્યશ્રી |
| પ્રીતીબેન પુનીતભાઈ બિજલાણી | કારોબારી સભ્યશ્રી |
| શ્રદ્ધાબેન હિતેશભાઈ બિજલાણી | કારોબારી સભ્યશ્રી |
| કલ્પનાબેન મનોજભાઈ કટ્ટા | કારોબારી સભ્યશ્રી |
| અનીષાબેન રાજેશભાઈ બુદ્ધભટ્ટી | કારોબારી સભ્યશ્રી |
| ચાંદનીબેન ગૌતમભાઈ બુદ્ધભટ્ટી | કારોબારી સભ્યશ્રી |

## જ્ઞાતિસેતુ

### જ્ઞાતિસેતુ શતાબ્દી અંક - યુવાશક્તિ વિશેષાંક

સેતુના સૌ સહયોગીઓના સાથ અને સહકારથી છેલ્લા ૧૯ વર્ષથી નિયમિત પ્રકાશિત જ્ઞાતિસેતુનો આગામી ૧૦૦મો અંક યુવશક્તિ વિશેષાક રૂપે પ્રગટ કરવામાં આવશે. સમાજના યુવાઓ આજે દેશ વિદેશમાં તબીબી, એન્જીનિયરિંગ, આઈ.ટી., ચાર્ટડ એકાઉન્ટસી, વકીલાત, ક્લાક્ષેત્ર, સરકારી વિભાગ, ફિલ્મ અને નાટય ક્ષેત્ર, પરંપરાગત વ્યવસાયિક ક્ષેત્ર સહિત અનેક ક્ષેત્રોમાં પોતાની ઉજ્જવળ કારકિર્દી સાથે સમાજનું નામ રોશન કરી રહેલ છે. વિવિધ ક્ષેત્રોમાં છેલ્લા બે દશકામાં ઉજજવલ કારકિર્દી બનાવનાર સમાજના સર્વે યુવા પ્રતિભાઓને આગમી અંકમાં પ્રકાશન હેતુ પોતાની વિગતો સાથે પોતાના કાર્યક્ષેત્રમાં આપેલ યોગદાનની વિગત જ્ઞાતિસેતુના સરનામે મોકલાવી આપવા આહવાન છે.

**Email: gnyatisetu@gmail.com**

- અતુલ સોની

## અમદાવાદ કારોબારીની કપલ મિટિંગ યોજાઇ

અતુલ સોની

તા. ૧૧.૦૬.૨૦૨૩ના રોજ અમદાવાદ જ્ઞાતિ મંડળ કારોબારી સમિતિની કપલ મિટિંગ પ્રમુખશ્રી અતુલ સોનીના અધ્યક્ષ પદે પીરાણા ખાતે મળેલ જેમાં નીચે મુજબ ચર્ચા કરી સર્વાનુમતે નિર્ણય લેવામાં આવેલ. ૧. અમદાવાદ જ્ઞાતિ સંચાલિત વિદ્યાસેતુ યોજનાની માહિતી ચેરમેન શ્રી અરવિંદભાઈ એ આપેલ જે મુજબ ગત વર્ષમાં ૧૨ જેટલા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને રૂ. ૧.૧૯ લાખની સહાય આપવામાં આવેલ અને આ વર્ષે પણ દાતાઓના સહયોગથી સહાય આપવામાં આવશે. ૨. MED AID યોજનાના ચેરમેન ગીરીશભાઈ ગત વર્ષે દરમિયાન કચ્છથી સારવાર અર્થે અમદાવાદ આવેલ દર્દીઓને જરૂરિયાત મુજબ સહાયતા કરવામાં આવેલ તેની માહિતી આપવામાં આવેલ. સેવાભાવી દાતાઓ આ યોજના માટે દાન આપવામાં આવેલ છે. ફંડમાં વધારો થાય તો વધુ દર્દીઓને સહાયરૂપ થઈ શકાય તેવી લાગણી વ્યક્ત કરેલ. ૩. પરિવાર પરિચય પુસ્તિકા માટેના બાકી રહેલા તમામ ફોર્મસ પુરા કરાવવા રાજેન્દ્રભાઈ બારમેડાએ સ્વેચ્છા એ જવાબદારી લીધી તે બદલ સૌએ આનંદ લાગણી વ્યકત કરેલ. ૪. આગામી સમયમાં જ્ઞાતિસેતુનો ૧૦૦મો શતાબ્દી અંક પ્રકાશિત થશે તેની યોગ્ય ઉજવણી કરવા વિચારણા કરવામાં આવેલ. આગામી મિટિંગના આયોજન કરવામાં આવશે તેવું નક્કી કરવામાં આવેલ. ૫. શ્રી તુલસીદાસભાઈ કંસારાએ લખેલ ઐતિહાસિક પુસ્તકનું પ્રકાશન અમદાવાદ જ્ઞાતિ દ્વારા કરવાનું નક્કી કરવામાં આવેલ. આ અંગે આગળની કાર્યવાહી અતુલભાઈ, મનુભાઈ તથા તુલસીદાસભાઈ દ્વારા કરવામાં આવશે.

પીરાણા ખાતે સુંદર આયોજન બદલ શ્રી મનુભાઈ કોટડીયાનો આભાર માનવામાં આવેલ. મિટિંગ બાદ સૌએ સાથે પ્રસાદ લીધેલ. આજની કપલ મિટિંગનું સૌજન્ય શ્રી જયમીનભાઈ તરફથી મળેલ જે માટે સર્વે આભાર વ્યક્ત કરેલ. આ મિટિંગમાં હંસાબેન - અતુલભાઈ, મનુભાઈ, તુલસીદાસભાઈ, કલ્પનાબેન - અરવિંદભાઈ, શોભણાબેન - ગીરીશભાઈ, અલ્પાબેન - જયમીનભાઈ, ગીતાબેન - રાજુભાઇ, સીમાબેન - સુનિલભાઈ, મનીષાબેન - નિલેશભાઈ, નેહાબેન - શ્યામભાઈ વિ. હાજર રહી ઉત્સાહપૂર્વક ઉપયોગી સૂચનો કરી ચર્ચામાં ભાગ લીધેલ.

# શ્રી મારુ કંસારા સોની જ્ઞાતિ મંડળ, મુંબઇ

વીણાબેન બગા

## કચ્છી મારૂ કંસારા જ્ઞાતિ મુંબઇ - સ્નેહમિલન

કોરોના કાળ દરમ્યાન છેલ્લા બે વર્ષથી જ્ઞાતિનું સ્નેહમિલન યોજવામાં અસફળતા રહી હતી. ત્યાર પછી તાઃ ૦૬-૧૧-૨૦૨૨ના રોજ મુંબઇ જ્ઞાતિનું સ્નેહમિલન રાખવામાં આવ્યું સાથે સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ સરસ્વતી સન્માન પણ યોજવામાં આવ્યા.

સાસ્કૃતિક કાર્યક્રમમાં મહિલા મંડળની બહેનો દ્વારા ગરબો રજૂ કરવામાં આવ્યો. યુવક મંડળના યુવાન અને યુવતિઓએ પોતાની નૃત્યકળા રજૂ કરી. નાની કુમારિકા આદ્યા હેમંત લાયચાએ (ઉમર વર્ષ ૫) શ્લોક રજૂ કર્યા. જ્ઞાતિના સભ્યોએ એકબીજા સાથે મળીને શુભેચ્છા વ્યક્ત કરી.

ધોરણ ૧થી ૧૦ના વિદ્યાર્થીઓને ઇનામ વિતરણ કર્યા. ડીગ્રીના વિદ્યાર્થી અને સ્પે. સિધ્ધી મેળવનાર તેજસ્વી તારલાઓનું પણ ટ્રોફી આપી સન્માન કર્યુ.

નિશીત હરીશભાઇ બારમેડાએ સાઇકલ દ્વારા ૬૦૦ કી.મી.નો પ્રવાસ મનાલીથી લેહલડાખ ખારડોગલા પાસ સુધી લગભગ ૧૮,૦૦૦ ફૂટની ઉંચાઇ પર ખૂબજ કઠિન પ્રવાસ આઠ દિવસમાં પૂર્ણ કર્યો અને અદબભૂત સિધ્ધિ પ્રાપ્ત કરેલ. હર્ષિની નિતીન ઝવેરી બાયોમેડિકલ ડિઝાઇન અને સંશોધન ક્ષેત્રે ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ ઉપક્રમે પોસ્ટ ગ્રેજ્યુએશન કર્યુ. ત્યારબાદ ઇન્ટર કોસ્ટલ ડ્રેનેજ સિસ્ટમમાં સંશોધન કરી અને માત્ર ૨૩ વર્ષની ઉંમરમાં પેટન્ટ મેળવેલ છે. ત્યારબાદ પોતાનું સંશોધન આગળ વધારવા ભારત સરકાર તરફથી તેમને IIT Bombay Campus Powai માં ઇન્કયુંબેશન ઓફિસ આપી પોતાની સ્ટાર્ટઅપ કંપની ''યુનિનો હેન્થ કેર પ્રાઇવેટ લિમિટેડ''ની સ્થાપના કરી. આ ઉપરાંત ''75 Women entrepreneur of India'' બુકમાં ટોપ 75 Women entrepreneur of India તરીકે સ્થાન મેળવ્યું જે આપણા સમાજ માટે ગર્વની વાત છે.

આ વર્ષે કારોબારીની મુદત પૂર્ણ થતા નવા પ્રમુખની વરણી પણ કરવામાં આવી. ચાંદનીબેન બીજલાણી સતત ત્રીજી ટર્મના પ્રમુખ નિમાયા સમાજ તેમને અભિનંદન પાઠવે છે. આ કાર્યક્રમને સફળ બનાવવામાં જ્ઞાતિના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, કારોબારીના સભ્યો તેમજ મહિલા મંડળની બહેનોનો ખૂબ સહકાર પ્રાપ્ત થયો.

આ સૌની વચ્ચે નિશાબેન સોની અને મીતાબેન ગાંધી દ્વારા કરાઓકે સંગીત પણ રજૂ કરવામાં આવ્યું. અંતમાં ભોજન સમારંભ થયો અને સૌ છૂટા પડ્યા.



શ્રીમતી ચાંદનીબેન
વી. બિજલાણી
પ્રમુખ



શ્રીમતી વીણાબેન
વી. બગા
ઉપ પ્રમુખ



શ્રી ડોલર
જે. સાકરીઆ
મંત્રી



શ્રી ભરતભાઇ
જી. બારમેડા
સહમંત્રી



શ્રી રાજેશભાઇ
એન. સાકરીઆ
ખજાનચી



શ્રી ભાવિક
જે. બિજલાણી
સહ-ખજાનચી

કંચન તજના સહજ હૈ, સહજ સ્ત્રી કા સનેહ।
માન, બડાઇ, ઇર્ષા દુર્લભ તજના યેહ ॥

દુઃખ મેં સુમિરન સબ કરે, સુખ મેં કરે ન કોય।
જો સુખ મેં સુમિરન કરે, તો દુઃખ કાહે કો હોય ॥
- કબીરસાહેબ

'તુલસી' સાથી વિપતી કે, વિદ્યા, વિનય, વિવેક '
સાહસ, સુકૃત, સુસત્ય-વ્રત, રામ-ભરોસો એક ''
- તુલસીદાસજી



# આપણા પરિવારો - (૩૭)

તુલસીદાસ કંસારા - અમદાવાદ


## સૌરાષ્ટ્રમાં આપણા પરિવારો (મેવચા)

ડીસેમ્બર ઈ.સ.૨૦૨૦માં જુનાગઢના ઈશ્વરલાલ કેશવલાલ મેવચા દ્વારા તૈયાર કરવામાં આવેલ મેવચા પરિવારોની વંશાવળી માં જણાવ્યા અનુસાર આ માહિતી કોલકી વિભાગના બે પરિવારો, વેરવા વિભાગના માણાવદર ના બે પરિવારો, પોરબંદરના બે પરિવારો, ખંભાળીયાના બે પરિવારો તથા જુનાગઢના એક પરિવાર, આમ કુલ્લ મેવચા કુટુંબોના ૯ પરિવારોને તેમજ તેમના વડવાઓને આવરી લ્યે છે. (વેરવા એ જુનાગઢ જીલ્લાના માણાવદર તાલુકાનું એક ગામ છે, જ્યારે કોલકી એ રાજકોટ જીલ્લાના ઉપલેટા તાલુકાનું એક ગામ છે અને આ બન્ને ગામો વચ્ચેનું અંતર આશરે ૬૦ કી.મી. છે).



વડ, વડવા અને વડવાઈઓની વાતો

કચ્છની જેમ સૌરાષ્ટ્રમાં પણ મૈચા, મહેચા, મહાઈચ્છા, મેવચા, વિ. અલગ અલગ ઉચ્ચારણો થતા હતા, પરંતુ એકરૂપતા લાવવા માટે પોરબંદરના પ્રેમલભાઈએ 'મેવચા' જોડણી સ્વિકારવાનું ઠરાવેલ છે, જેથી હવે ત્યાં આ અટક ધરાવનાર દરેક પરિવાર પોતાની અટક 'મેવચા' લખે છે અને બોલે છે.




રાજસ્થાનના મેવાગઢ ગામેથી નીકળી ને બનાસકાંઠા - કચ્છ થઈને આ પરિવારના વડવા, પ્રથમ પૂર્વજ મોહનઅદા સૌરાષ્ટ્રમાં છત્રાસા ગામે આવેલ. (છત્રાસા એ રાજકોટ જીલ્લાના ધોરાજી તાલુકાનું એક ગામ છે અને તે જુનાગઢના વંથલી અને માણાવદર થી નઝદીક છે). ત્યાર બાદ પ્રેમજી - જે મોહનઅદા ના પાંચમી પેઢીએ પૌત્ર થાય તેમણે ધંધાર્થે ઈ.સ.૧૭૯૨માં સ્થળાંત્તર કરેલ અને પ્રથમ ઉપલેટા માં રહેણાંક કરેલ. (આ હિશાબે પાંચમી પેઢી એટલે સવાસો વર્ષ થયા, તેથી જ્યારે રાજસ્થાનથી અમૂક પરિવારો કચ્છ તરફ આવી રહેલ તે અરસામાંજ આ પરિવારે સૌરાષ્ટ્રમાં પગરણ કરેલ હશે). કોલકીવાળા અને વેરવાવાળા મેવચા પરિવારોની વંશાવળી ઉપરના કોઠામાં આપેલ છે.


આ પરિવારના કુળદેવી સચ્ચીયાય માતાજી છે, જેમનું મંદિર રાજસ્થાનના જોધપુર જીલ્લાના ઓશિયા ગામે આવેલ છે. પ્રેમજીઅદા ના પુત્ર ઠાકરશી અને તેમના પુત્ર મકનજી - બન્નેએ કોલકી આવીને વસવાટ કરેલ. અને તેમના વંશજ કોલકીવાળા તરીકે ઓળખાય છે, જ્યારે પ્રેમજીઅદાના બીજા પુત્ર જેઠાભાઈએ વેરવા જઈને વસવાટ કરેલ તેથી તેઓ વેરવા વાળા તરીકે ઓળખવામાં આવે છે. આમ પિતાંબરના પુત્ર પ્રેમજીના પરિવારો કોલકી અને વેરવા વચ્ચે વહેંચાઈ ગયા.

આ પરિવારે ધંધાર્થે છત્રાસા છોડી દીધેલ. છત્રાસામાં નાગદાદાની દેરી પૂજાય છે, જેની આસપાસમાં રહેણાંક ખાલી કરી અને સ્થળાંત્તર કરી ગયેલ, પરંતુ તેમની આસ્થા ત્યાંજ હતી અને લગ્નબાદ છેડાછેડી છોડવી કે બાળમોવારા ઉતરાવવા વિગેરે વિધી કરવા માટે ત્યાંજ જાય છે અને છત્રાદાદા ના નિવેદ કરે છે. તેમની દેરીનો ઉદ્ધાર સર્વપ્રથમ નરોત્તમ રણછોડદાસ મેવચા દ્વારા કરવામાં આવેલ અને ત્યારબાદ ઈ.સ.૨૦૦૫-૦૬ માં જેસુખભાઈ, જસવંતભાઈ અને હસમુખભાઈની દેખરેખ હેઠળ તેનું રીનોવેશન કરવામાં આવેલ. ત્યારબાદ, અનુક્રમે ઇ.સ.૨૦૧૦માં દેરીનો મુખ્ય સ્ટીલનો દરવાજો પાર્થ ગીરધરભાઈ મેવચા દ્વારા બનાવવામાં આવેલ અને ફેબ્રુઆરી ૨૦૧૩માં દેરીની બાજુમાં હોલ બનાવીને સમગ્ર પરિસરનું રીનોવેશનનું કાર્ય કુટુંબીજનો ના સહકારથી દામોદરદાસ રણછોડદાસ મેવચા ના નેજા હેઠળ કરવામાં આવેલ.

### કોલકીવાળા મકનજી ઠાકરશીના વંશજ

પ્રેમજીભાઈ છત્રાસા અને ઉપલેટામાં સોનીનું કામ કરતા હતા. તેમને છ પુત્રો હતા, જેમાંથી માત્ર બે ભાઈ ઠાકરશીભાઈ અને

જેઠાભાઈ ની પેઢી આગળ વધેલ છે. ખીરવદર, લાલપર અને સાંઢડા, આમ ત્રણ ટીંબા ભેગા મળીને વસેલું ગામ એટલે કોલકી. આ પરિવારોના પૂર્વજ ત્યાં ગામના ચોરા પાસે રહેતા હતા અને આ ગામ કુંભાજીનું કોલકી કહેવાતું હતું.





મકનજીઅદા (સૌરાષ્ટમાં અદા માનવાચક શબ્દ છે, જે વડિલ માટે વપરાય છે) પાસે ૨૦૦ વીઘા જમીન હતી તેમજ ખેતી માટે બળદ ગાડા, ગાય, ભેંસના દુઝાણા પણ હતાં અને ગામની મધ્યમાં મકાન હતાં. તેમના પાંચ પુત્રોમાંથી માત્ર ધરમશીભાઈ અને જીણાભાઇનો વંશ આગળ વધેલ છે.

ધરમશીભાઈના છ પુત્રોમાંથી માત્ર બે પુત્રોનો વંશ આગલ વધેલ છે. જ્યારે તેમની છ દિકરીઓ માંથી અમૃતિબેન નાનપણમાં ગુજરી ગયેલ. બાકીની પાંચના પરિશિષ્ટ-૧માં દર્શાવેલ સૌરાષ્ટ્રના વિવિધ શહેરો કે ગામોમાં પરણાવી મારૂ કંસારાના પરિવારોના તાણાવાણા તેમણે વિસ્તારેલ હતા.

ધરમશી પોતે એક ખૂબજ ભક્તિભાવ વાળા વ્યક્તિ હતાં. તેઓ તેમના ભાઈ જીણાભાઇ સાથે ગામના ચોરે બેસીને રામાયણ અને શ્રીમદ્ ભાગવદ્ ની કથા કરતા. ગામમાં તેમની પ્રતિષ્ઠા ખૂબજ ઉંચી હતી. ગામના દરવાજે બે આંબલીના ઝાડ નીચે ફકીરની એક ઝુંપડી હતી. તે ફકીર ને તમાકુ પીવાનો હુક્કો ધરમશીભાઈએ સોનાથી મઢી આપેલ અને ફકીરે બદલામાં પોતાને મળેલ ભેટો આપવા આગ્રહ કરતાં, તેમણે તેનો અસ્વીકાર કરેલ તેમજ પોતાના પુત્ર કાળીદાસને પણ તે ભેટો સ્વિકારવા મનાઈ ફરમાવેલ. પોતે ધાર્મિક સ્વભાવના, સેવાભાવી અને પ્રામાણિક હતાં.

ધરમશીભાઈ અને મણીબાના પુત્ર પરમાણંદદાસે બે વખત લગ્ન કરેલ. તેમની દિકરી ભાગીરથીનું સગપણ જામનગરના કંસારા છગનલાલ વલ્લભદાસ બુદ્ધભટ્ટી સાથે કરેલ, પરંતુ દિકરીનું પણ કુંવારા જ અવસાન થયેલ.

કોલકી પરિવારમાં વેલજી પરમાણંદદાસ અને પરમાણંદદાસ ના ભાઈ કાલીદાસ ના પુત્ર વસનજી ના પરિવારોનો સમાવેશ થાય છે. મકનજીભાઈ ના બીજા પુત્ર જીણાભાઇને પાંચ પુત્રો હતા. જીણાભાઈએ પગે ચાલીને શ્રીનાથજીની યાત્રા શ્રદ્ધાપૂર્વક કરેલ હતી અને ત્યાંથી લાવેલ પીછવાઈ વર્ષો સુધી તેમના પુત્ર હરજીવનભાઈને ત્યાં હતી. તેઓ ઠાકોરજીના બે સ્વરૂપ પણ શ્રીનાથજીથી લાવેલ જેની નિયમીત સેવા હાલમાં જુનાગઢમાં તેમના વંશજો ના ઘેર થાય છે. તેઓ એટલા બળવાન હતા કે આખા ગાળાનું થાળું બે હાથે ઉંચકીને અદ્ધર કરી દેતા. જીણાભાઈના એક પુત્ર હરજીવનભાઈએ પોતાની જમીન અને મકાન વેંચી દઈને કોલકી છોડી જુનાગઢમાં વસવાટ કરેલ.




વેલજીભાઈના માતુશ્રીનું નાનપણમાં અવસાન થવાથી ગંગામાના આગમન સુધી ભાભુ પાનબા એ તેમની સંભાળ લીધેલ. તેઓ સોનીકામના સારા કારીગર હતા. તેમનું જીવન ખૂબજ સાદગીવાળું અને મહેનતુ તેમજ પ્રામાણિક હતું. તેમને ત્રણ દિકરા અને ચાર દિકરીઓ થયેલ. ત્રણ દિકરામાં જેન્તિલાલ અને અમૃતલાલનો વંશ આગળ વધેલ નહી.

તેમના પુત્ર હંસરાજભાઈની દિકરીઓ પરણી જતાં અને દિકરાઓ બહાર ચાલ્યા જતાં, અત્યારે વેલજીભાઈ પરિવારના કોઈ પણ સભ્યો કોલકીમાં રહેલ નથી. તેથી પોતાનું મકાન વેંચીને આ પરિવાર કોલકી છોડી ગયેલ છે.

કોલકીવાળા છબીલદાસ પરમાણંદદાસ અને વસનજી કાલીદાસ મેવચાને ઉપર ટેબલમાં દર્શાવેલ છે. છબીલદાસને ચાર દિકરા અને ત્રણ દિકરીઓ, એમ સાત સંતાનો હતાં. તેમણે જામરના ઓપરેશન પછી બન્ને આંખોની દૃષ્ટી ગુમાવેલ, પરંતુ તેઓ ખૂબજ જીજ્ઞાસુ હોવાથી, નવી નવી ઘટનાઓ જાણવા હંમેશ એક ટ્રાન્ઝીસ્ટર રેડિયો પોતાની સાથે રાખતા અને સમય બાબતમાં ચોક્કસ રહેવા તેમના કાન હંમેશા ઘડિયાલના ટકોરા તરફ રહેતા. તેઓ સોની કામના ઉત્તમ કારીગરી હતા. આંખોની તકલીફ બાદ, તેમના બન્ને મોટા પુત્રો વિનુભાઈ અને ભગુભાઈ ભણવામાં હોંશીયાર હતા, છતાંપણ તેમણે સોનીકામ અપનાવી કુટુંબની જવાબદારી સંભાળી લિધેલ. તેઓએ પોતાના લગ્ન કર્યા અને નાના ભાઈઓને પણ પરણાવેલ. છબીલદાસભાઈનું અવસાન ૮૬ વર્ષની ઉંમરે હાર્ટએટેક ને કારણે થયેલ.

તેમની એક દિકરી જસુબેને એમ.એ.,બી.એડ. સુધી અભ્યાસ કરેલ છે અને યુરોપના વિવિધ દેશોની મુશાફરી કરેલ છે. તેઓ કોલકી શાળામાંથી નિવૃત થઈ હાલે રાજકોટ રહે છે.

છબીલદાસ ના ત્રીજા પુત્ર દલસુખભાઈએ ગ્રેજ્યુશન કરેલ અને કોલકીની હાઈસ્કૂલમાં નિષ્ઠાપૂર્વક નોકરી કરતા હતા. તેઓ સરળ સ્વભાવના પરોપકારી જીવ હતા અને એક ઉચ્ચ કક્ષાના કવિ

હતા. તેમની અનેક કવિતાઓ પ્રસિદ્ધ થયેલ, જેમાં ઈદીરાગાંધીના માનમાં નવનીત મેગેઝીને પ્રકાશીત કરેલ ૧૦૦ કવિતાઓમાં તેમની કવિતાને સ્થાન મળેલ. તેમનું અવસાન ૪૬ વર્ષની નાની વયમાં થઈ ગયેલ. તેમના ઉમદા અને સેવાભાવી સ્વભાવને કારણે તે દિવસે કોલકી ગામે બંધ પાડેલ અને સાંજરે ગાંધી ચોકમાં શ્રદ્ધાંજલી આપવા જાહેર સભા રાખેલ. તેમના પુત્રોમાં મહેનદ્રભાઈ જામનગર નોકરી કરે છે, ધર્મેન્દ્ર જામનગર જીલ્લામાં સરકારી હાઈસ્કૂલમાં પ્રિન્સીપાલ છે અને ભરતભાઈ અબુધાબીની સરકારી સ્ટીલ કંપનીમાં મિકેનીકલ એન્જીનીયર છે. આ પરિવારના કોઈપણ સભ્ય હાલે કોલકી રહેતા નથી.

છબીલદાસના ચોથા પુત્ર અમૃતલાલભાઈનો અભ્યાસ એમ.એ., બી.એડ., એસ.ટી.સી., તેઓ એક પ્રખર શિક્ષણશાસ્ત્રી, તેમની શિક્ષક તરીકેની નોકરી જેતપુર હોવાને કારણે કોલકી છોડી દીધેલ. સમાજસેવા તેમનો શોખ છે અને મેવચા પરિવારની વંશાવલી બનાવવામાં પણ તેમનો મુખ્ય ફાળો રહેલ છે. તેમના દિકરા પ્રકાશભાઈ ઈલેક્ટ્રીકલ એન્જીનીયર છે અને સુરતમાં નોકરી કરે છે. અમૃતલાલભાઈનો વસવાટ અત્યારે સુરતમાં તેમના પુત્ર પ્રકાશભાઈ સાથે છે. આ પરિવારો ના લગ્ન સબંધો વિશેની માહિતી પરિશિષ્ટ-૨ રૂપે નીચે આપેલ છે.(કોલકીવાળા વસનજી કાલીદાસ મેવચા ના પરિવાર વિશે આપણે હવે પછીના અંકમાં વાત કરીશું).

## પરિશિષ્ટ -૧

ધરમશી મેવચા થી તેમના પૌત્ર વેલજી પરમાણંદદાસ સુધીના પરિવારોના લગ્ન સબંધો પરિશિષ્ટ -૧ માં આપેલ છે. મુખ્ય વ્યક્તિના નામે નીચે સંતાનોના નામ

| મુખ્ય વ્યક્તિ | પુત્ર કે પુત્રી | પત્નિ કે પતી | ગામ અને પરિવાર |
|---|---|---|---|
| મકનજી | ધરમશી | દેવીબા(૧) | ગોંડલના રાઘવજી હંસરાજ છત્રાળાના દિકરી |
| | | ઓતમબા(૨) | ગોંડલના વેલજી જશરાજજી સોલંકીના પુત્રી |
| | | કસ્તુરબા(૩) | શિહોરના ગોબરજી પુંજાજી પરમારના પુત્રી |
| ધરમશી | જીવીબેન | | જોડીયા પરણાવેલ |
| | પુરીબેન | | જોડીયા પરણાવેલ |
| | લાધીબેનને | | રાજકોટ પરણાવેલ |
| | મધુબેનને | | ધ્રોલ પરણાવેલ |
| | પાર્વતીબેન | | જામનગર પરણાવેલ |
| | ધરમશી | મણીબા(૪) | ગોંડલના હિરજી વસ્તાજી પરમારના દિકરી |
| ધરમશી | પરમાણંદદાસ | જમકુબેન(ઉજુમબેન)૧ | ગોંડલના જમનાદાસ, કાનજી અને શામજી તળશીના બહેન |
| પરમાણંદદાસ | વેલજી | કંકુમા | ઉપલેટાવાળા મુલચંદ ધરમશી ડોસા છત્રાળા ની પુત્રી |
| વેલજી | અંજવાળીબેન | વિઠ્ઠલદાસ | કાલાવાળ સુંદરજી સોલંકી ના પુત્ર |
| | વિજ્યાબેન | નવનીતલાલ | જામખંભાળીયા ચત્રભૂજ ના પુત્ર |
| | જયાબેન | અનુલાલ | લાઠીમાં પોપટલાલ પરમાર ના પુત્ર |
| | અનસુયાબેન | બાબુલાલ | જામનગરના કાશીલોજવાળા મોરારદાસ બુદ્ધ ના પુત્ર |
| | હંસરાજભાઈ | નર્મદાબેન (૧) | દ્વારકાના ગામ જામરાવલના વિઠ્ઠલદાસ મેઘજીભાઈ બુદ્ધભટ્ટીના દિકરી |
| | | હિરાબેન(૨) | ભાયાવદરના નિવાસી છત્રાળા જીવરાજભાઈ ના દિકરી |
| હંસરાજભાઈ | જગદીશ | કાશ્મીરાબેન | બન્ને અમદાવાદમાં સ્થાયી છે. |
| | ગીરધર | મીતા | જામનગરના રમેશભાઈ મથુરાદાસ સોલંકીના દિકરી |
| | વનિતાબેન | હિરાલાલ | રાજકોટ ચત્રભુજ પરમાર ના પુત્ર |
| | સુશીલાબેન | ચંદુભાઈ | રાજકોટ પરસોત્તમ પોમલ ના પુત્ર |
| | રમાબેન | મુળજીભાઈ | રાજકોટ ચત્રભુજ પરમાર ના પુત્ર |
| | બુદ્ધિબેન | દિલીપભાઈ | ઉપલેટાવાળા મુળચંદભાઈ છત્રાળા ના પુત્ર, જામનગર |
| ગીરધર | પાર્થ | માલવીબેન | અમદાવાદના વિજયભાઈ હરિભાઈ પરમાર ની દિકરી |

### પરિશિષ્ટ-૨

છબીલદાસ પરમાણંદદાસ મેવચા પરિવારના લગ્ન સબંધો - મુખ્ય વ્યક્તિના નામે નીચે સંતાનોના નામ

| મુખ્ય વ્યક્તિ | પુત્ર કે પુત્રી | પત્નિ કે પતી | ગામ અને પરિવાર |
|---|---|---|---|
| ધરમશી | પરમાણંદદાસ | ગંગામા(૨) | મુંબઈથી બારમેડા કુટુંબના દિકરી |
| પરમાણંદદાસ | છબીલદાસ | માલવીબેન | અમદાવાદના વિજયભાઈ હરિભાઈ પરમાર ની દિકરી |
| છબીલદાસ | મેવાબેન | લક્ષ્મીદાસ | વંથલીવાળા જુનાગઢ નિવાસી જમનાદાસ બુદ્ધ ના પુત્ર |
| | નિર્મળાબેન | હરિષકુમાર | ગોંડલ નિવાસી કંસારા બાબુલાલ રણછોડદાસ ના દિકરા |
| | વિનયભાઈ | કાન્તાબેન | વંથલી નારાણદાસ સુંદરજી બુદ્ધની દિકરી |
| | ભગવાનજીભાઈ | શારદાબેન | લીબડીવાળા લાલજી પરમાણંદ ના દિકરી |
| | દલસુખભાઈ | રંજનબેન | જામનગરના મોહનલાલ હિરજી સોલંકીની પુત્રી |
| | અમૃતલાલભાઈ | ધનગૌરીબેન | જામનગરના સોની ચત્રાભુજ ભગવાનજી છત્રાળા ની દિકરી |
| વિનયભાઈ | જયશ્રીબેન | અનંતરાય | ધોરાજીના હાલ જેતપુર નિવાસી રમણીકલાલ છત્રાળા ના પુત્ર |
| | યશવંત | મીતાબેન | રમણીકલાલ નરભેરામ પરમારના પુત્રી |
| | રમેશભાઈ | જાગૃતિ | ખંભાડીયા નિવાસી નવનીતલાલ મોહનલાલ ખાંસીની પુત્રી |
| ભગવાનજીભાઈ | ઈંદીરાબેન | સુરેશ | ભાયાવદર નારાણદાસ છત્રાળા ના પુત્ર |
| | ચંદ્રીકા | અનિલ | મોવીયા ચંદ્રકાન્ત ના પુત્ર |
| | રેખાબેન | પ્રકાશ | અમદાવાદ ચીનુભાઈ પરમાર ના પુત્ર |
| | પલ્લવી | કલ્પેશ | જામનગર દામોદરદાસ સોલંકી ના પુત્ર |
| | કૃષ્ણકાન્ત | જયોતિબેન | ધોરાજીના સોલંકી ત્રંબકલાલ દામોદરદાસ છત્રાળાની પુત્રી |
| | હિમાંશુ | મીનાબેન | કેશોદના મધુભાઈ અમૃતલાલ પરમારના દિકરી |
| દલસુખભાઈ | રાજશ્રી | સંજયકુમાર | જામનગર છોટાલાલ પરમાર ના પુત્ર |
| | નિલાક્ષી | જયેશભાઈ | જામનગર અમૃતલાલ ભૂત ના પુત્ર |
| | મહેન્દ્રભાઈ | હેતલ | ગોંડલના રમેશભાઈ પ્રભુદાસ પરમારની દિકરી |
| | ભરતભાઈ | નેહલ | ગોંડલના રમેશભાઈ પ્રભુદાસ પરમારની દિકરી |
| | ધર્મેન્દ્રભાઈ | નિમીષા | જામનગર નાગરભાઈ પ્રાણજીવન બુદ્ધની પુત્રી |
| અમૃતલાલભાઈ | મીનાબેન | ચન્દ્રશેખર વકીલ | જામખંભાળીયા ના મણીલાલ બુદ્ધના દિકરા |
| | પ્રતિભાબેન | હિતેષપોમલ (સી.એ.) | જામનગર(હાલે અમદાવાદ) મનહરલાલ મોહનલાલ પોમલ ના દિકરા |
| | પ્રકાશ | કિન્નરીબેન | જામનગરના હેમંતલાલ મોહનલાલ પોમલ ના દિકરી |


**Er. Raj Sureshbhai Soni**



Mother : Alpaben
Course : Computer Engineering
SPI : 9.00
CGPA : 8.37
College : Marwadi University (Rajkot)
University : Gujarat Technological University
Village : Vithon, Nakhtrana, Kutch

**Dr. Dhairya Laxmidas Budhdhabhatti**



Mother : Pravinaben
Course : M.B.B.S.
Per. : 64.10%
College : M. P. Shah Govt. Medi. College (Jamnagar)
University : Saurashtra University
Village : Virani Moti, Nakhatrana, Kutch

જ્ઞાતિસેતુ પરિવાર તરફથી હાર્દિક અભિનંદન

# કચ્છનો ઘૂઘવટો દરિયા કિનારો

જયંતિગિરિ પી. ગોસ્વામી - ભુજ

## શ્રી પિંગલેશ્વર મહાદેવ

(તાલુકો : અબડાસા, ભુજથી અંતર ૧૧૦ કિ.મી.)

શ્રી પિંગલેશ્વરજી, દરિયા કિનારાનું રમણિય સ્થાન છે, નળિયા, કોઠારા શિવાયનાં આખાય અબડાસા સહિતનાં, આજુ બાજુનાં નજીકનાં ગામોમાં આ સ્થાન પ્રત્યે ભકિતભાવ જોવા મળે છે. અને હવે તો ત્યાં સગવડતાઓ થતાં આખા કચ્છનું ધ્યાન પણ એ સ્થાન પર ખેંચાયેલું છે.

કચ્છના યાત્રા પ્રવાસે; પર્યટને આવતી ટૂરિસ્ટ બસો આ ધામ તરફ જાય છે. અને આવાં ધામો હાલનાં આ કચ્છમાં ઘણાંએ જોવા મળે છે.

જયાં નાગજી દશનામીઓએ સારી એવી પ્રતિષ્ઠા જમાવી છે અને જમાવતા જાય છે અને એ જમાતોના યુગની યાદને તાજી કરાવી જાય છે.

શ્રી પિંગલેશ્વરજીનો ઘૂઘવતો દરિયા કિનારો પોરબંદર નજીકના હર્ષદ માતાજીના ઘૂઘવતા સાગરની ઝાંખી કરાવે છે. રાત્રે શ્રી પિંગલેશ્વરજીના ધામમાં રાતવાસો રહ્યા હોઈએ તો પણ રાત્રીની નીરવ શાંતિમાં દૂરથી સાગરનું સંગીત સાંભળવા મળે છે.

નળિયાથી થોડે દૂર પશ્ચિમ દિશામાંથી આવતી ખારી નદી વડસર પાસે મીઠી નદીને મળે છે. ત્યાં જ થોડે દૂર ટેકરીઓ ઉપર ''અબડા અડભંગ''નું સ્થાન છે. ફાગણ સુદ પૂનમની રાત્રીએ એટલે હોળીના દિવસે તથા પડવાના એટલે ફાગણ વદ ૧ના દિવસે સવારે અહીં મેળો ભરાય છે. અને અબડાના વંશજો ઉપરાંત આખા



અબડાસાના રાજપૂતો અને અન્ય પ્રજા અહીં ઊમટી પડે છે. નળિયાનાં લોહાર-જ્ઞાતિનાં દંપતિઓ અબડાની સમાધિએ, છેડા છેડી છોડે છે અને પડવાના દિને નાત સહિત મેળો પૂરો કર્યા પછી જ પોતાની દુકાનો ખોલે છે.

અબડાસાની પંચતીર્થના ભવ્ય જિનાલયોનાં યાત્રાધામો માટે દેશ_વિદેશોનાં જૈનો ખાસ યાત્રાએ આવે છે. કચ્છનાં પ્રખ્યાત યાત્રાધામ વસઈ. તીર્થ યાત્રાએ આવનારા જૈનો પણ અબડાસાની આ પંચતીર્થીનાં દર્શને આવે જ છે. પંચતીર્થીમાંના આ પાંચે ગામોનાં દ્હેરાશરો ખૂબ જ કલાત્મક અને ભવ્ય છે. કચ્છનાં જૈન તીર્થધામો પ્રકરણમાં આ અંગે વિશેષ વિગતો આપી છે. બહારથી આવનાર સંઘોની સુવિધા પણ એવી સરસ સચવાય છે કે કચ્છમાં આવતા ગુજરાત, સૌરાષ્ટ્ર, રાજસ્થાન કે અન્ય પ્રાન્તના યાત્રાળુઓ તેનાથી પ્રભાવિત થઈ જાય છે.

તેરામાં જિનાલય ઉપરાંત ત્યાંનાં તળાવોની રચના અને તેમાં ઊગતા પબડીનાં કમળો પણ દર્શનીય છે. ઉપરાંત તેરાનાં રાજયદ્વારના ગઢ અને દિવાલ પરનું શિલ્પ, અને રાજય મહાલયની અંદરની દિવાલો પરનું રામાયણાંકત દીવાલ ચિત્રોનું ચિત્રામણ એ કચ્છની કમાંગરીની આહલેક પ્રકારી જાય છે, એનાં તળાવ કિનારા પર દક્ષિણે સ્મશાન ભૂમિના છેવાડે કચ્છની સૂફી સંતાણી રતનબાઈની ભેણી પણ પ્રભાતિમાં વહાવી જનાર કચ્છી વાણીની એ કવિયિત્રીની યાદ અપાવે છે.

**પિંગળેશ્વર**

| | | |
|---|---|---|
| **મહત્ત્વ** | : | કચ્છનું પુરાતન શિવમંદિર, સમુદ્રકાંઠે. |
| **જોવાલાયક સ્થળો** | : | મંદિર, દરિયા કિનારો. |
| **અંતર** | : | ભુજથી ૧૧૦ કિ.મી. કોઠારાથી ૨૨ કિ.મી. ભુજથી કોઠારા ૮૦ કિ.મી. |
| **અન્ય વિગત** | : | રહેવા-જમવાની સગવડ છે. |

**તેરા**

| | | |
|---|---|---|
| **મહત્ત્વ** | : | ફટાયાઓની પ્રાચીન રાજધાની. |
| **જોવાલાયક સ્થળો** | : | કિલ્લો, તળાવો, રામાયણ પરની કમાંગરી ચિત્રકલા, શિલ્પ. |
| **અંતર** | : | ભુજથી ૯૦ કિ.મી. નલિયાથી ૧૫ કિ.મી. |
| **અન્ય વિગત** | : | રહેવા-જમવાની સગવડ છે. |

(‘કચ્છનો ટૂંકો પ્રવાસ’ પુસ્તકમાંથી સભાર)

મનોવિજ્ઞાન

# સારા ખોટા સ્વપ્ન

ડો. ચીમનભાઈ પટેલ



સારા ખોટા સ્વપ્ન દરેકને આવતા હોય છે. તો સપના કેવી રીતના આવતા હોય છે. તેની પાછળનું સાયન્સ શું છે? તે મને જાણવાની ઈચ્છા થઈ તે જાણવાની કોશિશ કરી. જે હકીકત જાણવા મળી તે તમારી સમક્ષ રજુ કરું છું. આશા રાખું છું કે આ લેખ તમને પસંદ આવશે.

૧. સ્વપ્ન પણ એક મનનો ભાગ છે. રાત્રે આપણે સુઈ જઈએ છીએ ત્યારે કાં તો આપણે સપના જોતા હોઈએ છીએ અથવા તો આપણે ગાઢ નિંદ્રામાં હોઈએ છીએ. રાત્રે આપણે સુઈ જઈએ છીએ ત્યારે આપણી ઊંઘ ના બે તબક્કા હોય છે. એક રેપિડ આઈ બોલ મુવમેન્ટ જેને REM sleep કહેવાય. અથવા તો સપનાની ઊંઘ કહેવાય. બીજું નોન રેપિડ આઈ બોલ મુવમેન્ટ. NREM sleep કહેવાય એટલે કે ગાઢ નિંદ્રા કહેવાય. સપનાની ઊંઘમાં આપણે ઊંઘી ગયા હોય પરંતુ સપના ચાલતા હોય. આપણી આંખોના ડોળા ઉપર નીચે થતા હોય શરીર સિથિલ હોય. જ્યારે ગાઢ નિંદ્રામાં આંખોના ડોળાનું હલનચલન બંધ થઈ જાય. શરીર એકદમ શિથિલ થઈ જાય મન એકદમ શાંત થઈ જાય.

૨. આપણે જ્યારે ઊંઘી જઈએ ત્યારે લગભગ દોઢથી બે કલાક પછી સપના વાળી ઊંઘ શરૂ થાય જેમાં સપના આવે. સપના વાળી ઊંઘવાળો ગાળો લગભગ પાંચ મિનિટથી અડધો કલાક સુધીનો હોય. પછી ગાઢ નિંદ્રાનો ગાળો આવે તે લગભગ દોઢથી બે કલાકનો હોય. આપણી ટોટલ ઊંઘના ૨૦ થી ૨૫ ટકા જે ગાળો છે તે સપનાની ઊંઘનો છે. પહેલા ગાઢ નિંદ્રા પછી સપનાની ઊંઘ પછી ગાઢ નિંદ્રા પછી સપનાની ઊંઘ તે રીતના સાયકલ ચાલે. જો તમે સાતથી આઠ કલાકની ઊંઘ લેતા હોય તો લગભગ દોઢથી બે કલાક તમને સપના જોવાનો ટાઈમ મળે.

૩. સપનાની ઊંઘ દરમ્યાન આપણને અલગ અલગ ટાઈપના સપના આવે. અમુક સપના એકદમ સ્પષ્ટ હોય જેને વાવાદ ડ્રીમ્સ કહેવાય. અમુક સપના જોઈને આપણે ડરી જઈએ હૃદયના ધબકારા વધી જાય, પરસેવો છૂટી જાય, શ્વાસોશ્વાસ વધી જાય તે સપનાને night mare કહેવાય અથવા તો ખરાબ સ્વપ્ન કહેવાય. અમુક સ્વપ્ન અદભુત હોય. અમુક સ્વપ્ન ડરાવના હોય. અમુક સ્વપ્ન રહસ્યમય હોય. અમુક સ્વપ્ન આચાર્ય જનક હોય. અમુક સ્વપ્ન સંદેશાત્મક હોય.

૫. એવું કહેવાય છે કે સપનાની ઊંઘ દરમિયાન આપણા મગજની અંદર દિવસ દરમિયાન .જે કંઈ માહિતી ભરી છે. તેનું શોર્ટિંગ થાય છે. જરૂરી માહિતી મગજ રાખે અને બાકીની માહિતી ઉડાડી દે.

૬. સ્વપ્ન હંમેશા લોજિકલ ઓછા હોય છે પરંતુ ઈમોશનલ વધારે હોય છે.

૭. એવું કહેવાય છે કે દિવસ દરમિયાન તમે કરેલી ઈચ્છાઓ એ સમાજના ડરના કારણે કે તમારી પોઝિશનના કારણે કે તમારી પરિસ્થિતિના કારણે તે પૂરી નહી કરી શક્યા તે સ્વપ્નની અંદર પૂરી થાય છે. સ્વપ્ન દ્વારા એક જોતા તમે રિલેક્સ થાવ છો. તમારી અતૃપ્ત ઈચ્છાઓ ને બહાર નીકળવાનો રસ્તો મળે છે. મોટાભાગના સપનાઓ સેક્સ સંબંધી હોય છે. સેક્સ એ કુદરતે મૂકેલી તીવ્ર ભાવના છે.

૮. ઊંઘમાં આપણે જે સપનાઓ જોઈએ છે તે મોટાભાગે આપણને યાદ રહેતા હોતા નથી. કારણ કે તે વખતે તમારું યાદ રાખવાનું મેમરી સેન્ટર મોટાભાગે નિષ્ક્રિય હોય છે. અમુક લોકોને જ તેમના સપના યાદ રહેતા હોય છે. મોટાભાગે સવારનું જોયેલું સપનું તમને યાદ હોય છે. સપનું તમે જોતા હોય અને એકાએક એલાર્મ વાગે, કોઈ તમને ઉઠાડે અથવા તો ભયાનક સપનું આવ્યુંને તમે ઉઠી જાઓ તો તે સપનું તમને યાદ રહે છે.

૯. આપણા મનની જાગૃતતાની ત્રાણ અવસ્થા હોય છે એક જાગ્રત અવસ્થા કે જેમાં તમારી તમામ જ્ઞાનેન્દ્રિયો, કર્મેન્દ્રિયો, બુદ્ધિ અને મન બધું જ કામ કરતું હોય છે. તેમાં તમે તર્ક કરો છો દલીલ કરો છો નિર્ણય લો છો. સમાજ માટે અને તમારા માટે જે નુકસાનકારક હોય તે વિચાર તમે અમલમાં મુકતા નથી. તે તમારું જાગૃત મન કહેવાય. જ્યારે આપણે સ્વપ્ન અવસ્થામાં હોય ત્યારે આપણી જ્ઞાનેન્દ્રિયો, કર્મેન્દ્રિયો તથા બુદ્ધિ સુઈ જાય છે. ખાલી મન એકલું જાગતું હોય છે. એટલે આપણને જે કંઈ સપના આવે છે તે ઢંગઢાળા વગરના આવે છે. તેના ઉપર કોઈ બુદ્ધિની લગામ હોતી નથી. કોઈપણ જાતના તર્ક વગરના સપના આવે છે. ત્રીજી અવસ્થા ગાઢ નિંદ્રાની અવસ્થા તેને સુસુપ્તી અવસ્થા પણ કહે છે તેમાં મન એકદમ શાંત થઈ જાય છે. એટલે તમામ વિચારો બંધ થઈ જાય છે. ગાઢ નિંદ્રામાં કોઈપણ સપનું આવતું નથી. સ્વપ્ન આપણા subconscious માઈન્ડનો એક ભાગ છે. આપણું subconscious mind એક કબાડ ખાનું છે. જેમાં તમારા પુરા જીવનની સારી તથા ખરાબ યાદો સંગ્રહાયેલી છે. મોટાભાગે આપણા subconscious mind માં સારા કરતા ખરાબ વધારે સંગ્રાએલું છે. તેથી મોટાભાગના સ્વપ્ન પણ ખરાબ આવે છે.

૧૦. જ્યારે પણ આપણું સપનું ચાલતું હોય ત્યારે આપણું ટોટલ

શરીર પેરેલાઇઝ હોય છે. યાની કી લકવો મારી ગયું હોય તેવું હોય છે. ત્યારે આપણા સ્નાયુની હલનચલનની શક્તિના કેન્દ્રો નિષ્ક્રિય હોય છે.

૧૧. એકથી દસ વર્ષના બાળકોને ગાઢ નિંદ્રામાં પણ ઘણી વખતે સપના આવતા હોય છે.

૧૨. મોટાભાગે સપના આપણા શરીરને નુકસાન કરતા નથી. પરંતુ વારંવાર ખરાબ સપના આવે તેના કારણે તમે સતત ચિંતામાં રહો અથવા મને કંઈક થઈ જશે એવી ચિંતા થયા કરે, તે તમને ફરીવાર ઊંઘવા ન દે અથવા તો આખો દિવસ તમને થાક જેવો અનુભવ થાય. આખો દિવસ ઘેનમાં ફરતા હોય તેવું લાગે ત્યારે તમારે ડોક્ટરની સલાહ લેવી જોઈએ.

૧૩. સપનામાં તમે કોઈની જોડે મારા મારી કરતા હોય તેવો અનુભવ થાય. પરંતુ વાસ્તવમાં તમારા સ્નાયુઓ પેરેલાઇઝ થયેલા હોય એટલે તમે તે ક્રિયા વાસ્તવમાં કરતા હોતા નથી. નહિતર તો રાત્રે તમે ઊંઘમાં કેટલાય એ લોકોને લાતો મારતા હોય.

૧૪. મોટાભાગના સપના આપણા ઈમોશન જોડે જોડાયેલા હોય છે. આપણી લાગણી જોડે જોડાયેલા હોય છે. તેથી રાત્રે તમને સ્વપ્નદોષ થવાની શક્યતા રહે છે. અથવા રાત્રે નાના બાળકો ડરના કારણે પથારીમાં પેશાબ કરી જાય છે.

૧૫. The scientific study of dreams is called oneirology.

૧૬. જે લોકોનું ક્રિએટિવ માઇન્ડ હોય જેમ કે લેખક, ગીતકાર, ફિલ્મ મેકર વગેરેને તેમના સારા આઈડિયા ઘણી વખત સ્વપ્નમાં આવતા હોય છે. તે લોકો દિવસે પણ સ્વપ્ન જોતા હોય છે તેમની વિચારશીલ પ્રકૃતિ હોવાના કારણે તે લોકોને સ્વપ્ન વધારે આવે છે.

૧૭. જે લોકોને ધંધાનું સતત ટેન્શન રહેતું હોય, નોકરીનું સતત ટેન્શન રહેતું હોય, કોઈને પ્રેમમાં નિષ્ફળતા મળી હોય, અચાનક પ્રેમી તેમને છોડીને જતો રહે, કોઈની જોડે કોઈ વ્યક્તિએ ખરાબ વર્તન કર્યું હોય, કોઈ નજીકના વ્યક્તિનું મૃત્યુ થયું હોય તેવા લોકોને ખરાબ સપના બહુ આવે છે.

૧૮. જે લોકો સતત ચિંતામાં રહેતા હોય, ડિપ્રેશનના શિકાર હોય, અનિદ્રાના શિકાર હોય, માનસિક રોગના શિકારી હોય, વ્યસની હોય કે કોઈ દવાની અસર નીચે હોય તેવા લોકોને સપના વધારે આવે છે.

૧૯. આમ તો સપનાનું કોઈ મહત્વ નથી પરંતુ અમુક લોકોને કોઈ પણ ઘટના ઘટવાની હોય તેના પહેલા તેમના સપનામાં તે ઘટના કોઈ અલગ રીતે આવતી હોય છે. તે તેમના વિશે અથવા તેમના સંબંધી વિશે પણ હોઈ શકે. જે લોકો જીવનથી હારી ગયા હોય. નાસીપાસ થઈ ગયા હોય. જીવન છૂટી જતું હોય તેવું લાગતું હોય આપઘાતના વિચારો આવતા હોય એવા લોકોને સ્વપ્ન પણ એવા જ આવે કે કોઈ ઊંચાઈથી પડતા હોય કોઈ તેમને બચાવવા વાળું જ ના હોય. તેવા સપના તેમને આવતા હોય છે. એકના એક સપનું અમુક વ્યક્તિને વારંવાર આવતું હોય છે. પરંતુ તે કેમ આવે છે તેનું કોઈ સાયન્સ નથી.

૨૦. વૈજ્ઞાનિક ડોક્ટર સીગ્મન્ડ ફ્રોઈડના મતે સ્વપ્ન એ તમારી રિયાલિટીને બતાવતા હોય છે. કોઈપણ વ્યક્તિની પર્સનાલિટી નક્કી કરવી હોય તો તેના સ્વપ્નનો પૂરેપૂરો અભ્યાસ કરવાથી કરી શકાય. તે વ્યક્તિ રીયલમાં કેવો છે તે તેના સ્વપ્ન ઉપરથી જજ કરી શકાય. આપણી મોટાભાગની ઊંડે સુધી દબાયેલી ઈચ્છાઓ સપનામાં અલગ રૂપ ધારણ કરીને આવતી હોય છે. સિગમન ફ્રોઇડના મતે અમુક ઈચ્છાઓ એવી હોય છે કે તમે વાસ્તવિક જગતમાં કોઈ દિવસ પૂરી ન કરી શકો. કારણકે એ મહા પાપ ગણવામાં આવે છે. જેમ કે તમારા બ્લડ રિલેટિવ જોડે શારીરિક સંબંધ. તો આવી ઈચ્છાઓ અનકોન્સીએસ માઈન્ડમાં દબાઈને પડી હોય છે. તે સ્વપ્ન દ્વારા અલગ રૂપ લઈને બહાર નીકળે છે.

૨૧. મોટાભાગના સ્વપ્ન તરત જ ભુલાઈ જતા હોય છે. પરંતુ જો તમારે યાદ રાખવું હોય તો રાત્રે સૂતી વખતે તમે તમારા મનને સુચના આપીને સુવો કે આજ રાતે મને જે કંઈ સપનું આવે તે હું યાદ રાખીશ અથવા તો જ્યારે તમને સપનું આવે અને ત્યારે જો તમે જાગી ગયા હોય તો તરત તે સપનું તમારા મોબાઇલમાં અથવા તો કાગળ ઉપર ઉતારી દો. આમ કરવાથી તમને તમારા સપના કદાચ યાદ રહી શકે. અમુક લોકોને કુદરતી રીતે બક્ષિસ હોય કે જે પોતાના સ્વપ્નને યાદ રાખી શકે છે. સ્વપ્નની બાબતમાં તમારા કોઈ અનુભવ હોય તો મને પર્સનલી લખીને મોકલવા વિનંતી છે. ૯૮૨૫૨૨૪૬૬૦. કદાચ દરેક વ્યક્તિના અનુભવો અલગ અલગ પણ હોઈ શકે.

૨૨. ગર્ભ અવસ્થાના લગભગ ૨૩ અઠવાડિયા પછી તે નાનું બેબી સ્વપ્ન જોતું થઈ જાય છે. તાજુ જન્મેલું બાળક ઘણીવાર ઊંઘમાં હોય ત્યારે હસતું હોય છે ત્યારે તે સારું સ્વપ્ન જોતું હોય છે. આ દુનિયામાં મોટાભાગના સ્તન ધારી પશુઓ છે તથા પક્ષીઓ સ્વપ્ન જોતા હોય છે.

૨૩. મોટાભાગના લોકો તેવુ માનતા હોય છે કે સવારે જોયેલું સ્વપ્ન સાચું પડે પરંતુ તેની પાછળ કોઈ વૈજ્ઞાનિક તથ્ય નથી. પરંતુ સવારે સપના વાળી ઊંઘનો પિરિયડ લાંબો હોય છે. આખી રાત આપણે પૂરી ઊંઘ લીધા પછી સવારે આપણે જાગવાના મૂડમાં હોઈએ છીએ. આપણે ઉઠી જવાના મૂડમાં હોય એટલે તમને છેલ્લું સપનું હંમેશા યાદ રહે છે. અને તે પ્રમાણે કોઈક વાર ઘટના બની જાય એટલે આપણી એક માન્યતા ઉભી થાય છે. બાકી એની પાછળ કોઈ વૈજ્ઞાનિક તથ્ય નથી.

**અનુસંધાન પાના નં.: ૩૦**

## મીતા'સ કોર્નર



# ઈસ પત્થર મે ભી જાન હૈ!!

મીતા એન. સોલંકી

હેલ્લો ફ્રેન્ડસ, કેમ છો? આજે ફરી નવો વિષય લઇને આવી છું આશા અને ગેરન્ટી બન્ને છે કે આપને ગમશે તથા ઊપયોગી પણ થશે!

**યથા પિન્ડે તથા બ્રહ્માંડ**

ઉક્તિ મુજબ જે આપણા બ્રહ્માંડમાં છે એજ આપણા પિંડ એટલે કે શરીરમાં છે. પંચમહાભૂતથી બનેલ આ શરીરમાં જો સર્વે પાંચ તત્વોનું પ્રમાણ યથાયોગ્ય રીતે હોવું ખૂબ જરૂરી છે. આજનો મુખ્ય વાતનો વિષય છે સર્વના શરીરમાં રહેલો પૃથવી તત્વ. લાઇફ સ્ટાઇલમાં અસતુંલન થવાથી આ મહત્વનો તત્વ ઓછો કે વધુ થઇ જવાથી શરીરમાં વિવિધ રોગો જન્મે છે. આપણા જ્ઞાતિમાં અલંકારો, રત્નો, ઉપરત્નો, ગ્રહોના નંગ, હીરા, સ્ટોન વિષે સામાન્ય લોકોને ઊંડી માહિતી નથી હોતી, સોના, ચાંદી, પંચધાતુમાં રત્નો ઉપરત્નો જડાવીને પહેરવાની આપણામાં સામાન્ય વાત છે. પરંતુ અધુરુ જ્ઞાન કાંઇ ફાયદો નથી અપાવતું, તો થોડો ઉડાંણમાં જઇએ. વિવિડ સ્ટોન આપણા શરીરના વિવિધ ભાગો પર વિવિધ અસર કરે છે. અલંકારમાં જડાવી પહેરવાથી યુનીક ડિઝાઇન લાગે છે. આવો આજે એની માહિતી વિષે માહિતગાર થઇએ.

સ્ટોનને મુખ્યત્વે બે વિભાગમાં વર્ગીકૃત કરીશ

૧. રત્નો (પ્રિશિયશ સ્ટોન)

૨. ઉપરત્નો (સેમી પ્રિશિયશ સ્ટોન).

રત્નોમાં હીરા માણેક નીલમ અને પનાનો સમાવેશ થાય છે. જ્યારે ઉપરત્નોમાં અનેક સ્ટોન જોવા મળે છે. જેમકે એમિથિસ્ટ, રોઝ ક્વાટઝ, જાસ્પર, સિટ્રિન વગેરે. રીયલ રત્નો ખુબ મોઘાદાર હોય છે. દરેક માટે ધારણા કરવું પોશિબલ નથી. પરંતુ ઉપરત્નો આ અકસીર સમાધાન છે. ફાયદાકારક તો છે જ. વ્યાપન પ્રમાણમાં મળી રહેવાથી વ્યાજબી છે.

૧. એમ થિસ્ટ : તે જાબલી રંગનો સુંદર ઉપરત્ન છે. તે આજ્ઞાચક અને સ્હસ્ત્રાઇ ચક્ર સાથે સંલગ્ન છે. માઇગ્રેન તથા અનિક્ષ જેવા રોગોમાં ખુબ ઉપયોગી છે. નકારાત્મક ઉર્જા સામે ઢાલ બની ધારણ કરનારના જીવનમાં સમતોલન લાવે છે.

૨. રોઝ ક્વાટઝ : સોમ્ય ગુલાબી રંગ અનાહત ચક્ર સાથે સંકળાયેલો છે. નિસ્વાર્થ પ્રેમ તથા સ્વજાગૃતી માટે ઊપયોગી છે. રક્તનું પરિભ્રમણ નિયમીત કરે છે. સ્કીનને યુવાન તથા મુડસ્વીંગને કંટ્રોલ રાખવામાં હેલ્પફૂલ છે.

૩. સિટ્રિન : આછા પીળા રંગનો આ આકર્ષક રત્ન મણીપુરની ઊર્જા સાથે જોડાયેલ છે. ડાયાબીટીસ તેમજ મુત્રામાર્ગ સંબંધી રોગોમાં ફાયદાકારક તેમજ સમૃધિને આકર્ષીત કરતો હોવાથી ''મર્ચન્ટ સ્ટોન'' તરીકે પણ ઓળખાય છે. દ્રષ્ટિકોણ ઉતમ કરી સર્જનાત્મકતામાં વધારો કરે છે.

૪. સોડા લાઇટ : નેવી બ્લ્યુ અને રાખડી રંગનું કોમ્બીનેશન ધરાવતો અદભૂત રત્ન છે. તે વિશુધ્ધી ચક્ર સાથે સંકળાયેલો છે. ધારણ કરનારની સ્પિચ તથા કમ્યુનિકેશનને ખૂબ ઉંચા સ્તર પર લઇ જાય છે. ગુસ્સામાં ઘટાડો કરી માનસિક સ્પષ્ટતાનો અનુભવ કરાવે છે.

૫. લેબ્રોકોરાઇડ : એ મેઘધનૂષ્યિ રંગનો સમૂહ ધરાવતો અલૌકિક ઉપરત્ન છે. આજ્ઞાચક સાથે સંકળાયેલો છે. આંખ, મગજ તથા ચેતાતંત્રાને લગતી સમસ્યામાં ખૂબ મદદરૂપ થાય છે. બુધ્ધિમતામાં વધારો કરી શકાય છે. તથા કર અસલામતી જેવા ભાવોને નાબૂદ કરે છે.

આવા અનેક ઊપરત્તોની ઊંડી જાણકારી મારા પુત્રાવધુ ભવ્યતા હેમલ સોલંકી પાસેથી મેળવી છે. તેઓ એક ભૂસ્તર શાસ્ત્રી (જીતોલોજીમાં માસ્ટર ડીગ્રી) છે અને P.H.D.નો તેઓનો મુખ્ય વિષય પણ આજ રહેશે. વાંચક મિત્રોને રત્નો વિષે વધુ માહિતી અને ઉપયોગી માહિતી મળી રહે તે માટે મે એમની પાસે આ જ્ઞાન પ્રાપ્ત કરી વાંચક વર્ગને પીરસ્યુ છે. આશા છે, તમને ખૂબ ગમ્યુ હશે. થેન્કસ.

---

બુરા જો દેખન મૈં ચલા, બુરા ન મિલિયા કોય।
જો મન દેખા આપના, મુઝસે બુરા ન કોય ॥

માટી કહે કુમ્હાર સે, તૂ ક્યા રોંદે મોહે।
એક દિન ઐસા આયેગા, મૈં રોંદુંગી તોહે ॥
- કબીરસાહેબ

# રસોડામાં ગુજરાતી ભાષાની સોડમ

કવિતા ભદ્રા સોલંકી 'કવન'



ગુજરાતી ભાષાનું રસોડું અને રસોડામાં ગુજરાતી ભાષાની સોડમ

મિત્રો, આમ તો દરેક ભાષાને પોતાની આગવી એક ઓળખ હોય છે. પણ તેમ છતાં પોતાની રાજ્યભાષા એટલે આ... હા... હા... એટલે જ આપણે તો એક ગર્વીણ વાક્યમાં બધું જ કહેવાઇ જાય કે

**''મારી ગરવી ગુજરાતી ને મારું ગરવું ગુજરાત''**

ગુજરાતી ભાષામાં આમ તો લગભગ દરેક શબ્દે બે અર્થ થાય છે. અને એમાંય જો તળપદા શબ્દોનો સંયોગ થાય તો તો કહેવું જ શું?

આજનાં જમાનામાં..... અહે! આજે શું, આપણા વડવાઓનાં સમયથી જ કોઇને પણ મીઠી ભાષામાં પણ કંઇક કટાક્ષ કરવું હોય કે કંઇ પણ કહેવું હોય તો વાહ! શું કહેવતોમાં જ કહેવાંઇ જતું અને કહેવાતું આવ્યું છે. જેની ખરી મજાતો એ છે કે કહેનારનું કહેવાઇ પણ જાય અને સમજનારને ખોટું પણ ન લાગે.

સારાપણું કહો કે ખામીપણું, ગુસ્સો કહો કે, પ્યાર, મ્હેણાં કહો કે ટોણાં બસ બે ચાર શબ્દોમાં બધું આવી જાય. આવી જ મજા કરાવતી પણ રસોડાની કેટલીક કહેવતો. અરે! તમને થશે કે રસોડું ક્યાંથી આવ્યું પણ એ જ તો ખરી મજા છે. કે અહી તો જીવન જીવવા માટેની પણ કહેવત છે.

''પેટ કરાવે વેઠ''

તો આ પેટનો ખાડો પૂરે

કોણ છે? રસોડું....

એટલે જ તો રસોડાની ખાવાપીવા કે મસાલાથી માંડી મિષ્ટાન અને કડવાશની વસ્તુઓમાં પણ કહેવત બની જાય છે. તો એવી જ કેટલીક કડવાશમાં પણ મીઠાસ અને ક્યાંક મીઠાસમાં પણ ખટાશ ઉમેરતી રસોડાની કહેવતોમાં માણીએ રસોડાની કહેવતી સોડમ.

**રસોડાની પ્રચલિત ખટ્ટ-મીઠી કહેવતો.**

- દૂધનો દાઝ્યો છાશ પણ ફૂંકીને પીવે.
- જેવો આહાર તેવો ઓડકાર
- જેનાં અન્ન ભેગા તેનાં મન ભેગાં
- દાળમાં કાળું
- ભાત મેલીએ પણ સાથ ન મેલીએ
- ઘરનાં લોકો ઘંટી ચાટે... પાડોશીને આટો
- કાગડો દહીંઘરું લઇ ગયો.
- જીભને ભાવતું ભાણું.. વૈદુ દવામાં પીરમાણું.
- વખાણેલી ખીચડી દાઢે વળગી.
- બકરી આદુ ખાતાં શીખી ગઇ.
- સાવ સીધો જલેબી જેવો
- ચણાનાં ઝાડ પર ચડવવું
- મોઢામાં મગ ભરી રાખવા
- સીધી આંગળીએ ઘી ન નીકળે
- હળદરનાં કાંકડે ગાંધી ન થવાય
- ઘી ઢોળાશે તો ખીચડીમાં જ
- તેલ જુઓ ને તેલની ધાર જુઓ
- અઢાર ઘંટીનો આટો ખાધેલ
- અંધારામાં પણ ગોળ ગળ્યું જ લાગે
- પાપડ જેવો પહેલવાન
- શેક્યો પાપડ ભાંગે નહી
- ગોળ વિના સૂનો કંસાર, માં વિના સૂનો સંસાર
- ખીર જી રખવાળી મિંદળી કે સોંપઇ!

અધધધ..... પાનું ભરાઇ ગયું! આ તો થઇ કટાક્ષ, મ્હેણાં, ખુબીની વાતો માટેની કહેવતો. પણ શું તમે જાણો છો... આપણું રસોડું તો ઔષધનો ભંડાર છે. અથવા એમ કહું તો ખોટું નથી કે ઔષધબાગ છે જ્યાં લગભગ દરેક રોગ માટેનો દેશી ઇલાજ કે જેને આપણે ડોશીમાંનું વૈદુ તરીકે ઓળખીએ છીએ. એવા જ ઔષધબાગ માટેની કહેવતો પણ એટલી જ પ્રચલિત અને સમૃધ્ધ છે કે બે લાઇનમાં ઉપચાર અને અર્થ સમજાવી દે. જેને ગુજરાતી રસોડાની આરોગ્યવર્ધક કહેવતો કહું તો આ... હા... હા...

જેમકે,

- કૂણી કૂણી કાકડી ને ભાદરવાની છાસ,<br>તાવ સંદેશો મોકલે આજ આવું કે કાલ.
- બલિહારી તુજ બાજરી જેનાં લાંબા પાન,<br>પાંખ આવીયું બૂઢા થયા જવાન
- મરડો માઠો રોગ, ઘણી વેદના થાય,<br>હરડે-સાકર ચૂર્ણની પાંચ ફાકીએ જાય.

- આંબલિયામાં ગુણ એક અવગુણ પૂરા વીસ,
  લીંબુમાં અવગુણ એક નહી પણ ગુણ છે પૂરા વીસ.
- લીમડા દાતણ જે કરે નરણે હરડે ખાય,
  દૂધે વાળૂં જે કરે તે ઘરે વૈદ કદી ન જાય.
- મધ સ્વાદે મિષ્ટ પણ ખાવું નહી ઘણું,
  વીસ ગ્રામ બાળકને અને પુખ્તવયનાને બમણું
- મગ કહે હું લીલો દાણો મારા ઉપર ચાંદુ,
  નિત્ય સેવન મારું કર તો માણસ ઉઠાડું માંદુ...

મિત્રો આવી તો અનેક રીતો પણ આપણો શોધીએ તો કહેવતો અને સુવિચારો બનાવી શકાય છે. અહીં તો માત્ર હજી ઝલક આપી છે. શોધીશું એટલે જ તો કંઇક એવું કહેવાનું મન થાય છે કે,

''કંઇ એમ જ આ ગુજરાતી ગરવી નથી
એક માંગો તો સો મળે..
કહેવતો લૂંટો તોય ખૂટતી નથી અને એટલે જ
કહે 'કવન' તોલો ત્રાજવે ભાષાઓને
તો ગુજરાતી ક્યાંય ઘટતી નથી.''
''જય જય ગરવી ગુજરાતી''

## राधा कृष्ण !

ભક્તિ સોની - ભુજ

राधा कृष्ण !
प्रेम, ईश्क, मोहब्बत, का दूसरा नाम।
राधा कृष्ण !
एक ऐसा रिश्ता जो एक ना होकर भी एक हैं।
राधा कृष्ण !
साथ में ही लिया जानेवाला खूबसूरत नाम।
राधा कृष्ण !
दिल से दिल का अटूट रिश्ता।
राधा कृष्ण !
एक दूसरे के बिना अधूरे।
राधा कृष्ण !
यह समझाने वाला संबंध, प्रेम ही मिलन हैं।

## સમાજનું ગૌરવ - કંસારા ચિંતન મુકેશભાઇ



કંસારા લક્ષ્મીચંદ વલ્લભદાસ - તળાજા પરિવારના મુકેશભાઇ લાલદાસના પુત્ર ચિંતને UPSC સિવિલ સર્વિસની પરીક્ષા પાસ કરી કુંટુંબ અને સમાજના ગૌરવમાં વધારો કર્યો છે.

ચિંતને પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ તળાજામાં મેળવેલ હતું. ઉચ્ચ અભ્યાસ માટે મુકેશભાઇ તથા નયનાબેન (માતા) અમદાવાદ આવવાનો નિર્ણય લીધો હતો. ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સાયન્સમાં કરી ચિંતને નિરમા યુનિવર્સિટી અમદાવાદથી એન્જીનીયરીંગની સ્નાતક ડીગ્રી પ્રાપ્ત કરેલ હતી. ત્યારબાદ MBA કરવાનું પસંદ કરી પોસ્ટ ગ્રેજ્યુએટ ડીગ્રી દેશની અગ્રતમ મેનેજમેન્ટ કોલેજ IIM – Ahmedabad થી પ્રાપ્ત કરેલ છે. UPSC ક્લીયકર કર્યા પહેલા તેમણે પાંચ વર્ષ કોર્પોરેટ સેક્ટર YES Bank હેડ ઓફિસમાં સ્ટ્રેજી અને ફાઇનાન્સ ડીપાર્ટમેન્ટમાં અનુભવ લીધો. અભ્યાસ અને કોર્પોરેટ સમયગાળા દરમિયાન તેમણે Current Affarir અને રાષ્ટ્રીય વહીવટી ક્ષેત્રમાં ખૂબજ રૂચિ હતી. જેને કારકીર્દી રૂપે યથાર્થ કરવા UPSC એકઝામ આપવાનો નિર્ણય કરેલ. એક વર્ષની શિસ્તબંધ્ધ Self Study થી જ તૈયારી કરી પરિણામ સ્વરૂપે UPSC સિવિલ સર્વિસીઝ ૨૦૨૨ને ક્લીયર કરી પોતાના ઉજ્જવળ અભ્યાસ અને કારકીર્દીની સિધ્ધિમાં વધારો કર્યો છે. સિવિલ સર્વિસ એ મેનેજમેન્ટ ડીગ્રી અને કૌશલ્યોને અમલમાં મુકવાની એક સુંદર તક છે. તેવું માનતા તેમનું લક્ષ્ય રાષ્ટ્રની પ્રગતિના પાયામાં હિસ્સેદાર બનવાનું છે. સાથો સાથ તેમના નાના ભાઇ જયએ પણ આ વર્ષે MBA (IMT – Hyderabad) પૂર્ણ કરી SBI General Insurance માં કરીયરની શરૂઆત કરી છે. યશસ્વી અને ઉજ્જવળ કારકીર્દી માટે સમગ્ર લક્ષ્મીચંદ વલ્લભદાસ પરિવારને ખૂબ ખૂબ શુભેચ્છાઓ તેમના ઉમદા ભવિષ્ય માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ... જ્ઞાતિસેતુ પરિવાર તરફથી ચિંતનને હાર્દિક અભિનંદન.

સરસ જીવીએ
સરળ જીવીએ,
યાદગાર જીવીએ,
ભારોભાર જીવીએ,
ઉચ્ચ ગુણવાન જીવીએ,
મૃત્યુ પછી પણ લોકોના હૈયે જીવીએ.

# સાહિત્ય

## ટૂંકી વાર્તા

કવિતા ભદ્રા સોલંકી 'કવન'

### ઘડિયામાં એક ભૂલ

''વિદ્યાર્થીમિત્રો આજે શાળામાં એક અનોખી અને રોમાંચક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. 'શિક્ષક-વિદ્યાર્થી મૂલ્યાંકન' જેમાં બંને એકબીજાનું મૂલ્યાંકન કરશે. તો જેમને ભાગ લેવાનું હોય તે હાથ ઊંચો કરે, ગુરુજીએ સૂચના આપતા કહ્યું.

''અમારું મૂલ્યાંકન શિક્ષક કરે એ તો સમજાયું પણ અમે એમનું મૂલ્યાંકન કંઇ રીતે કરી શકીએ?'' તીર્થ પ્રશ્ન કર્યો.

''બેટા, તું સ્પર્ધામાં ભાગતો લે પછી મૂલ્યાંકન પણ સમજાઇ જશે.'' ગુરુજીએ તીર્થની ઉત્સુક્તાને શાંત કરતા જવાબ વાળ્યો.

લગભગ ૧૦ વિદ્યાર્થી અને ૧૦ શિક્ષકો કુલ ૨૦ સ્પર્ધકોની ટીમ તૈયાર થઇ. હવે સમય હતો સ્પર્ધાનો! દરેકને ત્રણ કાગળ આપવામાં આવ્યા-સ્પર્ધાના ત્રણ ભાગ માટે

પ્રથમ ભાગ - 'કવિતા લેખન'

બીજો ભાગ - 'કોયડા ઉકેલ'

ત્રીજો ભાગ - 'ઘડિયા લેખન'

દરેક ભાગ માટે અલગ-અલગ સમય મર્યાદા હતી જેમાં ત્રીજા ભાગ માટે 'ઘડિયા' માટે ફક્ત ૧ જ મિનિટનો સમય હતો. લગભગ સવારે ૧૦:૦૦નાં ટકોરે સ્પર્ધા શરૂ થયાનાં ઘંટ બાદ બરાબર ૧૦:૩૦ પૂર્ણ થયાનો ઘંટ વાગ્યો.

હવે તીર્થની ઉત્સુક્તા વધી રહી હતી. મૂલ્યાંકન માટે તીર્થ શાળાનો ૧ થી ૧૦ ધોરણમાનો સૌથી તેજસ્વી છાત્ર, લગભગ દરેક શાળાનાં ક્રિયાકલાપમાં તે અવ્વલ જ રહે. જેટલો તેજસ્વી તેટલો જ નમ્ર, વિવેકી અને વિનયી. શાળાનાં પ્રત્યેક આચાર્યને તેનાં પર ગર્વ અને પ્રત્યેકનો તે પ્રિય છાત્ર. ઉદાસી તો કદી એના ચહેરા પર જોઇ જ નહોતી. પ્રમાણિક પણ એટલો જ પણ સાથે અધીરતા પણ એટલી જ. બસ એ જ અધીરતાનાં કારણે તેનાં અમુક સંબંધો ક્યાંક વણસી રહ્યા હતા.

બસ, એટલે જ અધીરતાથી સ્પર્ધા પૂર્ણ થતાં જ તેણે પ્રશ્ન કર્યા. ''ગુરુજી હવે જલ્દી સમજાવો અમારે મૂલ્યાંકન કરવાનું છે એ કઇ રીતે?''

ગુરુજી ઊભા થયા, તેમણે પ્રત્યેક ૧૦ વિદ્યાર્થી અને ૧૦ શિક્ષકોનાં કાગળ એકઠા કર્યા અને એક શિક્ષક - એક વિદ્યાર્થી વગર નામ જોયે જ આપસમાં વહેંચી દીધા. અને સમજાવ્યું કે ''કંઇ જ નથી, જેમ પરીક્ષામાં તમારા પેપર શિક્ષક ચકાસે અને ભૂલો શોધી ગુણ આપી મૂલ્યાંકન કરે તેમ તમારે પણ એ જ કરવાનું છે પણ હા, અહી થોડીક બાંધ-છોડ આવકાર્ય રહેશે. જેમકે, કેટલીક ભૂલો અવગણી શકાય. પરંતુ કેટલીક અને કઇ ભૂલો અવગણવી એ તમારે નક્કી કરવાનું રહેશે.''

જોગાનુજોગ તીર્થનું પેપર તેનાં સૌથી પ્રિય શિક્ષક પાસે ગયું અને એ જ શિક્ષકનું પેપર તીર્થ પાસે આવ્યું. શિક્ષકે તીર્થનાં ત્રણેય ભાગનાં પેપર જોયાં પ્રથમ બે ભાગમાં માત્રા માત્રાની પણ ભૂલ નહોતી. પરંતુ... ત્રીજા ભાગમાં સમય ઓછો પડતાં ઉતાવળમાં તીર્થે લખેલ '૯'નાં ઘડિયામાં છેલ્લે ૯ X ૧૦ = ૮૦ થઇ ગયું હતું. શિક્ષકે તીર્થ તરફ જોયું આત્મવિશ્વાસ ભરેલ ચહેરો સ્મિત કરી રહ્યો હતો.

બાંધ-છોડ આવકાર્યની છૂટ મુજબ શિક્ષકે વિચાર્યું કે એક નાની રેખા ૮-, ૮૦નાં ૯૦ કરી શકે છે. તેમણે એ અવગણી ૮- નાની રેખા ઉમેરી ૯ X ૧૦ = ૯૦ કરી કાગળ ગુરુજીને આપી દીધા.

હવે તીર્થનો વારો હતો. પોતાના પ્રિય શિક્ષકનું પેપર મળતાં તે આમ પણ ઉત્સાહમાં તો હતો જ તેણે પેપર જેતા અહીં પણ પ્રથમ બે ભાગમાં માત્રા માત્રાની ભૂલ નહોતી અને જોગાનુજોગ શિક્ષકે પણ ત્રીજા ભાગમાં ૯નાં ઘડિયો જ લખેલો અને ભૂલ પણ એ જ હતી. '૯ X ૧૦ = ૮૦' તીર્થે વિચાર્યું શિક્ષક આવી ભૂલ કરી શકે? પછી થયું કે ભૂલ તો ભૂલ છે. ઇમાનદારીથી માર્કસ તો કાપવા જ પડશે. પણ તે અહી બાંધ-છોડ આવકાર્યની વાત ભૂલી ગયો. તેણે ૮૦ માં એક નાની રેખા એક નાની ભૂક '-' ને જ યાદ રાખ્યું. જે જણાવવાની ઉત્સુક્તા તેને વધુ હતી.

સ્પર્ધાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું જેમાં વિદ્યાર્થીઓમાં તીર્થ પ્રથમ ક્રમાંકે હતો જો કે શિક્ષકમાં પણ તેના પ્રિય શિક્ષક જ પ્રથમ ક્રમાંકે હતા.

પરિણામ બાદ તીર્થે વારંવાર શિક્ષકને કહ્યું કે તમારે ઘડિયામાં ૯ X ૧૦ = ૮૦ની ભૂલ હતી. થોડો સમય બાદ શિક્ષકે કહ્યું ''તીર્થ, મારું પેપર તારી પાસેજ આવશે એ મને નહોતી ખબર. પણ મેં જાણીજોઇને ૯ X ૧૦ = ૮૦ કરેલ કેમકે મારે અમુક વાતો વિદ્યાર્થીને સમજાવવાની હતી કે,

- એક તો વિદ્યાર્થી કેટલું અને કેવું મૂલ્યાંકન કરે છે?
- કેટલું અવગણી શકે છે?
- અને કેટલી પ્રમાણિકતા છે?

''મને ખાતરી જ હતી કે જે વિદ્યાર્થી પાસે મારું પેપર જશે તે અંતે આવું જ કંઇક મને કહેશે જ અને મારે એ જ ભણાવવું હતું. તીર્થ, મારા ઘડિયામાં છેલ્લે માત્ર એક નાની રેખાની ભૂલ હતી પણ તને ફક્ત એ ભૂલ જ યાદ રહી. અને તું સદંતર એ જ વાત કરે છે પણ આગળનાં પ્રથમ બે ભાગ વિશે તે કંઇ જ મંતવ્ય રજૂ ન કર્યા કે જે પૂરેપૂરા સાચા હતા! મારી એક ભૂલે મારા આગળનાં પ્રથમ બે ભાગનું સ્મરણ જ ભૂંસી નાખ્યું ખરું ને?''

થોડીવાર બધા શાંત રહ્યા ચૂપકી છવાઇ ગઇ પછી થોડીવાર બાદ શિક્ષક તરફ જોઇ કંઇક યાદ આવતાં તરત જ તીર્થ ઊભો થયો. અને કહ્યું ''ગુરુજી મને પૂરા ગુણ મળ્યા છે. પણ જ્યાં સુધી મને ખાતરી છે મારી પણ ઘડિયામાં ૯ X ૧૦ = ૮૦ જ હતું તો મને પૂરા ગુણ કઇ રીતે?''

તીર્થની પ્રમાણિકતાને પ્રશંસતા ગુરુજીએ કહ્યું, ''તીર્થ તારું પેપર તારા પ્રિય શિક્ષક પાસે જ આવેલું અને આનો ઉત્તર તું એમની પાસેથી જ મેળવ.''

તેના શિક્ષકે કહ્યું ''તીર્થ, તું સાચો છો, તારું પેપર જો હવે તારા ઘડિયામાં શું દેખાય છે?''

તીર્થ જોયું તો ૯ X ૧૦ = ૮૦ નાં બદલે ૯ X ૧૦ = ૯૦ દેખાયા. તેનું વિસ્મયજનક ચહેરો જોઇ શિક્ષકે કહ્યું, ''આ સ્પર્ધાનો આયોજન જ આ પાઠ ભણાવવાનો હતો. થોડા કેટલાક સમયથી સમાજમાં, પરિવામાં આવી જ ભૂલોનાં કિસ્સાથી સંબંધોમાં તિરાડો વધી રહી છે. આપણા જીવનમાં પણ આ ૮ અને ૯ની નાની રેખા જેવી ભૂલ બહુ જ મોટો ફેરફાર લાવે છે. આપણા આત્મીય જનની એક નાની ભૂલને લીધે તેણે કરેલ ત્યાગ, બલિદાન અને પ્રેમ પર આપણે ભૂલનો ઢોળ ચડાવી તેમને તરછોડી દઇએ છીએ અથવા નકારીએ છીએ.

મિત્રો, ઇમાનદારી-પ્રમાણિકતા એ ભણતરમાં અત્યંત જરૂરી છે પણ સંબંધોમાં આ પુલને ટકાવી રાખવા કે જે લાગણી અને વિશ્વાસ પર બંધાયેલો છે. આવી નાની ભૂલને લીધે તોડી દેવું હિતાવહ નથી. અહીં આપણે એ બાંધ-છોડ આવકારવી અનિવાર્ય થાય છે. જેને કારણે એ નાની કે એકવારની ભૂલને ભૂલી આત્મીયજન તરફ એ જ પ્રેમ, વિશ્વાસ વરસાવવું જરૂરી બને છે. ન કે સહંતર તે ભૂલોને વાગોળવું.

તેમણે જીવનભરમાં તમને આપેક સાથ, સમય અને લાગણીને એક ભૂલનાં ત્રાજવે તોલી નાનું બતાવવું શક્ય જ નથી. અને જો એ ભૂલ અજાણતાં થઇ છે તો તે સજાને પાત્ર ન જ હોવી એકવાર ટકોર ચોક્કસ કરી શકાય પણ મારો દાવો છે કે તે આત્મીયજન પોનાની ભૂલની જાણ થતાં સો ટકા પસ્તાવામાં હોય જ...... અને ફરી કદી એ તમને એ દુઃખ ન આપે. મિત્રો આ જે સંબંધોનું આ જ નૈતિક મૂલ્ય સમજાવવા અમે આ સ્પર્ધાનું આયોજન કરેલું હું આશા રાખું કે અમારું આ આયોજન તમને તમારા જીવનમાં સ્વજનોની ભૂલોમાં બાંધ-છોડ આવકારવા સહાયકારક બની રહે.

તીર્થ પણ પોતાના કોઇક સંબંધમાં આવી જ ભૂલને સાથે લઇ ચાલી રહ્યો હતો. તેનુ. સ્મરણ થઇ આવતાં તે ભાવુક થઇ ગયો. અને શિક્ષકનાં ચરન સ્પર્શ કરી જીવન-સંબંધ માટેનો એક પાઠ હૃદયમાં ધરી ઘર ભણી ચાલતો થયો કોઇક ગૂઢ વિચારો સાથે. શું તીર્થ પોતાના એ આત્મીયજનની ભૂલને અવગણી ફરી પ્રેમ વરસાવવા પાછો વળશે...?

## જૈમિનિ કલ્પેશભાઇ સોની



| | |
|---|---|
| ગામ | : મમાયમોરા |
| તાલુકો | : માંડવી |
| જિલ્લો | : કચ્છ |
| ધોરણ | : ૧૨ આર્ટસ |
| ટકા | : ૯૨.૨૯ % |
| પર્સન્ટાઇલ રેન્ક | : ૯૯.૮૮ |
| ગ્રેડ | : A1 |

## સોની આર્મી જગદીશભાઇ



| | |
|---|---|
| ગામ | : મમાયમોરા |
| તાલુકો | : માંડવી |
| જિલ્લો | : કચ્છ |
| ધોરણ | : ૧૨ આર્ટસ |
| ટકા | : ૮૮ % |
| પર્સન્ટાઇલ રેન્ક | : ૯૯.૨૨ |
| ગ્રેડ | : A2 |

**જ્ઞાતિસેતુ પરિવાર તરફથી હાર્દિક અભિનંદન**

**અનુસંધાન પાના નં.: ૨૫**

તો હજુ સુધી સપના ક્યાંથી પેદા થાય છે. તેનું રીયલ સાયન્સ શું છે. તે આપણા જીવન જોડે શું સંબંધ ધરાવે છે. તે ચોક્કસપણે કોઇ પણ વૈજ્ઞાનિક કહી શક્યા નથી. મોટાભાગે સપના માણસને હેરાન કરતા નથી. સપના આવવા તે હેલ્થની નિશાની છે. પરંતુ વધુ પડતા ખરાબ સપના આવતા હોય જેના કારણે તમને ચિંતા પેદા થતી હોય તો તેની સારવાર કરવી જોઇએ.

આશા રાખું છું કે આ લેખ તમને પસંદ આવ્યો હશે. પસંદ આવ્યો હોય તો વધુને વધુ લોકોને ફોરવર્ડ કરીને આ લોક કલ્યાણના કાર્યમાં આપ પણ સહભાગી થાઓ તેવી શુભકામના સાથે આપણો શુભચિંતક ડોક્ટર ચીમનભાઈ પટેલ.

## એકલો છું પણ અટૂલો નથી

અજ્ઞાત

ભારતિય પરિવારની 'વડિલ વત્સલ' પરંપરા દર્શાવતી એક વયોવૃધ્ધ વડિલની અત્રે પ્રસ્તુત નોંધ, વિચાર પ્રેરક છે. તંત્રી

''બે વર્ષ પહેલાં મારી પત્નિનું અવસાન થયું. ત્યારથી હું એકલો હોવાનો અહેસાસ કરું છું. હાલે મારી વય ૯૦ વર્ષની નજીક છે. અવસ્થાને લીધે અનેક શારીરિક તકલીફો છે. મારા ચાર પુત્રો છે. સૌથી મોટો પુત્ર દૂરના શહેરમાં વસે છે. અન્ય ત્રણે પુત્રો, એમના પરિવાર સાથે અહિં જોડાજોડ રહે છે. હું મારા ત્રીજા નંબરના પુત્ર સાથે રહું છું. એસી સહિતની બીજી સગવડો સાથે મારો રૂમ અલાયદો છે. એની લગોલગ મારા પુત્રાનો રૂમ છે. વેલા-કવેળાં જરૂર પડે એ તત્કાલ આવી જાય છે.

સવારે છ વાગે એ મારા માટે ગરમ પાણી આદિ લાવે છે. મારો બીજા નંબરનો પુત્ર ચ્હા લાવે છે. મારી પથારી, દવાઓ, કપડાં, સ્નાનાદીની વ્યવસ્થા સંભાળે છે. નવ વાગે હું મારા ત્રીજા નંબરના પુત્ર સાથે નાસ્તો લઉં છું. સાડા-નવ વાગે બન્ને ભાઇ ઓફિસ જતાં મને મળતા જાય છે.


સાડા અગિયાર વાગે મારી પુત્રવધુ (નં. ૩) મારા માટે લીંબુપાણી/ફળ આદિ આપે છે. મારા રોજીંદા ભોજનમાં મરચું ન હોય તેમજ તેલ-નિમક ઓછાં હોય તેની કાળજી રાખે છે. મારી ચોથા નંબરની પુત્રાવધુ બપોરે, સાંજે રસોઇ આદિમાં એની મદદ કરે છે. બે વાગે હું મારા ચોથા નંબરના પુત્ર સાથે લંચ લઉં છું. ત્યારે મારી બીજા નંબરની પુત્રાવધુ શાળાની ફરજ પુરી કરી ઘેર આવે કે, તરતજ મારી પૂછા કરે છે. એની સ્કુલ લાઇબ્રેરીમાંથી અવારનવાર પુસ્તકો લાવે છે. પાંચ વાગે મારી ત્રીજા નંબરની પુત્રાવધુ મને ચ્હા-નાસ્તો આપે છે. સાંજે સાત વાગે મારો ત્રીજા નંબરનો પુત્ર ઘેર આવે ત્યારથી મારી પાસેજ રહે છે. રાત્રે ૯:૩૦ વાગે અમે હું અને મારા ત્રીજા અને ચોથા નંબરના પુત્ર સાથે ભોજન લઇએ છીએ. એ વખતે, મારો બીજા નંબરનો પુત્ર પણ આવે છે. મારી પથારી, દવા આદિ ઉપરાંત અન્ય આવશ્યકતાઓની સંભાળ લે છે. મારી કાયમી શારીરિક સમસ્યાઓને લીધે મને અવાર-નવાર હોસ્પીટલ લઇ જવા ત્રાણમાંથી ગમે તે બે ભાઇ સાથે જ રહે છે.

મારો જ્યેષ્ઠ પુત્ર, નાની પુત્રી અને મારા નાનો ભાઇ તેમજ બીજા નાના નાના ભાઇ બહેનોના પરિવારો અને ધનિષ્ઠ મિત્રો દૂર રહેવા છતાં ફોન દ્વારા સતત મારો સંપર્ક જાળવે છે.

આમ ઈશ્વરની કૃપાથી મારા 'સ્વજનો' નો સથવારો મારો એકાકીપણાનો અહેસાસ હળવો કરે છે. શેષ જીવન 'સહજ' રહે છે.

## સંયુક્ત પરિવાર ભાવના હવે સમયની માંગ

મહેશ સોની - નખત્રાણા



આપણે હાલમાં જોતા જ આવીએ છીએ કે થોડા વર્ષો પહેલા જે સંયુક્ત પરિવારની ભાવના હતી એ ભાવના હવે લુપ્ત થતી જાય છે પરિવારમાં કુટુંબ સંખ્યા મોટી હો છતાં પણ ખૂબ હસી ખુશીથી ર અને સુખ દુઃખમાં એક બીજા ઊભો રહેતો એ પરિવારનું જે થોડા દાયકા પહેલા હતું એ માનસપટ્ટ પર હજી અંકિત છે. જે હલની પેઢીને કદાચ ખ્યાલ પણ નહિ હોય પરંતુ હાલનું ચિત્ર તદન એનાથી વિરોધા ભાસી છે.

હાલ કુટુંબો તદન નાના થતાં જાય છે. પોતાના એક બાળક સાથે રહેતો પરિવાર પોતાને સુખી માનવા લાગ્યો છે. થોડા દાયકા પહેલા પરિવારમાં દસ પંદર કે એનાથી પણ વધુ સંખ્યા જોવા મળતી જે આજના સમયમાં કદાચ ભાગ્યેજ જોવા મળી રહી છે. આનું કારણ કુટુંબ નાનું હોય તો કામ પણ કદાચ ઓછું કરવું પડે એ અથવા બીજા ઘણા બધા કારણો હોઇ શકે. આજ કાલ માવીત્ર પણ નાના કુટુંબમાં દીકરી જાય એવું ઈચ્છતા હોય છે. વળી છોકરી પણ એ શરતે ત્યાં જાય જે લગ્ન બાદ અલગ રહેવું એવી શરત પણ ક્યારેક કરાતી હોય છે. આમ લગ્નના થોડા સમયમાં અલગ રહેતા કુટુંબ ભાવના પર વિપરીત અસર પડે છે જે લાંબા ગાળે કુટુંબ વ્યવસ્થાને નુકશાન પહોંચાડે છે. હાલની નવી પેઢીને સ્વતંત્ર રહેવું ગમે છે. કોઈની દાખલ બાજી કે કોઈની સલાહ લેવી ગમતી નથી. જુના જમાનામાં જ્યારે સયુંકત કુટુંબમાં રહેતા તો એકતા જળવાઈ રહેતી. કોઈ પણ મુશ્કેલીનો સામનો આસાનીથી થઈ શકતો. પરંતુ હવે ભાઈ ભાઈ પણ એકબીજાથી દુર થતા જાય છે તો એમને કોઈ આપતીનો સામનો કરવો મુશ્કેલ થઈ જાય છે. સાસુ વહુ વચ્ચે પણ અલગ રહેવાને લીધે જે એક બીજા પ્રત્યે ભાવના હોવી એમાં પણ અંતર વધતું જાય છે.

આજે એવી પરિસ્થિતિ પણ જોવા મળી રહી છે કે નાના બાળકોને જે દાદા દાદીની વાત્સલ્ય ભરી જે હૂંફ મળતી એ પણ છીનવાઈ જતી હોય છે. આવા તો ઘણા બધા કારણો છે કે જેમાં એકંદરે પરિવાર તેમજ સમાજને જ નુકશાન છે. જોકે આ પ્રશ્ન દરેક સમાજને લાગુ પડે જ છે. સંયુક્ત પરિવારમાં રહેતા હોય એવા કિસ્સા હજુ ક્યાંક જોવા મળી રહ્યા છે. પણ એવા ભાગ્યેજ હોય છે.

આજના ભાગદોડ ભર્યા જીવનમાં જો સયુંકત પરિવાર ભાવના અત્યારથી કેળવાય તો ભાવિ પેઢી કદાચ એમાંથી કંઇક શીખી શકશે. જે હાલના સમયની માંગ છે. આપણે જ આ વિશે થોડું વિચારવાની જરૂર ખરી.

## ધારા રવજીભાઇ બારમેડા

ધારા રવજીભાઇ બારમેડા

જ્ઞાતિસેતુના વાચકમિત્રોને જણાવવાનું કે રવાપરના દીકરી ધારા રવજીભાઇ બારમેડા (માતાઃ જશોદાબેન) કે જેઓ M.Com., M.Ed. (Gold Medalist) NET, SET જેવી ભારેભરખમ શૈક્ષણીક પદવીઓની સાથેસાથે ધારદાર કલમની કળા પણ ધરાવે છે. તેમના લેખ અવારનવાર વર્તમાન પત્ર દ્વારા પ્રસિધ્ધ થાય છે. આ ઉપરાંત જ્ઞાતિસેતુના માધ્યમ દ્વારા આપણે સૌ તેમની કવિતા અને વાર્તાનું પણ વાંચન કરતા આવ્યા છીએ. અત્રે એ જણાવવાનું છે કે, ધારાબેન પોતાની કોલમ 'લઘુકથાની ધારા' હેઠળ આવતા દરેલ અંકમાં સ્વલિખીત લઘુકથાનું રસપાન કરાવશે. માતા સરસ્વતી સદાય તેમની કલમને સક્રિય રાખે અને આપણે સૌ આવતા અનેકોનંક સુધી તેમની લઘુકથાને માણીએ એવી અભ્યર્થના. લઘુકથાની ધારા કોલમ હેઠળની પ્રથમ લઘુકથા 'મારો કાનુડો'થી શરૂઆત કરતા જ્ઞાતિસેતુ હર્ષ અને ગર્વની લાગણી અનુભવે છે.

## લઘુકથા - મારો કાનુડો

ધારા રવજીભાઇ બારમેડા

''મમ્મી, તે મારું નામ કાનુડો કેમ ન રાખ્યું??'' ભોળાભાવે છ વર્ષના રાઘવે પુછ્યું.

''કેમ બેટા, તને રાઘવ નામ પસંદ નથી..?'' રાઘવને ગોદમાં પ્રમપૂર્વક બેસાડતા કમળાબેન આગળ બોલ્યા. ''અને જો પસંદ ન હોય તો આમેય તું તો મારો કાનુડો જ છે ને..!'' રાઘવની પ્રમપૂર્વક પીઠ પસવારતા અને ગાલ પર ચુંબન કરતા કમળાબેન ફરી બોલ્યા, ''મારો કાનુડો! બસ, હવે તો તું ખુશ ને..?''

''હા મમ્મી!'' ઉત્સાહમાં રાઘવ બોલ્યો. ''તો, તો હવે મને પણ જ્યાં તું કામ કરવા જાય છે ત્યાંના આંટી જેમ રોજ સવારે કાનુડાને ઘણી બધી મીઠાઇઓ ધરાવે છે એ હવે મને આપશે ને..?'' આ સાંભળીને ગદગદ થયેલા કમળાબેને તરત જ રાઘવને બાયમાં લીધો અને અશ્રુભરી નજરે સામે દિવાલ પર લટકતી કાનુડાની છબીને જોઇ રહ્યા.

## સમાજના ઈતિહાસ અને પરંપરાને વાચા આપતું દસ્તાવેજી પુસ્તક

પ્રિય વાંચક મિત્રો,

અમોને જણાવતા આનંદ થાય છે કે આપણા સમાજના ઈતિહાસ અને પરંપરાને વાચા આપતું દસ્તાવેજી પુસ્તક તૈયાર થઈ ગયેલ છે. જેમાં રાજસ્થાનથી સ્થળાંત્તરથી લઈને આપણા સમાજની અલગ અલગ નુખો / અટકો અને તેમાં આવતા કેટલાક પરિવારો વિશે વિસ્તારથી જણાવવામાં આવેલ છે. તદુપરાંત આપણા સમાજમાં થઈ ગયેલ વિવિધ ક્ષેત્રાની વિશેષ વ્યક્તિઓની પ્રવૃત્તિઓને પણ ઉજાગર કરવામાં આવેલ છે. આમ ત્રાણ વિભાગોમાં શબ્દાંકિત થયેલ આ પુસ્તક આપણા સમાજના દરેક ઘરમાં હોવાથી ઉત્તરોત્તર પેઢીઓને પોતાના વડવાઓ તેમજ સમાજના તાણાવાણા બાબતમાં માહિતગાર કરતું રહેશે.

આથી આપને વિનંતી કે આ ભેટ આપવા લાયક પુસ્તકની જોઈતી નકલો આપ તુરતજ નીચેના સરનામે નોંધાવી લેશો. આપ જો આપણા કોઈ પણ શહેર કે ગામના જ્ઞાતિ મંડળ, મહિલા મંડળ, યુવક મંડળ કે અન્ય કોઈ પણ મંડળના હોદેદાર હોવ, તો આપના મંડળના સભ્યો માટે, સભ્યદીઠ જોઈતી નકલોની નોંધ લઈ ને કુલ જોઈતી નકલો બુક કરાવી લેશો.

આ ''કચ્છમાં આપણા પરિવારો, સ્થળાંત્તર અને વસવાટ'' નામનું પુસ્તક અંદાજીત ૩૫૦ પેજીસમાં પ્રિન્ટ થશે અને તેની કિંમત ૩૫૦=૦૦ રૂપિયા નિર્ધારીત કરવામાં આવેલ છે.

આપના સહકારની અપેક્ષા સાથે.

એકાઉન્ટની વિગતઃ

9601275078m@pnb

અમદાવાદ જ્ઞાતિમંડળમાં રકમ જમા કરાવવા ઉપરોક્ત QR કોડ સ્કેન કરવા વિનંતી.

**Account Name** : Shri Kutchi Maru Kansara Soni Gnyati Mandal - Ahmedabad
**Bank** : Punjab National Bank
**Account No.** : 5194000100003759
**IFS Code** : PUNB0220410

આપનાજ,
મનુભાઈ કોટડીયા, અતુલ સોની,
ચેરમન / તંત્રી,
''જ્ઞાતિ સેતુ'' અમદાવાદ.

**ડૉ શૈલેશ એચ. બારમેડા**
M.S. F.M.A.S.

## બારમેડા સર્જીકલ હોસ્પિટલ

(જનરલ સર્જરી, લેપ્રોસ્કાપી, એન્ડોસ્કોપી તથા કોલોનોસ્કોપી
www.barmedasurgery.com | Email: dr.shabarmeda@rediffmail.com
હિરાપન્ના કોમ્પ્લેક્ષ, પાંચમો માળ, બસ સ્ટેશન રોડ, જૂનાગઢ-૩૬૨૦૦૧
ફોનઃ ૦૨૮૫-૨૬૩૧૨૧૩, મોબાઈલ ૯૮૨૪૫૦૧૧૪૦

---

સોની નરેશ દામજીભાઈ

## પાર્થ જ્વેલર્સ

સોના-ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર



સુભાષ પોળ, સ્ટેશન રોડ, ખેડબ્રહ્મા, (સા.કાં.)
ફોન : (ઓ)૨૨૦ ૫૯૯ (રહે) ૨૨૦૧૨૯ • મો. ૯૪૨૭૬ ૯૬૧૭૬

---

Pinack. S. Halaie
99225 79995

Vipul. S. Halaie
94221 02427

**Macken Jeweller's**
**Macken Gift**
**Vipul Wooden Art.**
(Govt. Contractor)

Abhyankar Road sitabuldi Nagpur

---

જગદીશભાઈ કંસારા
૯૮૨૫૪ ૬૧૯૨૦

મધુકાંતભાઈ કંસારા
૯૮૨૫૯ ૭૯૬૫૦



## આશા મોલ્ડીંગ વર્કસ્

શુદ્ધ કાંસાના બી.એમ.કે. માર્કાનાં મંજીરા, ઝાંઝ, જાલર તથા ઘંટ બનાવનાર
મચ્છી પીઠ, અંજાર - કચ્છ | ફોનઃ ૨૪૩૪૫૯

---

Sureshbhai Soni
94269 15921



Amit Soni
90337 57701

## M/s Soni Parshottam Lakhamshi & Co.

(BABUBHAI MANFARAWALA)

**Suresh & Co.**

Manufacturers & Dealers of Gold and Silver Ornaments

Ganga Bazar. Anjar, (Kachchh) 370 110
Tel : +91 2836 243342


---

Prakashbhai Soni
Nikul Soni

94288 98444
97258 66886

## Narmada JEWELLERS

*Manufacturer of Gold & Silver Ornaments*



916

Shivaji road,
Nr. Custom chawk
circle, Anjar.

---

Kiranbhai Soni
Deven Soni

94269 21470
98253 74977

## Soni Kiran Kanjibhai

Manufacturer & Dealers of Gold & Silver Ornaments



916

Shivaji Road, Modh Faliya, Nr. Dr. Sorathiya,
Anjar - Kutch. Ph.: (R) 241070, 653628

---

## GAYATRI JEWELLERS


GOLD & SILVER ORNAMENTS

Shop No. 4,
Plot No. 510, Sector 5,
Opp. Bhavnath Temple,
Gandhidham - Kutch
Ph. : 02836 -236644
Email: gayatrijewellers1988@gmail.com

KISHOR P. SONI
98255 33371

NIKUNJ K. SONI
85114 67588

RNI No. GujGuj/2005/16692/Posted at PSO Ahmedabad.




Printed & Published by : Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at : Madhavi Offset, Kankaria, Ahmedabad- 380 021.
Published at: Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Chanlla Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 20.00